# પ્રેમનો પ્રકાશ

ક્લેમેન્ટ ગાવ



હું તારાં સર્વ કાર્યોનું મનન કરીશ, અને તારાં કૃત્યો વિષે વિચાર કરીશ.

– ગીતશાસ્ત્ર ૭૭ : ૧૨

24BGP2

# પ્રેમનો પ્રકાશ

□

કલેમેન્ટ ડાયર્સા

□

"તારા પ્રકાશમાં અમે પ્રકાશ જોઈશું"

[ ગીતશાસ્ત્ર ૩૬ : ૯ ]

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ
[ ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી ]
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦૦૦૬

પ્રકાશક :
સેક્રેટરી,
ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

*

પ્રેમનો પ્રકાશ

પ્રથમ આવૃત્તિ ] નકલ ૧૦૦૦ [ સપ્ટેમ્બર, ૧૯૮૭

*

મૂલ્ય રૂ. ૪-૦૦

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

*

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ, અમદાવાદ-૩૮૦૦૦૧

# પ્રેમનો પ્રકાશ

## અર્પણ

ગુજરાતની ખ્રિસ્તી મંડળીને આધ્યાત્મિક ભાવથી ભરપૂર ભજનોનો અમૂલ્ય વારસો આપી જનાર મારા દાદા

**સ્વ. રેવ. થોમાભાઈ પાથાભાઈ**

**ને**

**સાદર સમર્પિત**

□

# આવકાર

'ખ્રિસ્તીબંધુ', 'માર્ગસંગિની' વગેરે ખ્રિસ્તી સામયિકોમાં અવારનવાર લખતા આપણા જાણીતા લેખક શ્રી ક્લેમેન્ટ ડાયસના પ્રથમ મૌલિક પુસ્તક 'પ્રેમનો પ્રકાશ'ને આવકારતાં ખૂબ આનંદ થાય છે. નિબંધનું સાહિત્યસ્વરૂપ આમ અત્યંત સરલ લાગે—આપણે બાળપણથી શાળા મહાશાળાઓમાં 'નિબંધો' લખતા આવ્યા હોવાને કારણે?—પણ તે ખરેખર સાચી સાધનાથી જેના ઉપર કાબૂ પ્રાપ્ત કરી શકાય તેવું સાહિત્ય-સ્વરૂપ છે. લાગે છે કે શ્રી ડાયસે પોતાની કલમને ખૂબ ઘૂંટી છે, લખવાનો સારો એવો વ્યાયામ પણ એમણે કર્યો છે, તો જ એમની કલમમાંથી 'પ્રભાતનું સૌંદર્ય', 'પ્રેમભર્યો અવાજ', 'સમય', 'આંખ' અને 'જીવનજળ' જેવાં સુંદર મનનો-ચિંતનો આપણને પ્રાપ્ત થયાં છે.

શ્રી ડાયસ કોઈપણ એક વિષયને અનેક બાજુથી તપાસે છે, એના ઉપર વિચારે છે અને પાણીદાર મૌક્તિકો જેવાં નાનાં નાનાં વાકયોમાં પોતાના વિચારોને ઘૂંટીને રજૂ કરે છે. એમની શૈલીમાં સરળતા ને સચોટતા બંને સાથે સાથે જ જોવા મળે છે.

નિબંધોની સાથે સાથે યહૂદી શિક્ષક લિચેનસ્ટાઈન, મૈસુરના બ્રાહ્મણ યુવક લક્ષ્મણરાવ, અબ્રાહમ લિંકન, જેવાનાં જીવનચરિત્રો પણ સુપેરે આલેખાયાં છે. વાંચવી ગમે એવી રસમય શૈલીમાં આ બધું રચાયું છે.

આ નાનકડા સુંદર પુસ્તક માટે લેખક આપણા અભિનંદનના અધિકારી બને છે.

અમદાવાદ —ભગવતપ્રસાદ ચૌહાણ

તા. ૧૫-૯-૧૯૮૭

# પ્રસ્તાવના

વર્ષો અગાઉ આપણા સામયિક 'ખ્રિસ્તીબંધુ'માં અવારનવાર પ્રકીર્ણ લેખો લખવાનો પ્રારંભ કરેલો. અમુક સમય પછી વધુ પ્રમાણમાં અને નિયમિત રીતે લખવાની પ્રેરણા મને, 'ખ્રિસ્તીબંધુ'ના તે સમયના સાહિત્યપ્રેમી તંત્રી શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન તરફથી પ્રાપ્ત થઈ, અને મનન લખવાનો પ્રયાસ કર્યો. સાથોસાથ, તે જ સમયે આપણા જાણીતા સાહિત્યકાર, પ્રિન્સિપાલશ્રી ભગવતપ્રસાદ આર. ચૌહાણ સાહેબે પણ રસ દાખવીને મને જરૂરી માર્ગદર્શન અને ઉત્તેજન આપ્યાં; અને આ લેખન પ્રવૃત્તિ ત્યારથી આજદિન સુધી ચાલુ રહી શકી, તે માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરું છું.

ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટીની માન. કાર્યવાહક સમિતિએ આ મનનોનો સંગ્રહ પુસ્તિકારૂપે પ્રકાશિત કરવાનો ઠરાવ કર્યો, તે બદલ સમિતિના સર્વ હોદ્દેદારોનો તેમ જ સભ્યોનો આ સ્થળે હાર્દિક આભાર માનું છું.

ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટીની એક પ્રશંસાપાત્ર પ્રણાલિકાનો અત્રે ઉલ્લેખ કરવો અસ્થાને નહિ ગણાય. અને તે સાહિત્યની વિવિધ પ્રકારની કૃતિઓ પસંદ કરીને તેને પારિતોષિક પ્રદાન કરવાની પ્રણાલિકા. આ પ્રથા માટે ટ્રાક્ટ સોસાયટી વિશેષ અભિનંદનને પાત્ર છે. તે દ્વારા ઘણા બધા લેખક-લેખિકાઓને પ્રોત્સાહન મળ્યું છે. મારી અમુક કૃતિઓને પણ આવાં ઇનામો માટે યોગ્ય ગણીને ઉત્તેજન આપ્યુ તે માટે હું સોસાયટીનો ઋણી છું.

માન. કાર્યવાહક સમિતિના નિર્ણય પછી, આ પુસ્તક સુંદર રીતે પ્રકાશિત થાય તે માટે પ્રિન્સિપાલશ્રી ભગવતપ્રસાદ આર. ચૌહાણ સાહેબે ભારે જહેમત ઉઠાવી છે. વધુમાં, તેઓશ્રીએ પોતાના ખાસ નિવેદન દ્વારા મને વધુ પ્રોત્સાહિત કર્યો છે, તેથી તેઓનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ ઉપરાંત, શ્રી. ઈમાનુએલ સી. ક્રિસ્ટીએ, મહેનતપૂર્વક અને કાળજી લઈને આ પુસ્તકનું પ્રુફરીડિંગ કર્યું, અને તેના પ્રકાશન સાથે સંકળાયેલી અન્ય બાબતોમાં પણ કિંમતી સેવા આપી, તે માટે તેઓનો પણ હાર્દિક આભાર માનું છું.

વાચકવૃંદ આ પુસ્તિકાને આવકારશે, એવી આશા રાખું છું. અંતમાં, ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટીની સમગ્ર પ્રવૃત્તિઓને ઈશ્વરપિતા આશીર્વાદિત કરે એ જ અભ્યર્થના સાથે—

એલિસબ્રિજ, અમદાવાદ-૬ —ક્લેમેન્ટ ડાયસ
તા. ૧૫-૯-૧૯૮૭

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| પ્રભાતનું સૌંદર્ય | ૧ |
| મોડો પડેલો પ્રવાસી | ૩ |
| 'જગતમાં જગા નથી' | ૫ |
| રાજા અને રાજ્ય | ૭ |
| ત્રીજો પ્રવાસી | ૯ |
| માત્ર એક જ... | ૧૨ |
| બાજુ પર થઈને | ૧૪ |
| 'ગુનેગાર' ( ! ) નો વિજય | ૧૬ |
| 'જીવન'નું ઘર | ૧૮ |
| નવપ્રવેશ | ૨૧ |
| પ્રેમભર્યો અવાજ | ૨૪ |
| માર્ગદર્શક પ્રકાશ | ૨૭ |
| સમય | ૩૦ |
| સમાલોચના | ૩૨ |
| આકસ્મિક મૃત્યુ | ૩૪ |
| વસંત | ૩૬ |
| "માફીનો ઉત્તર ?" | ૩૯ |
| આંખ | ૪૨ |
| સ્વર્ગનું દ્વાર | ૪૫ |
| 'ઈશ્વર આપણી સાથે' | ૪૮ |
| જીવનજળ | ૫૧ |
| "જીવનની ચિંતા" | ૫૫ |
| હઠાવી દીધેલો પથ્થર | ૫૮ |
| દર્શન | ૬૧ |

| | |
|---|---|
| ગીત–સંગીત | ૬૪ |
| 'સિયોનનો યાત્રી' | ૬૮ |
| 'એક શાંત અને નિર્મળ રાત્રિએ' | ૭૧ |
| પ્રવેશ અને પરિવર્તન | ૭૫ |
| ખ્રિસ્તના રાજ્યનું દર્શન | ૭૮ |
| અંતિમ શબ્દો... | ૮૧ |
| વિશ્વના એક મહાનુભાવનું સ્વાર્પણ | ૮૩ |
| "મોતી"ની મહેક | ૮૫ |
| નવજીવનની ઉષા | ૮૭ |
| આફ્રિકાનો પરમ મિત્ર | ૮૯ |
| ખોવાયેલા પુત્રનું પુનરાગમન | ૯૧ |
| "છેલ્લું ભોજન" (Last Supper) | ૯૪ |
| બરફનું તોફાન | ૯૮ |
| જીમીની નાતાલ | ૧૦૧ |
| શ્રેષ્ઠ પારિતોષિક | ૧૦૪ |
| સંપૂર્ણતા | ૧૦૭ |
| નગરનો અતિથિ | ૧૦૯ |
| મશહૂર મિશનેરી મોફેટ | ૧૧૨ |
| મૂક પ્રાણીની દુઃખ–ગાથા | ૧૧૫ |
| પ્રભુતામાં પગલાં | ૧૧૮ |
| 'મૂક વાચા' | ૧૨૦ |
| ક્રિકેટરનો હૃદયપલટો | ૧૨૨ |
| શ્રદ્ધા–ક્ષમા–મુક્તિ | ૧૨૪ |
| પ્રસ્થાન... | ૧૨૭ |


□

# પ્રભાતનું સૌંદર્ય

સૂર્યોદય પૂર્વેનો રંગીન પ્રકાશ, દિલચસ્પ અને આહ્લાદક હોય છે.

રવિના આગમન સાથે, સુંવાળાં કિરણો ધરતીને મૃદુતાથી સ્પર્શે છે.

તનમનમાં ચેતન પૂરતી શીતળતા, અને
આળસ અને શિથિલતા લાવતી ગ્રીષ્મની ગરમી;
જીવનસૃષ્ટિના આત્મા સમી આ અદ્‌ભુત પ્રકૃતિ
પરમ પિતાની સર્વોત્તમ આશિષ છે.

ઈશ્વર સર્જિત એક 'દિવસ'નું જીવન, મનુષ્યના સમગ્ર જીવનના પલટાતા રંગોનું આદર્શ પ્રતીક છે.

જીવનના સુખ-દુઃખના પલટાતા સંજોગોનો સંદેશ એમાં છુપાયેલો છે.

રાત્રિનો અંધકાર, હારેલા સેનાપતિની જેમ,
દિવસના પાંગરતા પ્રકાશમાં પરાભવ સ્વીકારી વિલીન થાય છે.

પ્રકૃતિનો આ નિત્યક્રમ છે. થનગનાટ ભર્યું પ્રભાત, શાંત અને નીરવ મધ્યાહ્ન, અને વિશ્રાંતિભરી સંધ્યા દિવસભરના આ ત્રણ પ્રહર, મનુષ્યના દૈનિક જીવનનાં પગથીઆં છે.

શક્તિસભર દોડવીર અંતર પૂરું કરતાં થાકે છે.
હલેસાં મારતો નાવિક, નાવ કિનારે આવતાં શ્રમિત બને છે.
ચેતનવંતા તરવૈયાનાં અંગોમાં, લક્ષ્ય સિદ્ધ કરતાં શિથિલતા આવે છે.

પ્રભાતના પ્રકાશનો ઝળહળાટ, સંધ્યાના ઓળા
ઊતરતાં ધીરે ધીરે વિલીન થાય છે.
નવીન વર્ષની આસપાસ ગૂંથાયેલો પ્રારંભના ઉન્માદનો
'નવા દિન'ની વિદાય સાથે ધીરે ધીરે અસ્ત થાય છે.
પરંતુ,
નવા વર્ષનો સૂર્ય, ભલે ઉદય પામીને આથમી જાય.

પણ નવા વર્ષની પ્રભાતનો કોઈ નવો સંકલ્પ, કે નવો નિર્ણય, કે નવી પ્રતિજ્ઞા, પ્રત્યેક દિવસને નવો બનાવીને, જીવનમાં નવી સૃષ્ટિ અને નવા આકાશનું સર્જન કરી શકે છે.

ઈસુના વર્ષની આવી કેટલીયે 'મીણબત્તીઓ' જલીને હોલવાઈ ગઈ.

ઈસુના વર્ષનાં આવાં કેટલાંયે 'પુષ્પો' ખીલીને મુરઝાઈ ગયાં...
એનો સનાતન પ્રકાશ કયાં છે?
એની અનંત સુવાસ કયાં છે?
—અને આજે, ખ્રિસ્ત ઈસુની એંશીમી સાલની પ્રભાતે,
દિવસના, વર્ષના અને જીવનના
કપરા મધ્યાહ્નકાળે અને આથમતી સંધ્યાએ પણ,
નૂતનવર્ષના પ્રાતઃકાળનું એ પ્રકાશિત અને
આધ્યાત્મિક સૌંદર્ય,
પ્રત્યેકના હૃદયને
નવપ્રભાતના આનંદ, ઉમંગ અને હર્ષોલ્લાસથી ભરી દો!!

□

# મોડો પડેલો પ્રવાસી

એ વિસામો શોધતો હતો એને પ્રભુના શબ્દો યાદ આવ્યા: 'હું વિસામો આપીશ. મારી પાસે આવો' અને એણે ઈસુની ખોજ કરવા માંડી.

ખભા પરના ભારે બોજાથી નમી ગયેલો મુસાફર ધીરે ધીરે પંથ કાપી રહ્યો......ઈસુની પાછળ. સમયનું ચક્ર ફરતું રહ્યું.

આજ એ મેડી. રોટલી, દ્રાક્ષારસ-બધું તો છે.

પણ એ ક્યાં? ચાલ્યો ગયો?

મુસાફર આગળ વધ્યો.

કદાચ અહીં જ! વેદના ઠલવાઈ હશે, નહિ તો આ બિન્દુઓ શાનાં? લોહીનાં! પ્રસ્વેદનાં નહિ. પણ એને અહીંથી કોણ લઈ ગયું?

અહીં પણ રક્તની ધારા! તલવારનો ઝટકો?

પ્રવાસી આગળ ચાલ્યો.

મહાલય! એ તો અંદર પ્રવેશ્યો. કોરડા અને કાંટા.

દીવાલો પર લોહીના છાંટા.

ફરસબંધી નિર્દોષ રક્તથી રક્ત......

અને પેલો પ્રભાતનો છડીદાર-એનો પોકાર-પિતરનાં આંસુ-પિલાતનું જળ-બધું જ સમયના સ્રોતમાં વહી ગયું? એ ક્યાં હશે?

વળી ધરતી પર આ લીસોટો શાનો? ક્રોસનો?

કાલવરી પ્રતિ......આ રહ્યો ક્રોસ!

દુઃખ-દરદનો મૂક સાક્ષી. નિર્જીવ અને નિશ્ચેતન. નીચે રુધિર અને પાણી, વાદળી?

તૃષા ન છીપાણી વળી આટલાં બધાં પગલાં ક્રાસથી દૂર કર્યાં જતાં હશે? પ્રવાસી ત્વરાથી ચાલ્યો. દોડયો. પૂર-જોશથી...પણ એ એક શિલા સાથે ભટકાયો. ધરતી પર પછડાયો, બેશુદ્ધ......

સમય વહેતો ચાલ્યો.

મુસાફીર જાગ્યો ત્યારે શિલા ત્યાં ન હતી, પણ દૂર ગબડી ગયેલી. સફરી ત્યાંથી આગળ ધસ્યો. માર્ગમાં કોણ કોણ મળી ગયું? મમતાભરી મરિયમ, એના શિષ્યો-વળી થોમા-વધામણી દીધી. પણ મને એ ન જ મળ્યો. હું મોડો? એ અહીંતહીં ફરતો રહ્યો. શહેર બહાર પહોંચ્યો. ત્યાં શિષ્યમંડળ આકાશ તરફ મીટ માંડી બેઠું હતું. પ્રવાસી ચૂપચાપ ત્યાં બેસી ગયો, પરિસ્થિતિ પામી ગયો.

અજાણ્યો દર્શનાભિલાષી!

ગગનપ્રતિ મંડાયેલી સ્થિર દૃષ્ટિમાં દઢતા આવી. વચનો સાંભરી આવ્યાં, આત્મસંતોષથી એણે આંખો બંધ કરી. હૃદયનો ગુંજારવ-એ તો હતો, આજેય છે અને કાલે પણ હશે-સદાય એવો જ!

આત્મશ્રદ્ધાનાં પુષ્પો ખીલી ઊઠયાં.

કાંધ પરનો બોજો ધરતી પર સરી પડયો.

□

# 'જગતમાં જગા નથી'

સૃષ્ટિના સર્જનયુગનું પ્રભાત થયું ત્યારે પૃથ્વી 'ખાલી' હતી.
ક્રમે ક્રમે સંસ્કૃતિનો ઉદય થયો. સદીઓ વહી ગઈ.
અર્વાચીન વિશ્વમાં માનવીને ખાલી જગા શોધવી પડી.
ઉભરાતું જગત : દુન્યવી પુરુષ ભમતો હતો.
અહીં જગા નથી. ત્યાં જગા નથી.
ઉપર નથી, નીચે પણ નથી, ક્યાંયે નથી.
માનવોના મેળા, ટોળાં, ગીરદી; ભીડ જાણે માનવ સાગર.
અર્વાચીન યાંત્રિક યુગની વણથંભી કૂચ...
યાંત્રિક વાહનો, આવાસો, ગૃહો, આનંદધામો,

વિશ્રામ સ્થાનો...બધું ભરચક. બસ, જગા નથી. જગા પામવા માનવી દોડતો રહ્યો.

'એડમિશન'...રીઝર્વેશન...બુકીંગ...બધું બંધ. આધુનિક સંસ્કૃતિના મધ્યાહ્નનો તાપ હવે એને લાગવા માંડયો.

એણે છાંયડો શોધ્યો. સંધ્યાના ઓળા પથરાયા. પરેશાન માનવી એક મકાનની દીવાલનો આશરો લઈ ઊભો રહી ગયો. અંધકાર જામતો હતો.

મકાનની ટોચ ઉપરથી એક પંખી પાંખો ફફડાવતું માળા તરફ ઊડી ગયું. તેની દૃષ્ટિ ઉપર ગઈ. ઉપર ક્રોસ હતો. ઘંટ હતો. આ તો મંદિર!

એ અંદર પ્રવેશ્યો. આહ! અહીં જગા છે. ખાલી જગા ઉપર બેસી ગયો. સાંજની 'સર્વિસ'. ધર્મગુરૂનાં વચનો શ્રવણપટ પર આવી અથડાયાં :

"તેઓને માટે ધર્મશાળામાં જગા નહોતી."

પશુ પંખીઓને રહેઠાણો છે, પણ મનુષ્યપુત્રને પોતાનું શિર મૂકવાનું સ્થાન નથી. છતાં તેણે તો કહ્યું :

હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું. વચનોની સત્યતામાં માનવી ખોવાઈ ગયો. ભરચક પૃથ્વી પર એને ખાલી જગા મળી. ખાલી જગા હતી, પણ ત્યાં માત્ર શૂન્યતા ન હતી. ત્યાંથી જ એને અલૌકિક 'જગા' નાં દર્શન થયાં.

□

# રાજા અને રાજ્ય

સૃષ્ટિનું સર્જનકાર્ય ઈશ્વરપિતાએ સંપૂર્ણ કર્યું હતું.

હવા, જળ, પ્રકાશ અને લહેરાતો સમીર,

ઉષ્ણતા, શીતળતા—આ સર્વ, પિતાનો આશીર્વાદ પામીને સૃષ્ટિ વિકાસનાં પોષક બની રહ્યાં હતાં...

પૃથ્વીને સર્જનહારે સ્વર્ગસમી બનાવી હતી.

પણ સર્જકના સર્વશ્રેષ્ઠ કૃતિસમા માનવીનો પગ અચાનક લપસ્યો.

પેલા નિષેધિત—વૃક્ષફળની મીઠાશ ચાખીને એણે વિનાશ નોતર્યો. આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર માનવીને પોતાની જાતનું ભાન થયું.

પવિત્ર પ્રભુએ તેને શિક્ષા કરીને એદન બાગરૂપી સ્વર્ગમાંથી દૂર ધકેલી દીધો. અને

અંધકારનો ઉદય થયો-પ્રકાશનો અસ્ત થયો.

પૃથ્વી ઉપર પાપયુગનાં મંડાણ થઈ ચૂક્યાં.

—અંતે, સ્વર્ગસમી પૃથ્વીના સરજનહારે, એક નેક આદમીને પસંદ કરીને, તેને પરિવાર સાથે રક્ષીને, પૃથ્વીને જળબંબાકાર બનાવી દીધી અને સર્વનાશ સર્જ્યો...

પણ સર્જનહારને સદાચારની સુગંધ આવી.

તેને થયું, કે માનવમાત્રની કલ્પના તેની શિશુકાળથી જ અપવિત્ર છે—અને તેણે સંહારનું શસ્ત્ર મ્યાન કર્યું.

*　　*　　*

ફરીથી પૃથ્વી ઉપર પાપનું સામ્રાજ્ય જામી ગયું.

પિતાએ ફરી દૃષ્ટિ કરી પણ કઠોર નહિ. અમીદૃષ્ટિ.

પુનઃ પ્રલય ? ના. પ્રેમ.

અને પાપી પૃથ્વીને પાપના પરિતાપમાંથી મુક્ત કરવા પ્રેમાળ પિતાએ પોતાના વહાલસોયા પુત્રને જ પૃથ્વી પર મોકલી દીધો.

પાપનું સામ્રાજ્ય નષ્ટ કરવા. યહૂદાહના બેથલેહેમની એક મેલીઘેલી ગભાણમાં રાજાનું આગમન થયું, રાજાના જન્મની વધામણી દેવાઈ, અને એંધાણી અપાઈ.

આ નિહાળીને પૂર્વના જ્યોતિર્વિદોએ પ્રશ્ન કર્યો કે

"જે રાજાનો જન્મ થયો છે, તે ક્યાં છે?"

* * *

રાજાની જન્મ જયંતીનું એ મહાપર્વ તાજેતરમાં જગતે ઊજવી લીધું.

મહા આનંદનો અવસર !

વિશ્વ જયનાદોથી ગાજી ઊઠયું.

જગત રોશનીથી ઝળહળી ઊઠયું.

દેવળોમાં ઘંટારવ ગૂંજી રહ્યા હતા...

ગીતો અને વાજિંત્રોના સૂરોથી ગગન ભરાઈ ગયું હતું.

જગતનાં નરનારીઓએ એકમેકને અભિનંદ્યાં હતાં...

શું પૂર્વના જ્યોતિર્વિદોની જેમ કોઈએ એમ પૂછેલું.

કે "જે રાજાનો જન્મ થયો છે, તે ક્યાં છે?"

અર્વાચીન જગતના જિજ્ઞાસુઓના હૃદયમાં કદાચ એ પ્રશ્ન ઉદ્‌ભવ્યો હશે, કે

'હજારો વર્ષ પૂર્વે બેથલેહેમમાં જે રાજા જન્મ્યો હતો, તેનું રાજ્ય ક્યાં છે?'

□

# ત્રીજો પ્રવાસી

નવીનને એક મિત્ર હતો. બંને સાથે મજલ કાપતા હતા–ભાઈબંધીની. લાંબા સમયથી મિત્રતાના પ્રેમબંધનથી બંધાયેલા એ મિત્રો, એક દિવસે કોઈ આકસ્મિક કારણે લડી પડયા. બંને વચ્ચે મૈત્રીને બદલે શત્રુત્વની દીવાલ ખડી થઈ ગઈ.

*　　　*　　　*

સમય વહી રહ્યો હતો.

વર્ષના છેલ્લા દિવસો પસાર થતા હતા. નવીન ડાયરી લખતો.

ડાયરીનાં છેલ્લાં પાનાંઓ પર એણે બની ગયેલી ઘટનાઓની નોંધ કરી.

નવીન જિદ્દી હતો.

જૂના વર્ષની સંધ્યા ઢળતી હતી.

નવા વર્ષનું સંગીત ગૂંજતું હતું.

જગતના જૂના વર્ષને અંતે ઘણું જતું જાય છે,

અને નવા વર્ષની પ્રભાતે નવાં સોપાનો ઊઘડે છે.

નવીનનું નિવાસસ્થાન પણ દીપી ઊઠયું.

જૂના-ઝાંખા રંગ ઉપર નવો પેઈન્ટ.

પ્લાસ્ટિકનાં જૂનાં ફૂલોને સ્થાને રંગબેરંગી નવાં પુષ્પો.

નવી સુશોભિત ફૂલદાની

બારીબારણાંનો નવો લેબાસ

દીવાલોનો નવો સ્વાંગ

નવી તસ્વીરોનું પ્રદર્શન !

નવી સજાવટ

નવાં વસ્ત્રોનું પરિધાન–અવનવાં મિષ્ટાન્ન !

રૂપાળા વાતાવરણની નવી સુવાસ;

જાણે નવું વિશ્વ !

અને નવા વર્ષની પ્રભાતે પ્રભુમંદિરનો ઘંટ રણકી ઊઠયો.

વર્ષના પ્રથમ દિને પાળકના પ્રવચનનો પ્રારંભ...

"વેદી ઉપર અર્પણ ધરતાં તને યાદ આવે કે..."

અને આરાધનાની સમાપ્તિ–સ્નેહીઓનાં મિલન–

મિત્રોનો મેળાપ.

નવીનનો મિત્ર પણ સમીપ હતો. દૃષ્ટિ કરી, પણ આંખો ન મળી.

મૈત્રીની સૂતેલી ભાવના જાગતાં તો જાગી, પણ ત્યાં જ દુરાગ્રહી હૃદય એના પર સ્વાર થઈ ગયું.

* * *

સંધ્યા નમી. પણ કોણ જાણે કેમ, નવીનના દિલને ચેન નહોતું. એણે અનુભવ્યું, કે એના હૃદયનાં દ્વાર કોઈ ખટખટાવી રહ્યું છે. પ્રવચનના પડઘા હૈયામાં ચીરા પાડી રહ્યા :

"...તારા ભાઈને તારી સામે કંઈ ફરિયાદ છે, તો તારું અર્પણ..."

અને સમાધાનનો આત્મા જાગી ઊઠયો.

નવવિકસિત પુષ્પમાં એક નાની પાંદડી એને ખૂંચવા લાગી.

એણે તત્કાળ નવા વર્ષની નવી ડાયરી ખરીદી.

પ્રથમ પાને કંઈક લખીને ત્યાગી દીધેલા મિત્રને મોકલી આપી.

હૃદયે હૃદયનું આવાહન સ્વીકારી લીધું.

અંતરો પીગળી ગયાં, અને જૂની ડાયરીનું જૂનું પાનું આપોઆપ ફાટી ગયું.

નવાં હૃદય, નવી યાત્રા, નવી પૃથ્વી, નવું આકાશ !

મૈત્રીના પુનઃપ્રયાણનો પ્રારંભ થયો.

અને એ સમાધાનનો સંદેશ પ્રબોધનાર

ત્રીજો અદૃશ્ય પ્રવાસી એ મિત્રોના ભાવિપંથ ઉપર પ્રકાશનાં પગલાં પાડતો રહ્યો.

□

# માત્ર એક જ....

એક જ ક્ષણ, એક જ ચિનગારી,
એક જ બિન્દુ કે રજકણ,
એ જ શબ્દ કે
માનવસ્વભાવનું એક જ લક્ષણ—
સારું કે નરસું, પણ મહત્ત્વનું
પરિણામ લાવી શકે છે.

એક એકસપ્રેસ ટ્રેઇનના એન્જિનમાં મોટી ખામી આવવાને કારણે તે અધવચ અટકી પડી હતી. બરફના ચાલુ તોફાનમાં એ જ લાઈન ઉપર બીજી ટ્રેઈન થોડી વારમાં જ આવનાર હતી. લાઇન-મેન જો સ્ટોકરે પોતાની બોટલમાંથી એક ઘૂંટડો ભરીને વિચાર્યું કે, હું હમણાં જ લાલ સિગ્નલ બતાવવા જાઉં છું. તાકીદની સૂચના મળવા છતાં આ લહેરી જીવડો બીજો ઘૂંટડો ભરીને, સીટી વગાડતો, ફાનસ આમતેમ હલાવતો બેદરકારીથી ચાલ્યો. તત્કાલ એક ભયંકર અવાજ નજીક આવી લાગ્યો તે દોડયો પણ મોડો પડયો. બીજી ટ્રેઈન ભયંકર ધડાકા સાથે અથડાઈ પડી અને ટ્રેઈન તથા પ્રવાસી-ઓનો કચ્ચરઘાણ નીકળી ગયો......

"જો હું એક જ ક્ષણ વહેલો પહોંચ્યો હોત તો—" એવી લવરી કરતો જો સ્ટોકર પોતાના મગજનું સમતોલપણું ગુમાવી બેઠો.

એક જ ક્ષણના વિલંબનો પ્રલયકારી અંજામ!

એક માણસ સળગતું ફાનસ એક ઝૂંપડીમાં મૂકીને બહાર ગયો. આ ફાનસને ગાયની લાત વાગી અને આ એક જ 'ચિન-ગારી'એ આખા શિકાગો નગરને બાળીને ભસ્મીભૂત કરી નાખ્યું.

કાતિલ વિષનું એક જ બિંદુ–

શરીરયંત્રની સમગ્ર પરિક્રિયા એક જ ક્ષણમાં થંભાવી દે છે.

નર્કની જ્વાલાઓમાં જલતા શ્રીમંતને શીતલ જળના એક જ બિન્દુની જરૂર હતી.

એક નાના શા બીજમાંથી વિશાળ વૃક્ષ ફૂલે-ફાલે છે.

ધરતીનાં સૂક્ષ્મ રજકણો–એક એક મળીને અંતે વિરાટકાય પર્વત રચે છે.

—અને ઈસુએ તો કહ્યું છે, કે
મહાકાર્ય સિદ્ધ કરવા માત્ર રાઈના એક જ દાણા
જેટલી શ્રદ્ધાની જરૂર છે.
એક જ દાણા જેટલી શ્રદ્ધા હોય,
તો રાક્ષસી વૃક્ષ સાગરમાં ફેંકાઈ જાય.
અને વિરાટકાય પર્વત પણ ખસી જાય.
પોતાનો નોકર રોગમુક્ત બને, તે માટે માલિકે

ઈસુના માત્ર એક જ શબ્દની આવશ્યકતા નિહાળી! શ્રદ્ધાની પરાકાષ્ટા!!

સ્વામીની પાછળ ઊભેલી મહિલાને,

સ્વામીના વસ્ત્રના એક સ્પર્શમાત્રમાં પોતાની મુક્તિનાં દર્શન થયાં! અવિચલ શ્રદ્ધા!! અને આજે

વ્યક્તિ, સમાજ, કે સંસ્થાના આધ્યાત્મિક જીવનપંથમાં, અવરોધક બનતી વિરાટ ઓકવૃક્ષ સમી સમસ્યાઓ હલ કરવા, અને વિશાળ હિમાલયસમાં પ્રલોભનોનો પ્રતિકાર કરવા, માનવીના હૃદયમાં રાઈના એક જ દાણા સરખી શ્રદ્ધાની આવશ્યકતા છે.

□

# બાજુ પર થઈને

માર્ગ પર એક પ્રવાસી ઊભો હતો.

એની દૃષ્ટિ સામેથી આવતા વાહન પર હતી. એને આગળ જવું હતું. એ આશાભર્યો અને આતુર હતો. એનું કાર્ય પૂર્ણ કરવાની એને ઉત્કંઠા હતી.

સામેથી એક ઉતારૂ-બસ આવતી લાગી. પ્રવાસીએ હાથની સંજ્ઞા કરી. પણ એની અવગણના કરી બસ ઝડપથી થોભ્યા વિના પસાર થઈ ગઈ.

× × ×

ભરચક રાજમાર્ગની એક તરફ એક નિરાધાર ભિક્ષુક પડયો હતો. ચીંથરેહાલ, નિર્બળ, ભૂખ્યો અને નિર્ગત. આવતા-જતા રાહદારીઓ પર આશાભરી મીટ માંડી એ એનો સુકલકડી હાથ લંબાવતો. પણ ઉતાવળાં અને અગત્યનાં કામમાં રોકાયેલાં માનવીઓ એની ઉપેક્ષા કરી રસ્તે પડતાં......

× × ×

હૉસ્પિટલમાં પથારી પર પડેલો દરદી. અવારનવાર ત્યાંથી પસાર થઈ જતા ડૉકટર કે કોઈ વૈદકીય કર્મચારી સમક્ષ પોતાની ફરિયાદ રજૂ કરવા આતુર હોય છે.-પણ એમાંયે ઘણીવાર એને નિરાશા સાંપડે છે...

× × ×

આમ વિવિધ પ્રકારનાં માણસોને, પોતે એક બાજુ ફેંકાઈ ગયાં હોવાની લાગણી થાય છે, અને તેઓ એક પ્રકારની હતાશા

અનુભવે છે. એવું ઘણીવાર બને છે કે આપણી દુનિયામાં પોતાના જ ધ્યેયમાં ડુબેલાં માનવોને આસપાસ જોવાનો અવકાશ નથી હોતો... જીવનના મીઠા-મધુરા અનુભવો માણતાં મનુષ્યને જીવનમાર્ગમાં કોઈ દુઃખ, દર્દ, નિરાશા અને નિષ્ફળતા અનુભવતા માનવીનો ભેટો થઈ જાય, અને એ એની ઉપેક્ષા કરી બેસે એવું જગતમાં બનવું સ્વાભાવિક છે.

વિખ્યાત વાર્તાલેખક શ્રી. ધુમકેતૂ એક વાર્તામાં કહે છે, કે 'મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડીને બીજાની દૃષ્ટિથી જુએ, તો અર્ધું જગત શાંત થઈ જાય.'

—અને ઈસુ ખ્રિસ્તે પ્રબોધેલી આદર્શ દૃષ્ટાંત કથામાં, બે પ્રવાસીઓ એક 'ઘાયલ અને અધમૂઆ' મુસાફરની બીજી બાજુએ થઈને ચાલ્યા જાય છે.

આજના જગતમાં, અર્વાચીન સંસ્કૃતિનાં અટપટાં વહેણ અને વમળભર્યા સાગરના કિનારા પર, મીટ માંડીને બેઠેલાં અસંખ્ય ઘાયલ અને મૃતઃપ્રાય માનવીઓને આધ્યાત્મિક સંદેશ, આશ્વાસન અને વિસામાની જરૂર છે. તેઓની બીજી બાજુએ થઈને, આજના સુખી અને સમૃદ્ધ જનસમુદાયનો પ્રવાહ વહી જાય છે...એમની આજની જરૂરિયાત છે, પેલા ભલા સમરૂનીની જેમ, પોતાના સ્થાન પરથી નીચે ઊતરીને, પ્રેમભરી સુશ્રૂષા કરનાર સાચા બંધુની.

× × ×

એક શાસ્ત્રીએ ઈસુને પ્રશ્ન કર્યો, "પણ મારો બંધુ કોણ?" ઈસુના પ્રત્યુત્તરનો પ્રારંભ આ પ્રમાણે હતો: 'એક મનુષ્ય' કે જે યરુશાલેમથી યરીખો જતો હતો ......" (લૂક ૧૦ : ૩૦).

□

# 'ગુનેગાર' (!)નો વિજય

વાવે તેવું લણે, કરે તેવું પામે.

આ કથનને આધારે, દુનિયા તો માને છે કે, દુષ્કર્મ, પાપ, દુરાચાર કે ગુનાની સજા અનિવાર્ય છે.

ખોટું, અયોગ્ય, નઠારું કે શરમજનક કૃત્ય જે કોઈ કરે, તેને તેના તે કર્મનો બદલો અવશ્ય મળવો જોઈએ, એવી માન્યતા પ્રચલિત છે. સત્કર્મ કે દુષ્કર્મ–તેનું ફળ એક યા બીજી રીતે મળે જ છે. કેવી રીતે, ક્યારે અને ક્યાં, તે મનુષ્યથી સમજાતું નથી. ગુનામાં સાચી રીતે સંડોવાયેલ વ્યક્તિ કવચિત્ સજામાંથી છૂટી જાય છે. કોઈ વાર સંપૂર્ણ નિર્દોષ માનવીને સજા ફટકારી દેવાય છે.

આવી પરિસ્થિતિ સહન કરવી, તે મનુષ્યશક્તિની મર્યાદા બહાર છે.

દોષિત કે નિર્દોષ, ન્યાયી કે અન્યાયી,

એની અટપટી દુન્યવી પ્રણાલિકાઓમાં નહિ ફસાવા માગતા, ગુનો આચરનારા કે નહિ આચરનારા, તમામ નિઃસહાય માનવીઓની શંકા–આશંકાઓનો પ્રત્યુત્તર ઘણી વાર સાંપડતો નથી; 'સાચા માનવીને કેમ સહન કરવું પડે છે?'

આ સંદર્ભમાં પ્રભુ ઈસુનું જીવન સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે. બે હજાર વર્ષ પર બની ગયેલી એક અભૂતપૂર્વ ઘટના તરફ એક દૃષ્ટિ કરવી ઉચિત ગણાશે.

એક નિર્દોષ, પવિત્ર અને નિષ્કલંક પુરૂષને 'ગુનેગાર' ઠરાવવામાં આવ્યો. કારણ?

(૧) સ્વાર્થી અને સત્તાપ્રિય અધિકારીઓ એનું 'રાજ્ય' નષ્ટ કરવા માગતા હતા.

(૨) તેઓ સારી રીતે જોઈ શકતા હતા કે, સમગ્ર જગત ઈસુની પાછળ જાય છે.

(જો કે, એણે તો કહ્યું જ હતું કે મારું રાજ્ય આ જગતનું નથી!) દગાખોર અને અપમાનિત કરીને એની ધરપકડ કરવામાં આવી. વરિષ્ઠ ન્યાયસભા સમક્ષ એનો 'કેસ' ચાલ્યો. ન્યાયના આસને બેઠેલાઓને એની વિરુદ્ધ કોઈ પુરાવો ન મળ્યો. 'એનામાં કોઈ દોષ જણાતો નથી.' 'મૃત્યુની સજા કરવી પડે, એવું એણે કશું જ કર્યું નથી' આવું સત્તાવાર કહેવાયું, છતાં યેનકેન પ્રકારે એને 'દોષિત' ઠરાવીને, જુલમ વરસાવવામાં આવ્યો. એક ચોરની જેમ, એને ક્રૂસ પર લટકાવીને મારી નાખવામાં આવ્યો.

એ લોકો એમ માનતા હતા, કે ક્રૂસ પર ઈસુના દેહની હત્યા કરીને એના વિસ્તરતા રાજ્યને હંમેશ માટે સ્થગિત કરી દઈ શકાશે. પણ—

એ 'ગુનેગાર' તો અન્યાય, અસત્ય, અપમાન, જૂઠા આક્ષેપો, કોરડાનો માર, કાંટાની વેદના, જુલમ અને ક્રૂસ પરનું મૃત્યુ સહન કરીને, એનો પરાભવ કરીને, અંતે વિજયી બનીને ઉત્થાન પામ્યો, અને એના પરિણામરૂપે, આજની આ પાપ અને ગુનાઓથી ભરપૂર દુનિયામાં,

કોઈ પણ વિરોધ, ધરપકડ, અન્યાયી ઇન્સાફ, જુલમ, કોરડા કે કાંટાની પીડા, ક્રૂસ પરનું મૃત્યુ કે કબર પરની વજનદાર શિલા– કે કોઈ પણ અવરોધ, એના વિસ્તરતા રાજ્યના પ્રચંડ પ્રવાહોને રૂંધી નહિ શકે.

□

# 'જીવન'નું ઘર

પર્વત પરનું પ્રવચન

પ્રભુ ઈસુએ પૂર્ણ કર્યું.

અને નીચે ઊતરીને તેઓ વિદાય થયા. અધિકારયુક્ત શબ્દોથી પ્રભાવિત થયેલું શ્રોતાવૃંદ વિખરાયું. એકત્ર થયેલા આ માનવોના ટોળામાંથી બે શ્રોતાઓ, 'વિચારમગ્ન' બની પોતાને માર્ગે પડ્યા. તેઓનાં હૃદયોમાં ઈસુએ ઉચ્ચારેલાં પ્રવચનના છેલ્લા શબ્દો ગૂંજી રહ્યા હતા; 'વચનો સાંભળીને તેનું પાલન, વચનો સાંભળીને તેની ઉપેક્ષા !......

બંને શ્રોતાઓ સાથે ચાલતા હતા. પરંતુ એકબીજાથી વિભિન્ન વિચારસરણી ધરાવતા હતા. તેમાંના એકનું મન તો આ વિચારોમાં અટવાઈ ગયું. એની દૃષ્ટિ જગતને નિહાળી રહી. અંતર વિચારતું હતું. ગુરુના શબ્દો યાદ આવ્યા :

"કેવા માનવી થવું ?–ઈસુના આદેશો મુજબના 'ધન્ય માનવી' બનવું ? જગતનું મીઠું ? દુનિયાનો પ્રકાશ ?

–આજ્ઞાપાલન, સત્યધર્મનું આચરણ, સમાધાન, નિર્મળ દૃષ્ટિ, સ્પષ્ટવક્તૃત્વ, ત્યાગ, સમદૃષ્ટિ, સ્વર્ગીય પિતાના જેવી સંપૂર્ણતા, ગુપ્તદાન, નિરર્થક લપલપાટ વિનાની એકાંત પ્રાર્થના, પ્રભુના રાજ્યની શોધ, આત્મવિશ્વાસ, વિનાશનો વિશાળ માર્ગ અને જીવનનો સાંકડો માર્ગ–આજ્ઞાપાલન !

આ બધું એને સતાવી રહ્યું. નિરાશા, અશ્રદ્ધા અને શંકાઓથી એનું મન ભરાઈ ગયું. ઈસુના ગિરિપ્રવચનના સાંભળેલા શબ્દો

જાણે એને ખૂંચવા લાગ્યા...અને જગતના ક્ષણિક સુખનું પ્રલોભન એને દૂર ઘસડી ગયું, અને એવા સુખની સુંવાળી 'રેતી' પર એણે ઇમારત બાંધવી શરૂ કરી...

આ તરફ, એનો સાથી શ્રોતા પણ ગુરુના પ્રવચનના શબ્દો વાગોળતો ચાલ્યો જતો હતો. એને થયું:–'કેવા માનવી બનવું ?' ગુરુનાં અંતિમ વચનો એના અંતરપટ પરથી ખસતાં નહોતાં– આજ્ઞાઓ ! વચનો ! તેનું જીવનમાં પાલન–અને આ સંદેશ એના હૃદયપટ પર અંકિત થઈ ગયો. આશા, શ્રદ્ધા અને શાશ્વતજીવનના પ્રત્યક્ષ દર્શન દ્વારા એનાં અંતર્ચક્ષુ ખુલી ગયાં. જગતના ક્ષણિક સુખના પ્રલોભનને એણે જીતી લીધું. પ્રવચનના શબ્દો એણે હૃદયમાં સંઘર્યા, જીવનમાં અપનાવ્યા અને આત્મામાં વણી લીધા, અને એમ, આજ્ઞાપાલનના કપરા 'ખડક' પર એણે 'જીવનના ઘર'નો પાયો નાખ્યો...

સમય વહી રહ્યો હતો, એક દિવસ પૃથ્વી પર શયતાની પરિબળોના તોફાનનું તાંડવ ખેલાયું. જુલમ અને અત્યાચારનો પ્રલયકારી પવન ફૂંકાયો. બારે મેઘ તૂટી પડ્યા. દુન્યવી પ્રલોભનોનાં ધસમસતાં પૂર ઊમટ્યાં.

અને આ આંધી શમી ગઇ, ત્યારે પેલા બે 'ઘર' બાંધનારા સાથે ઊભા હતા. એકે વચનોની ઉપેક્ષા કરી–એની આંખે આંસુ હતાં. બીજાએ વચનોનું પાલન કર્યું. એના હૃદયમાં આનંદ હતો.

એક ધરાશાયી બનેલું ઘર, અને બીજું અડીખમ ઊભેલું ઘર. આ જોઈને પહાડ પર સાંભળેલાં તારણહારનાં વચનો એમને ફરી સાંભરી આવ્યાં.

"એટલે જે કોઈ મારાં આ વચનો સાંભળશે અને તે પ્રમાણે ચાલશે તેને હું ડાહ્યા માણસ સાથે સરખાવીશ. જેણે ખડક પર ઘર

બાંધ્યું. વરસાદ તૂટી પડયો, પૂર ઊમટર્યાં, પવન સુસવાટા કરતો ઘરને થપાટો મારવા લાગ્યો, પણ તે પડયું નહિ. કારણ તેના પાયા ખડકમાં ખોદાયા હતા. પણ જે કોઈ મારાં આ વચનો સાંભળશે પણ તે પ્રમાણે ચાલશે નહિ, તેને હું મૂર્ખ માણસ સાથે સરખાવીશ જેણે રેતી પર ઘર બાંધ્યું. વરસાદ તૂટી પડયો, પૂર ઊમટર્યાં, પવન સુસવાટા કરતો ઘરને થપાટો મારવા લાગ્યો અને તે મોટા અવાજ સાથે તૂટી પડયું."

□

# નવપ્રવેશ

હૉસ્પિટલમાં પ્રવેશ પામેલી એક માતાએ બાળકને જન્મ આપ્યો.

એને પુત્રી જન્મી.

નમણી, નાજુક, મૃદુ અને સુંદર બાળકીએ જગતમાં પ્રવેશ કર્યો.

સૌએ એના આગમનને વધાવ્યું. માતાનો હર્ષ માતો ન હતો.

થોડા દિવસ બાદ, એક રવિવારે, માતપિતાએ પ્રભુમંદિરમાં એનું ઈશ્વરપિતાને સમર્પણ કર્યું–એનું નામ પાડયું અર્પિતા!

મહાકવિ શેકસપિયરનું એક કાવ્ય યાદ આવે છે:

'આ દુનિયા એક નાટકનો તખ્તો જ છે.
મનુષ્ય આવે છે વિવિધ પાત્રોમાં જીવે છે.
નાયકો અને નાયિકાઓના અનેકવિધ સ્વરૂપમાં."

જીવનનું નાટક એમ શરૂ થાય છે. અનેક પ્રસંગો 'ભજવાય છે.'
પ્રથમ દિનથી અંતિમ દિન સુધી–અભિનયોની હારમાળા.

બાળકી અર્પિતા પણ પ્રાકૃતિક પ્રગતિ સાધતી રહે છે, સરળ અને સ્નેહભરી સૃષ્ટિમાં ફૂલસમી ખીલતી રહે છે...

સમય તો વહેતો જ રહે છે–પછી તો ચાલતી, દોડતી કાલાઘેલા નિર્દોષ શબ્દોથી આનંદ આપતી એ બાળકી સૌનું મન હરી લે છે. દિવસો, અઠવાડિયાં, મહિનાઓ, વર્ષો વીતતાં જાય છે.

અર્પિતા વર્ષોના ઉંબરા ઓળંગતી જાય છે.

અને સમજુ માતાપિતા એને 'બાળમંદિર'માં પ્રવેશ અપાવે છે. ઘરમાં કિલ્લોલતી અર્પિતા હવે અન્ય 'સંસ્થા'માં પગરણ માંડે છે. નવાં બાળકો, નવાં સહાધ્યાયીઓ! નવું સ્થળ, નવાં સાધનો,

નવું વાતાવરણ! છતાં પણ ત્યાં એનું હૈયું હળી જાય છે–એ હસે છે. હસાવે છે, આનંદ લૂંટે છે અને લૂંટાવે છે.

સમય તો સરકતો જ રહે છે–એક દિવસ અર્પિતા બાળ-મંદિરમાંથી વિદાય થાય છે, અને એ દશ્યો પર પડદો પડે છે. અને વળી બીજું નૂતન દશ્ય.

આ નવી સંસ્થા–નવા ચહેરા, અન્ય કિશોરીઓનું મિલન, નવો સાથ, સહવાસ, નિર્દોષ પ્રવૃત્તિઓ, મીઠાં સંસ્મરણો.

વળી સમયની આગેકૂચ.

જીવનખેલના નવા નવા 'શો'ની પરંપરા, પહેલો ભાગ, બીજો ભાગ, વળી ત્રીજો–અવનવાં દશ્યોની હારમાળા.

અર્પિતા હવે કિશોરી છે. માતાનું શિક્ષણ એને હૈયે વસે છે: 'દીકરી, આ જગતમાં પ્રેમભર્યું અને શ્રદ્ધાભર્યું સાત્ત્વિક અને પ્રાર્થનામય જીવન જીવજે.'

—અને એક દિવસ તરુણી બનીને એ મહાશાળામાં પ્રવેશ મેળવે છે.

એક સમયની માસૂમ બાલિકા અને નિર્દોષ કિશોરી હવે કાંઈક ગાંભીર્ય ધારણ કરે છે. મહાશાળાના અનુભવો, વિચિત્ર, ગમતા અને અણગમતા, કવચિત સરળ દેખાતા, કવચિત કઠિન–હવે જીવન કદીક ઉલ્લાસભર્યું, કદીક ગમગીનીભર્યું લાગે છે. મુખ પર કોઈ વાર હાસ્ય, કોઈ વાર ગાંભીર્ય જણાય છે. કોઈવાર ન સમજાય તેવો ભાવ અવનવા પ્રશ્નો ઊભા કરી દે છે–પણ અર્પિતા દૃઢ છે. સ્થિર છે, સૌમ્ય છે. છતાં અભ્યાસ અને અધ્યયન, પ્રવૃત્તિઓ અને વિવિધ કાર્યક્રમો વચ્ચે, હવે 'નવયૌવના' બનતી અર્પિતા ભાવિનાં સ્વપ્નો નિહાળે છે.

—અને એક દિવસ મહાશાળાનું જીવન પૂર્ણ કરી એ પ્રિય સહેલીઓની વસમી વિદાય લે છે.

હજી આ જગતના સ્ટેજ પર કેટલા પાઠ ભજવવાના બાકી છે?

કપરી પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થઈ એ કોઈ 'કાર્યાલય' કે ઑફિસમાં પ્રવેશ મેળવે છે. સમયનાં વહેણ પર ફરજની નૈયા ડગમગતી ચાલી જાય છે. શ્રમ અને વિરામ, વિરામ અને શ્રમ—એ પરિક્રિયામાં એનું જીવન યંત્રવત્ બનતું જાય છે.

હવે એને જીવન કવચિત્ એકાકી અને સૂનું લાગવા માંડે છે. શૂન્યાવકાશની કોઈ અગમ્ય લાગણીમાં એનું હૃદય ધબકવા લાગે છે.

અને એક દિવસે, એના સૂના જીવનમાં એક નવયુવકે 'પ્રવેશ' કર્યો. પરિચયના પગલે પગલે પ્રણયના અંકુર ફૂટવા લાગ્યા. અંતરની ગૂઢ લાગણીઓ સાથે 'બાળકી' અર્પિતા માતાની સોડમાં લપાઈ ગઈ અને લાગણીઓને વાચા આપી.

પ્રતિ રવિવારે, પ્રભુમંદિરમાં પ્રવેશ કરતી ધર્મપરાયણ અર્પિતાએ, પોતાનાં લગ્નદિને, અનોખો મંદિર–પ્રવેશ કર્યો.

લગ્ન એક સંસ્થા છે. એ સંસ્થામાં અર્પિતાનો આ અપૂર્વ નવપ્રવેશ હતો. બંનેએ પવિત્ર સંબંધથી જોડાઈને ઈશ્વર સ્થાપિત લગ્નજીવનમાં પ્રવેશ કર્યો.

—અને લગ્નની પવિત્ર ક્રિયા દરમિયાન, પ્રભુમંદિરમાં ધર્મગુરૂએ ઉચ્ચારેલાં આ વચનો બંનેનાં હૃદય પર હંમેશ માટે અંકિત થઈ ગયાં:

"ઈસુ મંડળીનું શિર છે, તેમ પતિ પત્નીનું શિર છે.

"ખ્રિસ્તે મંડળી ઉપર પ્રેમ રાખ્યો તેમ પતિ પત્ની ઉપર પ્રેમ રાખે. પત્ની પતિને આધીન રહે, જેમ સારાહ ઈબ્રાહિમને સ્વામી કહીને તેને આધીન રહેતી હતી તેમ."

□

# પ્રેમભર્યો અવાજ

પૃથ્વી પર અવાજ ન હોત તો ?

અવાજનાં પણ વિવિધ સ્વરૂપ છે, જુદા જુદા પ્રકારના અવાજોનાં જુદાં જુદાં નામ છે. અવાજ, વાણી, સૂર, સ્વર, નાદ...

ઈશ્વરે આરંભમાં આકાશ, ધરતી તથા મહાસાગરોનું સર્જન કર્યું ત્યારથી પૃથ્વી પર અને અવકાશમાં વિવિધ અવાજો શરૂ થયા હશે. પવનના સુસવાટે હિલોળે ચઢેલા મહાસાગરના પાણીના ઘૂઘવાટ સંભળાયા હશે. પક્ષીઓ અને પશુઓના સર્જન પછી તેઓના મધુર સ્વર તથા ભયાનક ગર્જનાઓથી વાતાવરણ ભરાઈ ગયું હશે...

અવાજની દુનિયા અનોખી છે.

ગાયક કે ગાયિકાનો સુરીલો, મીઠો કે દર્દભર્યો કંઠ મનુષ્યને આનંદ આપે છે, અગર ગંભીર વાતાવરણ ઊભું કરે છે.

મનુષ્ય આધુનિક વિજ્ઞાનનાં સાધનો દ્વારા વિશ્વભરના અવાજો સાંભળી શકે છે. વાયરલેસ કે ટેલિફોન દ્વારા દૂરની વ્યક્તિનો સ્વર સાંભળી શકે છે. જૂના સમયની 'મૂક' ફિલ્મોએ બોલપટનું સ્વરૂપ ધારણ કર્યું અને ચિત્ર જગતમાં ક્રાન્તિ આવી, એ 'અવાજ'ની બલિહારી છે. વળી આજે તો અવાજ કરતાં પણ વધુ ઝડપે ઊડતાં વિમાનોની શોધ થઈ ચૂકી છે...

જગતમાં કેટકેટલી જાતના અવાજો સાંભળવા મળે છે !

કોયલનો મધુર ટહુકો, વનરાજની ત્રાડ, સાગરોનો ઘૂઘવાટ પવનનો સુસવાટ, ધોધના પાણીનો પછડાટ, વર્ષાનાં વાદળોનો ગડગડાટ...

અને વળી જ્યાં જુઓ ત્યાં મનુષ્યોનો ઘોંઘાટ, યંત્રોનો ઘણ-ઘણાટ, વાહનોનો ઘરઘરાટ...વિગેરે.

ચિત્ર વિચિત્ર અવાજોથી વિશ્વ જાણે ભરાઈ ગયું છે!

o o o

અંતરાત્માનો અવાજ.

મનુષ્યને જીવનમાં કોઈ મહત્વના પ્રશ્ન અંગે આખરી નિર્ણય લેવાનો હોય, અને મનુષ્ય મૂંઝવણ અનુભવતો હોય, ત્યારે તે પોતાના "અંતરાત્મા" ના અવાજને અનુસરે છે.

ઈશ્વરનો અવાજ.

પ્રથમ પુરૂષ તથા સ્ત્રી–આદમ અને હવાએ ઈશ્વરનો 'અવાજ' સાંભળ્યો. તેઓને પ્રભુની બીક લાગી અને વૃક્ષોમાં સંતાઈ ગયાં. આદમને પરમેશ્વરે હાંક મારી, અને પ્રશ્ન કર્યો, કે તું કયાં છે? આદમે સામો પ્રત્યુત્તર વાળ્યો, કે 'મેં વાડીમાં તારો અવાજ સાંભળ્યો. હું નવસ્ત્રો હતો. મને ડર લાગ્યો, અને હું સંતાઈ ગયો'.

o o o

બાળક શમૂએલે ત્રણ વાર કોઈ અગમ્ય પોકાર સાંભળ્યો. પણ તેને પ્રભુની ઓળખ થઈ ન હોવાથી તે ત્રણવાર એલી પાસે ગયો. પ્રભુના અવાજને તે પામી ન શકયો. આખરે એલીએ તેને 'સત્ય'નું દર્શન કરાવ્યું અને શમૂએલે પ્રભુના 'અવાજ'ને પિછાણ્યો!

o o o

ઈસુનો અવાજ!

યરેખોના એક માર્ગની બાજુ પર બેઠેલા અંધ માનવીએ આસપાસના રાહદારીઓનો અવાજ સાંભળીને પ્રશ્ન કર્યો; કે 'આ શું હશે?' તેને કહેવામાં આવ્યું, કે ઈસુ નાઝારી અહીંથી પસાર થાય છે. તેને દૈહિક દૃષ્ટિ ન હતી. પણ ઈસુ ત્યાંથી માત્ર પસાર થાય છે, તે વિરલ પળોએ માનવ સમુદાયમાં ઉદ્ભવેલા ઉત્તેજિત અને

સ્વાભાવિક અવાજને કારણે એ ચક્ષુહીન મનુષ્યે જાણ્યું, કે ઈસુ અહીં થઈને જાય છે...

પ્રભુ ઈસુનું પર્વત પર રૂપાંતર થયું તે પ્રસંગે, આકાશમાંથી વાણી સંભળાઈ, કે 'આ મારો પ્રિય, મારો પસંદ કરેલો પુત્ર છે. તેનું સાંભળો.'

અંતર્ચક્ષુ વિહીન માનવોના જીવનમાર્ગો પરથી, પાસે થઈને કે દૂરથી, અહીં થઈને કે ત્યાં થઈ ને, ઈસુ હરરોજ, હરપળે પસાર થઈ રહ્યો છે. તેનો અવાજ હરદમ સંભળાઈ રહ્યો છે...' તેનું સાંભળો.'

'ઓ ખ્રિસ્ત તુજ સ્વર મધુર મુજને બોલાવે છે...'

'ધીરો મીઠો પ્રેમી અવાજ.

પ્રભુ ઈસુનો કોઈ સાંભળો આજ !'

પ્રભુ ઈસુ, ભલો ભરવાડ, પોતાના પ્રત્યેક પ્રિય પાત્રને પ્રેમ-પૂર્વક, આગ્રહપૂર્વક, સ્નેહભર્યો સાદ પાડીને બોલાવે છે, સત્કારે છે, સ્વીકારે છે.

"કોણ તરછોડે આ પ્રેમી અવાજ ?"

□

# માર્ગદર્શક પ્રકાશ

પ્રવાસી પંથથી અજાણુ હોય, તો તેને નિર્ધારિત સ્થળે પહોંચવા માર્ગદર્શનની આવશ્યકતા ઊભી થાય છે.

અજાણ્યો વાહનચાલક વિવિધ નિશાનીઓની સહાયથી માર્ગ કાપે છે.

માર્ગદર્શકની, ભોમિયાની અપરિચિત સ્થળમાં જરૂર પડે છે.

માર્ગ પરની નિશાની, પ્રતીક કે સંજ્ઞા, માર્ગ ભૂલેલાંને નિર્ધારિત લક્ષ્ય હાંસલ કરવામાં સહાયભૂત બને છે.

મધદરિયે હંકારાતું વહાણ યંત્રની મદદથી દિશા શોધે છે.

અંધારી રાતે સફર કરતા હવાઈ જહાજને, નિર્ધારિત સ્થળે ઉતરાણુ કરવા પ્રકાશ સહાયરૂપ બને છે......

× × ×

જહોન હેનરી ન્યુમેનના વિખ્યાત ભક્તિગીતમાં, અંધકારભર્યા માર્ગમાંથી, પોતાને પ્રકાશમાં દોરી જવાની પ્રાર્થના કવિના હૃદયમાંથી સરી પડે છે:

"Lead Kindly Light, amid the encircling gloom, Lead thou me on;

The night is dark, and I am far from home......"

'પ્રેમળ જ્યોતિ! દોરો મને!'

પરમેશ્વર પિતાએ પોતાના લોકોને, દિવસે તેમ જ રાત્રે,

આગળ અને આગળ જવા માટે કેવી રીતે માર્ગ દર્શાવ્યો, તેનું અદ્ભુત દર્શન પવિત્ર બાઇબલનાં આ આશ્ચર્યજનક વચનોમાં થાય છે :

"તેઓ દિવસે તેમ જ રાતે ચાલી શકે, માટે યહોવા દિવસે તેઓને માર્ગ દેખાડવા સારુ મેઘસ્તંભમાં, તેમ જ રાતે તેમને અજવાળું આપવાને અગ્નિસ્તંભમાં આગળ આગળ ચાલતો. દિવસે મેઘસ્તંભ લોકોની આગળથી ખસતો નહિ" (નિર્ગમન ૧૩).

× × ×

બે હજાર વર્ષો પૂર્વે પ્રભુ ઈસુનો જન્મ થયો.

પૂર્વના જ્યોતિર્વિદો તેનું જન્મસ્થળ શોધતા હતા, ત્યારે એક તારો તેઓનો માર્ગદર્શક બન્યો.

એમના જન્મ પછી પૂર્વમાંથી કેટલાક જ્યોતિર્વિદો યરુશાલેમ આવીને પૂછવા લાગ્યા, કે યહૂદીઓનો નવો જન્મેલો રાજા ક્યાં છે ? કારણ કે અમે તેના તારાને ઊગતો જોયો છે, અને તેનું દર્શન કરવા આવ્યા છીએ......

ત્યાર પછી હેરોદે જ્યોતિર્વિદોને એકાંતમાં મળવા બોલાવ્યા અને તારો દેખાયાનો ચોક્કસ સમય જાણી લીધો......

જન્મેલા 'બાળરાજા'ની ભાળ મેળવવાની બાબતમાં, "રાજાની આજ્ઞા થતાં તેઓ નીકળી પડ્યા. જે તારાને તેમણે ઊગતો જોયો હતો તે તેમની આગળ આગળ ચાલવા લાગ્યા" (શુભસંદેશ)

—આ કેવા પ્રકારનો તારો હશે ?

એમ માનવામાં આવે છે, કે તે એક પ્રકારનો ધૂમકેતુ (Comet) હતો. એક આધારભૂત અંગ્રેજી ગ્રંથમાં આ પ્રકારનું વિધાન કરવામાં આવ્યું છે. 'વિખ્યાત કેન્ટરબરી સાલ્ટર (Psalter)માં એક ધૂમકેતુનું ચિત્ર આપવામાં આવ્યું છે, જે, નિઃશંક 'હેલી'ના ધૂમકેતુનું છે. આ પ્રકારનો તારો ક્વચિત જ દેખા દે છે. એવું

ધારવામાં આવે છે, કે બેથલેહેમનો તારો પણ એક લાંબી પૂંછડીવાળો ધૂમકેતુ હતો.

o o o

"જે તારો પૂર્વમાં તેઓએ દીઠો હતો, તે તેઓની આગળ ચાલતો ગયો અને બાળક હતો તે ઠેકાણા પર આવીને થંભ્યો."

(માથ્થી ૨ : ૯)

o o o

નાતાલના પર્વની ઉજવણી વેળાએ, શાંત, નિર્મળ અને શીતળ રાત્રિના સમયે, ખ્રિસ્તી ઘરો ઉપર ઝળહળતા પ્રકાશિત તારાઓ કેવા સુંદર લાગે છે!

જગતનાં અન્ય માનવીઓનાં મકાનોની વચ્ચે આવેલા કોઈ એકલદોકલ ખ્રિસ્તી ઘર ઉપર, નાતાલના આગમનનો નિર્દેશ કરતા ઝગમગતા તારાનું દૃશ્ય કેટલું આનંદદાયક અને ઉત્સાહપ્રેરક છે!!

—અને આજે, બે હજાર વર્ષ પૂર્વે જન્મેલા ખ્રિસ્તની જન્મ-જયંતીના શુભ અવસરે, અસંખ્ય જિજ્ઞાસુઓને, અગચ્ચિત શોધકોને, પ્રભુ ઈસુના સાનિધ્યનો અનુભવ કરાવે. આનંદ, પ્રેમ, સ્વાર્પણ અને મુક્તિના માર્ગે દોરી જાય, તેવા ખ્રિસ્તી જીવનના આદર્શોનો તારલો, તેનો પ્રકાશ, આજના કાર્યવકાશમાં પ્રભુ ઈસુની નિશાની, પ્રતીક કે સંજ્ઞા બનીને ઝગમગે છે ખરો? માર્ગદર્શક બને છે ખરો?

□

# સમય

ઇંગ્લેન્ડમાં ઑકસફર્ડના ઘડિયાળના ચંદા ઉપર આ પ્રમાણે લેખ છે : "Hours perish and are laid to our charge." અર્થાત્ કલાકો વહી જાય છે, અને આપણે હિસાબ આપવાનો નીકળે છે. તેમનો નાશ થાય છે, અને તે આપણે નામે જમા થાય છે.

સમય વિષે વિચારતાં તેની ભવ્ય ગહનતાનો ખયાલ આવે છે. સમય નિહાળી શકાતો નથી. એનો આરંભ કે અંત કળી શકાતો નથી. સમયની શરૂઆત કયારે? એનો અંત કયારે? આ પ્રશ્નોનો ઉત્તર વિજ્ઞાન આપી શકે?

જગનિયંતાએ માનવીને સમયનું નજરાણું આપ્યું. પરિશ્રમ માટે દિવસ. વિશ્રાંતિ માટે રાત્રિ. શાણા માનવે સમયનો સદુપયોગ કરી વિશ્વને સમૃદ્ધ કર્યું. મૂર્ખ માનવીએ એનો દુરૂપયોગ કરી સંહારનાં સાધનો બનાવ્યાં.

છતાં ઈશ્વર માનવીને સમય આપે છે.

મનુષ્ય દુન્યવી પ્રણાલિકાઓમાં સમયમર્યાદાની પદ્ધતિ અપનાવે છે.

સમયની સુવિધા બક્ષે છે, લાચારીમાં પણ સપડાવે છે.

સમય માનવીનાં દુઃખ વિસારે પાડે છે. એના ઘા રૂઝવે છે. સમય એને ત્વરિત બનતાં શીખવે છે, ધૈર્યનો આદેશ પણ આપે છે, સમયની એંધાણી એને અગમચેતીનો 'સિગ્નલ' આપે છે. સમય અફાટ રણ અને અગાધ સમુદ્ર જેવો છે...સમય મહાન છે. એના પલટાતા રંગો માનવજીવનના માર્ગસૂચક સ્તંભો છે.

ચોપાસ કિનારા વિહોણા, અનંત અવકાશમા 'સમય'ના વિશાળપટમાં, આરંભ અને અંત ધરાવતું મનુષ્યજીવન એક સૂક્ષ્મ

બિંદુ સમાન છે. પળો પસાર થાય છે, કલાકો સરી જાય છે, દિવસો વીતી જાય છે, જીવનનો સમય વહી જાય છે. ફેનલોન કહે છે તેમ, 'ઈશ્વર એક વખતે એક જ પળ આપે છે, અને જ્યાં સુધી તે જાય નહિ ત્યાં સુધી બીજી મળતી નથી.'

ઈશ્વર માનવીને સમય આપે છે. વીતી ગયેલાં હજાર વર્ષોનો સમય, તેની દૃષ્ટિમાં માત્ર એક દિવસ સમાન છે. નીનવેહનગરને, ઈશ્વરે યુના મારફતે ચાળીસ દિવસ આપ્યા. 'ચાળીસ દિવસ પછી નીનવેહનો વિનાશ થશે.' અંગ્રેજીમાં આમ છે: 'Yet forty days, and Ninveh shall be overthrown.' ચાળીસ દિવસનો સમય.

'સમયની સંપૂર્ણતા' એ સિદ્ધ થયેલું સત્ય છે. વિલીન થયેલા યુગોનો ઇતિહાસ દર્શાવે છે, કે જગતમાં નિયત ઘટનાઓ નિયત સમયે બનેલી છે. પ્રભુ ઈસુ દુનિયામાં આવ્યા, ત્યારે રાજકીય, ધાર્મિક તથા નૈતિક દૃષ્ટિએ 'સમયની સંપૂર્ણતા' હતી. 'સમય'ની એક નિશ્ચિત પળે ઈસુનું આગમન થયું.

પામર મનુષ્યની કલ્પનામાં પણ ન સમાઈ શકે, એટલી ગહનતા ધરાવતા આ સમયનો માનવ સૃષ્ટિ પર ગમે તેટલો વિશિષ્ટ પ્રભાવ હોય, તો પણ ભૂત, વર્તમાન કે ભાવિ–એ ત્રણે કાળમાં સતત જીવંત એવો ઈસુ, ગઈ કાલે, આજે, તથા આવતી કાલે એવો ને એવો જ છે. "હું સર્વકાળ–સર્વ સમયે–તમારી સાથે છું."

માનવી માટેના તેના સ્નેહભર્યા સંગાથના 'સમય'નો કોઈ આરંભ નથી, કોઈ અંત નથી.

□

# સમાલોચના

દિવસો અને મહિનાઓ પૂર્વે, એક શુભ દિને, 'ખ્રિસ્તમય જીવન' જીવવાના સંકલ્પ અને શપથના દીપ જલાવીને, તેના પ્રકાશમાં પગલાં પાડતા એક માનવીએ એક લાંબી મજલ કાપી નાખી હતી. આ સફરના અંતટાણે, દીપકના ઝંખવાતા તેજમાં, અચાનક એને પાછા વળીને જોવાનું મન થયું.

–અને, કાપેલા પંથ પર દૃષ્ટિ પડતાં એ ચોંકી ઊઠયો... ભૂતકાલિન સંકલ્પ અને શપથનું એને, સ્મરણ થયું, અને એનું મન, વહી ગયેલા માર્ગને 'અવલોકવા' કલ્પનાની પાંખે ઊડવા લાગ્યું...એના હૃદયમાં તોફાન જાગ્યું.–ગ્લાનિ છવાઈ ગઈ. સરી ગયેલા પંથ પર, સંકલ્પના પાલનની એંધાણીઓ ન હતી! પ્રતિજ્ઞાપાલનની દૃઢતા નહોતી, દુન્યવી પ્રલોભનોનો વિજય હતો. સહાનુભૂતિની ભાવના ન હતી, તિરસ્કાર અને ધિક્કાર હતાં, અનુકંપા ને દયાની લાગણી ન હતી, ક્રૂરતાનું દર્શન હતું. સમાધાનની ઉત્કંઠા ન હતી, અભિમાન અને ગર્વભર્યો મિજાજ હતો. મૈત્રીપૂર્ણ સાથ–સંબંધો નહોતા, વિરોધ, વેરની જવાળાઓ હતી. હાસ્ય અને પ્રસન્નતા ન હતી, નિરસ અને શુષ્ક ગાંભીર્ય હતું. શક્તિ અને બળનો પ્રભાવ ન હતો, નિર્બળતા અને આળસ્યનું વર્ચસ્વ હતું. નિઃસ્વાર્થ ત્યાગની ભાવના ન હતી, સ્વાર્થી, સંકુચિત જીવન દૃષ્ટિ હતી. હૃદયમાં આશાનો પ્રકાશ ન હતો, નિરાશાની કાલિમા હતી. ખ્રિસ્તના આદેશોનું પાલન ન હતું, આજ્ઞાઓનું ઉલ્લંઘન હતું, 'રણકાર કરનાર પિત્તળ'નો કર્કશ અવાજ હતો.

સંકલ્પ અને પ્રતિજ્ઞાના દીપકનું તેજ જાણે ઝંખવાયું હતું. એની આધ્યાત્મિક દૃષ્ટિ માર્ગની પ્રલોભનકારી ભૂમી પર ફરી રહી

હતી. નિષ્ફળતા અને પરાજયની યાદ આપતાં સ્થાનો, પ્રસંગો એના સ્મરણપટ પર તરવરી રહ્યાં હતાં...આંજી નાખતા જગિક પ્રકાશમાં ખેંચાઈને એ અંધકારમાં અટવાઈ ગયો હતો.

—પરંતુ, એના આધ્યાત્મિક જીવન સામે આ એક પડકાર હતો. વીતેલાં વર્ષનું પરાજિત જીવન! એનું મસ્તક નમી ગયું. જીવનની આધ્યાત્મિક સમાલોચના પર એનું હૃદય રડી ઊઠયું...એના અંતઃ-કરણનો આ સાચો, અશ્રુભર્યો પશ્ચાત્તાપ હતો. પિતા સમક્ષ એણે હૃદયપૂર્વક ક્ષમા યાચના કરી: "મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે; તે મારા માર્ગને સારુ અજવાળારૂપ છે." 'હું ભૂલા પડેલા મેંઢાની પેઠે ભટકી ગયો છું. તારી આજ્ઞાઓથી ચૂકીને મને ભટકવા ન દે."

"હું તારાં શાસનોનું મનન કરીશ; અને તારા માર્ગોને માનપૂર્વક જોઈશ. તારા વિધિઓ પાળવામાં મને આનંદ થશે." (ગીત. ૧૧૯)

–અને એનું હૈયું હર્ષથી પુલક્તિ બની ગયું. આકાશ તરફ આંખો ઊંચી કરીને જોયું તો, વર્ષના પ્રથમ દિનની ઉષાનાં મૃદુકિરણો પ્રગટી રહ્યાં હતાં! સ્વર્ગીય પિતા સમક્ષ, નવી શક્તિ અને નવા સામર્થ્ય માટેની અભ્યર્થના સાથે, એણે નવા નિશ્ચય, સંકલ્પ અને શપથના દીપકની 'વાટ' સંકોરીને એને વધુ પ્રજ્વલ્લિત કર્યો. અને એના દિવ્ય પ્રકાશમાં, ૧૯૮૨ના વર્ષની આથમતી સંધ્યાએ, ઈસુના ૧૯૮૩ના વર્ષની દિવ્ય પ્રભાતે, નવા પંથ ઉપર, નવી આશા, સામર્થ્ય, આનંદ અને અચલ શ્રદ્ધા સહિત, વિજયી ખ્રિસ્તી જીવન જીવવા એણે દૃઢતાપૂર્વક પગલાં માંડ્યાં.

□

# આકસ્મિક મૃત્યુ

શાંત જીવનજલની સપાટી પર સરી જતી નૈયા, હજુ તો તોફાની મોજાંનો પછડાટ અનુભવે, તે પહેલાં અગાધ ઊંડાણમાં ક્યાં ગાયબ થઈ ગઈ?

હળવા વાતાવરણમાં. હજુ તો હમણાં જ પ્રજ્વલિત થયેલો દીપક પોતાનાં તેજકિરણો પ્રસરાવે, દિશાઓને પ્રકાશથી ભરી દે, તે પહેલાં જ આમ અચાનક ક્યાં અંધકારમાં વિલીન થઈ ગયો?

પ્રભુતાનું પ્રભાત તો હમણાં જ ઊગ્યું હતું. જીવનનું સુંદર પુષ્પ બનવા થનગનતી કોમળ કળી હજુ તો હમણાં જ પોતાની મૃદુ પાંખડીઓ ઉઘાડવા મથતી હતી, ત્યાં એ અણધારી ક્યાં મુરઝાઈ ગઈ?

પણ,

ઈશ્વરના નિર્મિત સંયોગો સમક્ષ,

મનુષ્યશક્તિ મર્યાદિત છે. તે નિર્બળ છે. અસહ્ય છે. અશક્ત છે. લાચાર છે.

વાવાઝોડું ત્રાટક્યું, ઝંઝાવાત આવી પડ્યો, તુફાને કેર વર્તાવ્યો. ધરતીકંપે વિનાશ વેર્યો.

શા માટે? 'શા માટે' એ પ્રશ્નના પ્રત્યુત્તરનો પ્રશ્ન તો બાજુએ રહ્યો, પણ એવા પ્રશ્નનો જ કોઈ 'પ્રશ્ન' નથી.

કારણ, પ્રભુ જ સર્વજ્ઞ છે, સર્વવ્યાપી છે.

યાઐરસને, મૃત્યુ પામેલી પુત્રી પાછી મળી.

બેથનિયાહની બહેનોને વહાલસોયો ભાઈ પાછો મળ્યો.

નાઈનનગરની વિધવાને એનો લાડલો પુત્ર પાછો મળ્યો. કારણ? ત્યાં અને ત્યારે, ઈસુ હતો. ત્યારે એ જીવનદાતા સદેહે ધરતી પર વિહરતો હતો.

આજે એ નથી?

અવશ્ય છે. ઈસુ ગઈ કાલે હતો, આજે પણ છે, અને આવતી કાલે પણ છે જ.

ઈસુ આજે વિદ્યમાન છે.

પરાજિત થયેલો વધસ્તંભ.

ગબડી ગયેલો કબર આગળનો પથ્થર.

ત્યાં એ વિજયવંત બનીને આજેય ઊભો છે.

મૃત શરીરને જાગવાની, કે કબરમાંથી બહાર આવવાની આજ્ઞા કરવા, આ યુગમાં ભલે શારીરિક સ્વરૂપે ઈસુ હાજર નથી. પરંતુ જીવંત ઈસુનાં આ જીવંત વચનો, પોતાના પ્રિયજનના અવસાનથી શોકમગ્ન એવાં કોઈ પણ માતા, પિતા, પુત્ર, પુત્રી, ભાઈ, બહેન, પતિ કે પત્નીને આજે પણ દિવ્ય સાંત્વન આપે છે, અને વહાલા સ્વજનના પુનર્મિલનની અમર આશા અને ખાતરી બક્ષે છે:

"તમે રડતા તથા વિલાપ કરતા હશો.

પણ તમારો શોક આનંદમાં પલટાઈ જશે...

મારી દૃષ્ટિ ફરી તમારા ઉપર પડશે અને તમારું હૈયું હરખાઈ ઊઠશે, અને તમારો હર્ષ કોઈ લૂંટી નહિ શકે..."

"પુનરુત્થાન હું છું અને જીવન પણ હું જ છું."

□

# વસંત

"હે લબાનોન, તારાં દ્વાર ઉઘાડ, કે અગ્નિ તારાં એરેજવૃક્ષોને ભસ્મ કરે; હે દેવદારવૃક્ષ, બૂમ પાડ, કેમ કે એરેજવૃક્ષ પડી ગયું છે. કારણ કે ભવ્ય વૃક્ષો ખેદાનમેદાન થઈ ગયાં છે...ઓકવૃક્ષો, બૂમ પાડો, કેમ કે સુરક્ષિત ધાડું વન જમીનદોસ્ત થઈ ગયું છે."

(ઝખાર્યા ૧૧)

"ખેતરોને ખેદાનમેદાન કરી મૂકવામાં આવ્યાં છે, ભૂમિ શોક કરે છે, કેમ કે અનાજનો નાશ થયો છે. નવો દ્રાક્ષારસ સુકાઈ ગયો છે...દ્રાક્ષવેલા સુકાઈ ગયા છે, ને અંજીરી ચીમળાઈ ગઈ છે... સીમનાં બધાં વૃક્ષ સુકાઈ ગયાં છે...માણસોમાંથી હર્ષનો લોપ થઈ ગયો છે"

"દુઃખથી પશુઓ કેવાં ચીસ પાડે છે! તેમને વાસ્તે બિલકુલ ચારો નથી...કેમ કે પાણીના વહેળાઓ સુકાઈ ગયા છે, ને અગ્નિએ વનનાં ગૌચરો ભસ્મ કર્યાં છે..." (યોએલ)

* * *

વિસ્તાર વેરાન હતો. પ્રદેશ ઉજ્જડ હતો. ભૂમિ સૂકી હતી. ગરમ પવન સુસવાટા મારતો હતો. ધૂળની ડમરી ઊડતી હતી. સૂર્યનાં પ્રખર કિરણો જમીનને શેકી નાખતાં હતાં, આકાશમાંથી જાણે અંગારા ઝરતા હતા. અગ્નિની જ્વાળાઓ વાતાવરણ તપાવી નાખતી હતી–સળગી ઊઠેલી શુષ્ક ધરતીની જાણે ઝાળ લાગતી હતી.

કોઈ મનુષ્ય ન હતું, પ્રાણી ન હતું, પંખી ન હતું. શીતળતાનું નામ ન હતું. જલનું બિંદુયે ન હતું. દઝાડતા પવનના સુસવાટા સિવાય, જાણે ભયાનક નીરવતા હતી.

આવી બિહામણી અને ભયાનક શાંતિમાં, સૂકાં વૃક્ષો મૃતપ્રાય હાલતમાં ઊભાં હતાં. નૈસર્ગિક પોષણવિહોણાં, સૃષ્ટિના ઉછેર વિનાનાં, એ ત્યાં જડ સ્થિરતા અનુભવતાં હતાં. સૂકી ડાળીઓમાં પ્રકૃતિનું જીવન, ચેતન કે સંચાર ન હતાં.

એ શાપિત જગત હતું–શુષ્ક વનપ્રદેશ–શાપિત અને નિષ્ફળ વૃક્ષ, આનંદ અને આશિષહીન જીવનનું પ્રતીક!

* * *

સંત યોહાને કહ્યું, કે 'હમણાં વૃક્ષના મૂળ પર કુહાડી મંડાયેલી છે. ઉત્તમ ફળ નહિ આપનાર વૃક્ષને કાપી નાખીને આગમાં ફેંકી દેવામાં આવશે.'

મનોરમ્ય અને હરિયાળી ભૂમિ ક્યાં છે? શીતળ હવા ક્યાં લહેરાય છે? વૃક્ષોની શીતળ છાયા ક્યાં અનુભવાય છે? શુષ્ક ધરતીની તૃષા કોણ છીપાવે છે? પ્રાણીઓના સાદ ક્યાં સંભળાય છે?

પંખીઓનો મધુર નાદ અને કર્ણપ્રિય સંગીતના સૂરો ક્યાં રેલાય છે? વસંતની વનરાજી ક્યાં ખીલી ઊઠે છે?

પ્રભુ ઈસુએ એક રૂપકમાં કહ્યું: 'એક માણસે દ્રાક્ષવાડીમાં અંજીરી રોપી હતી. તેના પર તેણે ફળની શોધ કરી, પણ તે તેને મળ્યું નહિ.' ત્યારે માળીને તેણે કહ્યું: 'વર્ષોથી આ અંજીરી પરથી હું ફળ શોધ્યા કરું છું, પણ મળતું નથી. તેને કાપી નાખો. તે નકામી જગા કેમ રોકે છે?'–નિષ્ફળ વૃક્ષ!

* * *

ખ્રિસ્તી મનુષ્યનું 'જીવનવૃક્ષ' ક્યાં ઊગે છે?

ક્યાં ફૂલે–ફાલે છે? શુષ્ક જમીન પર? કે હરિયાળી ધરતી પર? શોક કરતી ભૂમિ પર? કે ભરપૂર નદીના કિનારા પર?

"ખ્રિસ્તમય જીવન જીવતો માનવી 'નદી પાસે રોપાયેલા' વૃક્ષ સમાન થશે."

'ઈશ્વરની નદી સર્વદા પાણીથી ભરેલી છે' અને એ જ નદીના તીરે ઊગેલું મનુષ્યનું જીવનવૃક્ષ ખીલી ઊઠે છે, અને તેનાં પાંદડાં કદી પણ ચીમળાતાં નથી; અને એવા જીવનવૃક્ષ પર, આધ્યાત્મિક, પ્રભુમય અને આશીર્વાદિત જીવનની વસંત પૂરબહારમાં મહોરી ઊઠે છે.

"તારી પત્ની તારા ઘરના અંતઃપુરમાં ફળવંત દ્રાક્ષવેલા જેવી થશે. તારાં બાળકો તારા મેજની આસપાસ જૈતુનવૃક્ષના રોપ જેવાં થશે. જે પ્રભુની બીક રાખે છે તેને એવો આશીર્વાદ મળશે."

□

# "માફીનો ઉત્તર?"

"હે પિતા! જેમ અમે અમારાં ઋણીઓને માફ કર્યાં છે, તેમ તમે અમારાં ઋણો અમને માફ કરો."

—'પ્રભુની પ્રાર્થના'માં આવતા આ અત્યંત જવાબદારીભર્યા વચનનો ઉલ્લેખ કરીને એક અંગ્રેજ લેખક આ પ્રમાણે જણાવે છે: "જો સ્વતંત્રતાનો આનંદ માણવાની આપણી ઇચ્છા હોય, તો આપણે પિતાને કહેવું પડશે, કે અમને અમારા કરેલા અપરાધોનો ભાર લાગે છે, અને અમે મુક્ત થવા માગીએ છીએ. આ એક શરત છે. પરંતુ એટલું જ બસ નથી. જો સંપૂર્ણ આનંદ અને સ્વાતંત્ર્યનો અનુભવ કરવાની ઇચ્છા હોય તો અન્ય શરતો પણ ઊભી જ છે. પ્રભુએ પોતે પોતાના જીવન દ્વારા દર્શાવ્યું છે. ક્ષમા પામવાની ઇચ્છા હોય પણ ક્ષમા આપવાની તૈયારી ન હોય, તો પિતા પણ એમ જ કરશે. આપણે માગણી કરતાંની સાથે તેને અનુરૂપ વર્તન પણ દાખવવું જોઈએ. પ્રત્યેક માનવીએ નૈતિક હિંમત દાખવીને પાપની કબૂલાત કરવી જોઈએ. આપણાં સ્નેહીજનોને આપણાથી અલગ પાડતી 'દીવાલ'ને દૂર કરવાની આપણી તૈયારી હોવી જોઈએ."

એક વિખ્યાત અંગ્રેજી ઉક્તિમાં ક્ષમાની દિવ્યતાનો જ મહિમા ગાયો છે: To err is human; to forgive is divine.

મનુષ્ય પાપ આચરે તે સ્વાભાવિક છે. અપરાધ કે ગુનો કરનારને મનુષ્ય દ્વારા ક્ષમા મળવી તે એટલું સ્વાભાવિક કે સરળ નથી. ક્ષમા આપવા સારુ નમ્રતા, સ્વનકાર, ત્યાગ અને આધ્યાત્મિક સામર્થ્યની જરૂર છે. ક્ષમા આપવામાં પ્રભુતા રહેલી છે.

ક્ષમા આપવાના સંદર્ભમાં પ્રભુ ઈસુએ પ્રબોધેલા આદેશોમાં કેટલું બધું ઔદાર્ય દાખવ્યું છે! 'સાત વાર નહિ, પણ સિત્તેરગણી સાત વાર.' માલિકે નોકરનું દેવું માફ કર્યું પણ નોકર પોતાના સાથીદારનું દેવું માફ કરી શક્યો નહિ! 'ક્ષમા આપો અને ક્ષમા પામો.'

સુખ-સમૃદ્ધિમાં, કે સાનુકૂળ પરિસ્થિતિમાં ક્ષમા આપવી સરળ છે. સ્વજનને, સ્નેહીને કે મિત્રને ક્ષમા આપવી તે કદાચ મુશ્કેલ નથી. પણ પ્રતિકૂળ સંજોગોમાં, કપરી પરિસ્થિતિમાં કે અત્યંત દુઃખભરી હાલતમાં ક્ષમા આપવી, તે અનહદ પ્રેમ, ભારે ધૈર્ય અને અપૂર્વ ત્યાગ માગી લે છે.

નિષ્કલંક પ્રભુ ઈસુ જુલમગારોના હાથોમાં સોંપાયા, અને ત્યાર બાદ નિંદા, અપમાન અને મશ્કરી, વિંઝાતા કોરડાનો માર, કાંટાનો તાજ, અને અંતે વધસ્તંભ પર હાથ પગમાં ભોંકાયેલા ખીલાની અકથ્ય વેદના આ બધું સહન કરતાં કરતાં પણ સિતમ ગુજારનારાઓ માટે પિતા પાસે ક્ષમાની યાચના કરી–પ્રેમ, દયા, અનુકંપા અને ક્ષમાની ભાવનાથી ભરેલું હૃદય!

–જેઓના હસ્તે નિર્દોષ રક્ત કાલ્વરીના ડુંગર પર રેડાયું, તેમના 'અજાણપણા'માં ખ્રિસ્તને તેમની નિર્દોષતા અને લાચારીનાં દર્શન થયાં! ભવિષ્ય કથનની પરિપૂર્ણતા નિહાળી!

× × ×

–અને દૂર દૂર, લીલા ડુંગર પર, શહેરના કોટની બહાર,'

જ્યાં કષ્ટની મર્યાદા ન રહી,

દુઃખની હદ ન રહી,

દર્દની સીમા ન રહી,

ત્યાં મૃત્યુ પામેલા અને ત્રીજે દિને પુનઃસજીવન થયેલા ખ્રિસ્તના રુધિર દ્વારા પૃથ્વીની પ્રજાઓના પાપની 'ક્ષમા' સિદ્ધ થઈ. સમસ્ત વિશ્વની 'માફી' માટેનો એ જ પ્રત્યુત્તર છે.

"મુજ પાપના ડાઘ ધોશે કોણ?
ઈસુનું રુધિર છે વહેતું."

"મુજ માફીનો ઉત્તર તે જ,
ઈસુનું રુધિર છે વહેતું."

□

# આંખ

"તારા વચનનું મનન કરવા સારુ મારી આંખો રાતના છેલ્લા પહોર અગાઉ ઊઘડી ગઈ હતી." ( ગીત. ૧૧૯ : ૧૪૮ )

કૅમેરાની શોધ અદ્‌ભુત છે.

એની યાંત્રિક રચના દૃશ્યને આબેહૂબ ઝડપે છે. એકવાર ઝડપાઈ ગયેલું દૃશ્ય એક જ સ્થિતિમાં ત્યાં સ્થિર કે કાયમ રહેતું નથી. પળવારમાં એ પરિવર્તન પામે છે. પણ કૅમેરામાં કેદ થઈ ગયેલી તસ્વીર એક ઇતિહાસ બની જાય છે ભૂતકાળમાં ભંડારાયેલી એક કથા તે ભાવિને પ્રગટ કરે છે......

પણ કૅમેરાની શોધ માનવ શરીરના જે અંગ ઉપરથી થઈ છે, તે 'આંખ'નું શું? શરીરનું અતિ આવશ્યક—બલ્કે અનિવાર્ય અંગ આંખ છે. આ દુનિયા મનુષ્ય આંખ વડે નિહાળે છે. જગતનું સૌંદર્ય, એની કુરૂપતા, વિવિધતા, રંગબેરંગી રૂપ, વિગેરે. આંખનું સર્જન આશ્ચર્યજનક અને અદ્‌ભુત છે. એ એના મહાન સર્જકનું ગૌરવ પ્રગટ કરે છે-તેનો મહિમા ગાય છે.

આંખ વગર કેમ ચાલે? અંધાપો આવે ત્યારે દૃષ્ટિની મહત્તા સમજાય. અંધજનોની દુનિયા કોણ વર્ણવી શકે? શું એમની સૃષ્ટિમાં શૂન્યતા જ હશે? એમના જગતમાં ચારેકોર અંધકાર જ ભરેલો હશે? ચારે દિશે કાલિમા છવાઈ હશે? અનંત અમાસની રાત્રિ જેવી!

પણ આંખ માત્ર જોવાનું કાર્ય કરતી નથી. એ હકીકત છે, કે માનવ સ્વભાવનું પ્રત્યેક લક્ષણ આંખમાં દૃષ્ટિમાન થાય છે. આંખો વડે વાતચીત થાય-આંખો રડે, હસે. એમાં દેખાય અનુકમ્પા,

પ્રેમ, રોષ, ઈર્ષ્યા, અભિમાન. વળી આંખોમાંથી અમૃત પણ નીતરે છે. કવચિત્ ઝેર પણ.

જગતમાં ચક્ષુહીન માનવીઓની સિદ્ધિઓ અનુપમ છે. અંધ-જનોને લખતા વાંચતા કરી દેનાર, બ્રેઈલ લિપીના શોધક, મહાન શિક્ષક, બ્રેઈલ લુઈસે ત્રણ વર્ષની ઉંમરે આંખો ગુમાવી હતી. આજે અંધવિશ્વ તેનું કેટલું ઋણી છે! વિશ્વવિખ્યાત સન્નારી હેલનકેલરે માંદગીમાં આંખો ગુમાવી, અને ૧૯ માસની ઉંમરે મૂક અને બધિર બન્યાં છતાં તેઓની સિદ્ધિઓ જગતમાં અભૂતપૂર્વ ગણાય છે. ચક્ષુહીન મહાનુભાવોની સિદ્ધિઓ સરજનહારના મહિમાનું ગીત ગાય છે. તેના ગૌરવનો જ પોકાર કરે છે.

પ્રભુ ઈચ કહે છે, કે શરીરનો દીપક આંખ છે. જો આંખ નિર્મળ હશે તો શરીર પ્રકાશથી ભરપૂર થશે. ઈસુએ પોતાના જીવન કાળ દરમિયાન ઘણા અંધજનોને આંખો આપી. બારતીમાય પોતાની શ્રદ્ધાને કારણે ઈસુ પાસેથી દૃષ્ટિ પામીને ઈસુની પાછળ ચાલ્યો. ચક્ષુહીન માનવીઓને આંખો મળી, ઈસુ મળ્યો અને તેઓ તેની પાછળ ચાલ્યા. પરંતુ એમ્મૌસના બે પ્રવાસીઓની સાથે ઈસુ ચાલ્યો; તો પણ તેઓની આંખો, ખુલ્લી છતાં બંધાઈ ગયેલી હોવાથી તેને ઓળખી પણ શકયા નહિ! ઈસુએ સ્તુતિ કરીને રોટલી ભાંગી, તેઓને આપી ત્યારે જ તેઓની આંખો ઊઘડી ગઈ...

ઈસુ આજે જીવનપંથના પ્રત્યેક પ્રવાસી સાથે ચાલે છે, સાથે ભોજન લે છે, સાથે વાતચીત કરે છે, તે આજે પ્રત્યેકનાં અંતર્ચક્ષુ ખોલી નાખી શકે છે.

જે દેખાતું નથી તે જોવાને માટે, જે સમજાતું નથી તે સમજવાને માટે તે 'દૃષ્ટિવિહીન' વલણ દૂર કરવા માટે આધ્યાત્મિક જીવનમાર્ગ પર તેની સાથે ચાલવા માટે, ઈસુનું સત્યદર્શન પામીને 'સાચી દૃષ્ટિ' પ્રાપ્ત કરવા માટે, આજની દુનિયાની 'બંધાઈ

ગયેલી' આંખોને ખ્રિસ્ત ઈસુ જ નવી દૃષ્ટિ, નવું દર્શન આપી શકે છે...

પણ, 'મને ક્યાંથી સહાય મળે?'

'હે આકાશમાં બિરાજનાર! હું તારી ભણી મારી આંખો ઊંચી કરું છું. જુઓ, જેમ દાસોની આંખો પોતાના શેઠોના હાથ તરફ તાકેલી રહે છે, તેમ અમારા દેવ યહોવાની અમારા પર દયા થાય ત્યાં સુધી, અમારી આંખો તેની ભણી તાકી રહે છે. (ગીત. ૧૨૩)

"તારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્યકારક વાતોનું અવલોકન કરવા માટે મારી આંખો ઉઘાડ."

અને ત્યારે જ, પ્રત્યેક હૃદય ફરી ગાઈ ઊઠશે:

"તારા વચનનું મનન કરવા સારુ મારી આંખો રાતના છેલ્લા પહોર અગાઉ ઊઘડી ગઈ હતી."

□

# સ્વર્ગનું દ્વાર

'શું મરણદ્વારો તારી આગળ ખુલ્લાં થયાં છે ?
કે મૃત્યુછાયાના દરવાજા શું તેં જોયા છે ?

(અયુબ ૩૮ : ૧૭)

મનુષ્ય સમક્ષ, તેનું આધ્યાત્મિક પતન કરનારું કોઈ પણ પ્રકારનું પ્રલોભન, પરીક્ષણ આવે છે, ત્યારે તેની સમક્ષ સ્વાભાવિક રીતે જ બે વિકલ્પ હોય છે. પ્રલોભનમાં પડી જવું ,અગર તેનો પ્રતિકાર કરીને તેના પર વિજય મેળવવો. બંને પરિણામો એકમેકથી તદ્દન ભિન્ન છે. કોઈ પણ એક પરિણામ માનવીનું ભાવિ પલટી શકે છે.

પ્રલોભન માનવી માટે કઠિન પ્રશ્ન છે. શેતાન પરીક્ષણરૂપે તેની સંમુખ ઉપસ્થિત થાય છે. માનવીના આંતરિક, આત્મિક સામર્થ્ય કરતાં, જો એમાં સમાયેલું લલચાવનારું, લોભાવનારું તત્ત્વ બળવત્તર હોય, તો માનવીની નિર્બળતા તેના જીવનમાં પતનનું નિર્માણ કરી શકે છે. એથી ઊલટું, કોઈ પણ પ્રકારના પ્રલોભન પર મનુષ્ય પોતાના આધ્યાત્મિક સામર્થ્ય દ્વારા જય મેળવે, તો તે જીવનમાં સાચી શાંતિના અનુભવમાં, ઈશ્વરપિતાની નિકટતમ હાજરી, આશીર્વાદ અને સ્વર્ગનો આનંદ પ્રાપ્ત કરી શકે છે.

'ઈશ્વર કોઈને પરીક્ષણમાં નાખતો નથી' (યાકુબ ૧ : ૧૩)

તે પોતાની દુર્વાસનાનો ભોગ બને છે. પ્રલોભનને વશ થઈ જવું તે ઈશ્વરની ઇચ્છાની વિરૂદ્ધ છે અને તેની આજ્ઞાનું ઉલ્લંઘન છે. તેથી મનુષ્ય પ્રભુના રાજ્યનો વારસો ગુમાવે છે. પ્રલોભન એ યુગો-પુરાણી પ્રક્રિયા છે.

* * *

ઈશ્વરપિતાએ આકાશ તથા પૃથ્વીનું સર્જન કર્યું અને પોતાની પ્રતિમા પ્રમાણે માનવીનું સર્જન કર્યું. પૃથ્વી પર સુંદર એદનવાડી બનાવીને તેનું રક્ષણ કરવાને, આદિ સ્ત્રીપુરૂષને તે સુપ્રત કરી, પરંતુ ફળવૃક્ષોથી ભરપૂર આ વાડીમાં આવેલા એક વૃક્ષનું ફળ ખાવાને મનાઈ ફરમાવી. ત્યાં ધૂર્ત શેતાન સર્પસ્વરૂપે ઉપસ્થિત થયો અને 'જોવામાં સુંદર અને ખાવામાં ઉત્તમ' એવું ફળ આરોગવાને માટે સ્ત્રીને પ્રલોભનમાં નાખી...આ પરીક્ષણનો પ્રતિકાર ન થઈ શક્યો. ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન થયું, અને જગતમાં 'મૃત્યુ'નો પ્રવેશ થયો.

સુંદર અને રમણીય સ્થાનમાંથી સ્ત્રીપુરૂષને હડસેલી મૂકવામાં આવ્યાં. સ્વર્ગસમા એદનબાગના દરવાજા ભિડાઈ ગયા. માનવીએ સ્વર્ગ ગુમાવી દીધું......

* * *

ઈશ્વરપિતાના પ્રિય પુત્ર પ્રભુ ઈસુનું પરીક્ષણ શેતાનથી થાય, તે માટે આત્મા દ્વારા તેઓને રાનમાં દોરી જવામાં આવ્યા. ચાળીસ દિવસ અને રાત્રીના ઉપવાસ પછી, પથ્થરનું રોટલીમાં રૂપાંતર કરી દઈને તે આરોગવાનું, ઊંચા બુરૂજ પરથી પોતાની જાતને નીચે નાખીને અદ્દભુત ચમત્કાર સર્જવાનું અને જગતના મહિમા અને વૈભવનો સ્વીકાર કરીને, પિતાએ પોતાને માટે નિયુક્ત કરેલા કામમાંથી ચલિત થવાનું સરળ હતું. પરંતુ, માનવજાતને પાપમાંથી મુક્તિ અપાવવા અને સ્વર્ગના રાજ્યનો વારસો આપવા પ્રભુ ઈસુ આવ્યા હતા. તેઓએ શેતાનને દૂર હડસેલ્યો અને પ્રલોભનો પર અભૂતપૂર્વ વિજય મેળવ્યો.

"જોવામાં સુંદર અને ખાવામાં ઉત્તમ" એવા પ્રતિબંધિત વૃક્ષનું ફળ સ્ત્રીએ ખાધું. પ્રભુએ પ્રશ્ન કર્યો કે, "આ તેં શું કર્યું છે?" તેણે પ્રત્યુત્તર આપ્યો: 'સર્પે મને ભુલાવી, અને મેં ખાધું.'

પ્રભુ ઈસુ કહે છે, કે 'કોઇ તમને ન ભુલાવે માટે સાવધાન રહો.' 'જાગતા રહો, અને પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન આવો.'

* * *

"જે મનુષ્ય પરીક્ષણમાંથી પાર ઊતરે છે, તેને ધન્ય છે... ઈશ્વર કોઈને પરીક્ષણમાં નાખતો નથી. મનુષ્ય પોતાની દુર્વાસનાથી ખેંચાઈને અને લલચાઈને પરીક્ષણમાં પડે છે. દુર્વાસના ગર્ભ ધરીને પાપને જન્મ આપે છે, અને પાપ પરિપકવ થઈને મૃત્યુ નિપજાવે છે (યાકુબ ૧ : ૧૨-૧૬).

આજના જગતમાં પણ પ્રલોભનકારી તત્ત્વો સામે માનવી ઘણી વાર ઝૂકી પડે છે; ક્ષણિક, ભૌતિક અને વિનાશી સુખને ખાતર પોતાનું ચારિત્ર્ય, સ્થાન, માન-સન્માન અને જીવન, સર્વસ્વ ગુમાવે છે.

"જેઓ ધનવાન થવાની ઇચ્છા રાખે છે, તેઓ પરીક્ષણમાં, ફાંદામાં, તથા ઘણી મૂર્ખ અને નાશકારક તૃષ્ણામાં પડે છે કે જેઓ માણસોને વિનાશમાં તથા અધોગતિમાં ડુબાવે છે (૧ તિમોથી ૬ : ૯).

પરંતુ એ પરીક્ષણ, પાપ, અને મૃત્યુ પર વિજય મેળવનાર પ્રભુ છે. તેની આજ્ઞાઓનું પાલન કરનારા માનવીઓને માટે સ્વર્ગનું દ્વાર ખોલી નાખે છે:

"મારા પિતાના આશીર્વાદિતો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારુ સિદ્ધ કરેલું છે, તેનો વારસો લો."

* * *

"આત્મા મંડળીઓને જે કહે છે તે જેને કાન છે તે સાંભળે. જે જીતે છે, તેને દેવના પારાદૈસમાંના જીવનના ઝાડ પરતું ફળ ખાવાને હું આપીશ" (પ્રકટીકરણ ૨ : ૭).

"-પછી મેં જોયું, તો જુઓ, આકાશમાં એક દ્વાર ઉઘડેલું હતું!" (પ્રકટીકરણ ૪ : ૧)

□

# 'ઈશ્વર આપણી સાથે'

"...અને તેનું નામ તે ઈમાનુએલ પાડશે..."

નામની દુનિયા વિશાળ છે.

નામની કહાણી અનંત છે.

નામનો ઇતિહાસ કદાચ સૌથી પુરાણો છે.

જગતમાં કોઈપણ ચીજ–જીવંત કે નિર્જીવ–નામ વગરની નથી જ.

મનુષ્ય, પ્રાણી, પંખી, વનસ્પતિ, વૃક્ષ, ફળ શાકાદિ, પર્વત, નદી, શહેર, ગામ, સ્થળ, શેરી, માર્ગ, મકાન–વિગેરે કંઈક ને કંઈ નામ ધરાવે છે. કોઈ નવું સર્જન થાય, તો તેને નામ અપાય છે. પ્રત્યેક નામ ઘણી વાર અર્થસૂચક હોય છે. દરેક નામનો કંઈક પ્રભાવ હોય છે. નામ આપવું, નામ પાડવું–એ ક્રિયાને માટે ખાસ વિધિનું આયોજન થાય છે.

ઈશ્વરનું નામ મહાન અને ગૌરવી છે.

"હું જ ઈશ્વર છું. એ જ મારું નામ છે" (યશાયા ૪૨ : ૮).

"ઈશ્વર આખી પૃથ્વી પર રાજા થશે, ને તે દિવસે ઈશ્વર એક જ મનાશે, ને તેનું નામ એક જ હશે" (ઝખા. ૧૪ : ૯).

"હે ઈશ્વર...તું મહાન છે, અને સામર્થ્યમાં તારું નામ મોટું છે" (યિર્મે. ૧૦ : ૬).

—અને પ્રભુ ઈસુનું નામ પૃથ્વી પરનું શ્રેષ્ઠ નામ છે.

"તેને દૂતો કરતાં જેટલે દરજ્જે ચઢિયાતું નામ વારસામાં મળ્યું છે, તેટલે દરજ્જે તે તેઓ કરતાં ઉત્તમ થયો છે (હિબ્રૂ ૧ : ૪).

"એને લીધે, પ્રભુએ તેને ઘણો ઊંચો કર્યો, અને સર્વ નામો કરતાં તેણે તેને એવું શ્રેષ્ઠ નામ આપ્યું...(ફિલિપી. ૨ : ૯–૧૦).

કોઈપણ કુટુંબમાં બાળકનો જન્મ, એ માતાપિતા માટે તેમ જ સ્વજનો અને સ્નેહીઓની કૌટુંબિક સૃષ્ટિમાં સ્મરણીય અને હર્ષોલ્લાસનો પ્રસંગ બની રહે છે.

ત્યાર પછી પોતાના પ્રિય પુત્ર કે પુત્રીનું નામ પસંદ કરવાનો સમય આવે છે. કર્ણપ્રિય, સુંદર અને અર્થપૂર્ણ નામની શોધ ચાલે છે, અને નામની આખરી પસંદગી બાદ પ્રભુમંદિરમાં બાપ્તિસ્માના પવિત્ર સંસ્કાર દ્વારા એ નામ વિધિસર આપવામાં આવે છે, અને બાળક પ્રભુની મંડળીમાં, વિશેષ પ્રકારના સંબંધમાં 'નામ સાથે' પ્રવેશ પામે છે...

પ્રભુના દૂતે વૃદ્ધ ઝખાર્યાને પુત્ર જન્મની વધામણી આપીને કહ્યું કે, તું તેનું નામ યોહાન પાડશે.

મરિયમ નામની કુમારિકાને પ્રભુના દૂતે પુત્ર જન્મની વધામણી આપીને કહ્યું ...તને પુત્ર થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે.

યશાયા પ્રબોધકે ભાખેલું ભવિષ્યકથન સંપૂર્ણ થયું એટલે,

"કુંવારી કન્યાને ગર્ભ રહેશે, અને તેનું નામ તેઓ ઈમાનુએલ પાડશે." અર્થાત્, 'ઈશ્વર આપણી સાથે.'

ગભાણમાં ઈસુનો જન્મ થયો.

આઠ દિવસ પછી, તેની સુન્નત કરાવવાનો સમય આવ્યો, ત્યારે તેઓએ તેનું નામ ઈસુ પાડ્યું, કે જે નામ ગર્ભાધાન અગાઉ દૂતે પાડ્યું હતું.

"અદ્ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, અને શાંતિનો સરદાર–ઈસુ."

ઈશ્વરે જગત પર પ્રેમ કર્યો તેનો એકનો એક પુત્ર આપી દીધો તેના પરની શ્રદ્ધા દ્વારા મનુષ્યનો વિનાશ ન થાય, પણ તે શાશ્વત જીવન પામે.

પ્રભુ ઈસુના આગમન સાથે માનવજાતની સાથે ઈશ્વરપિતાનો સંબંધ-સાથ સંસ્થાપિત થયો. પ્રેમનું દર્શન, પુત્રની ભેટ, પૃથ્વી પર શાંતિ, આનંદ અને મુક્તિ.

ઈસુના જન્મ દ્વારા જગતની દુઃખી, શ્રમિત, ભારથી લદાયેલી, કચડાયેલી અને પાપના બંધનમાં જકડાયેલી માનવ સૃષ્ટિને ઈશ્વરનો સાથ સાંપડયો, અને એ સાથ, ઈસુના જીવન દ્વારા સમગ્ર જગતના જીવનમાં મૂર્તિમંત થયો......પ્રભુ ઈસુનો જન્મ આશરે બે હજાર વર્ષ પૂર્વે થયો.

આજે એ મુક્તિદાતાની જન્મજયંતી છે.

ઈસુના જન્મ સાથે, "ઈશ્વર માનવ જાતની સાથે" એ અભયવચન સિદ્ધ થયું ત્યારથી આજ પર્યંત ઈશ્વર મનુષ્ય સાથે "હતો, છે અને રહેશે" એવા 'ઈમાનુએલ'ના નામના ભાવાર્થની યથાર્થતા તથા સાર્થકતા પૃથ્વી પર સૌનાં હૃદયોમાં જન્મે, એ જ પ્રાર્થના.

° ° °

"નોએલ, નોએલ, દેહધારી થયો ઈમાનુએલ'
"માનવમાં માનવ થયેલ, ઈસુ તે જ ઈમાનુએલ"

□

# જીવનજળ

'સ્વાદવિહીન, રંગવિહીન, પારદર્શક પ્રવાહી, ઑક્સિજન અને હાઈડ્રોજન વાયુનું મિશ્રણ...શબ્દકોષમાં કંઈક એવો ભાવાર્થ પાણીનો આપેલો છે. જો કે સમુદ્રનાં પાણી ખારાં અને નદી-સરોવરનાં પાણી ઘણું કરીને મીઠાં હોય છે. મનુષ્યના જીવનમાં, રોજના વ્યવહારમાં, પાણીની જરુરિયાત અને ઉપયોગીતા વિષે જેટલું કહેવાય તેટલું ઓછું છે. મનુષ્ય, પ્રાણી-પંખી અને વનસ્પતિને પણ પાણીની અનિવાર્ય અગત્ય છે. પાણી ઉપર જીવન નિર્ભર છે. સમગ્ર જીવંત-સૃષ્ટિને જીવંત રાખવામાં પાણીનો હિસ્સો અમૂલ્ય છે. પાણીથી માનવી તૃષા છિપાવે છે; વળી પાણી વડે જ ધાન્ય ઉત્પન્ન થાય છે, માનવીની ક્ષુધા મિટાવે છે.

પાણી માનવીય સંબંધો વિકસાવે છે. પાણી પાવાની સાદી પ્રક્રિયામાં પ્રેમભર્યા બંધુત્વની વિશાળ ભાવના પ્રગટ થાય છે.

–પૃથ્વી પર પાણી કેવી રીતે આવ્યું ?

પવિત્ર બાઇબલમાં, પ્રથમ પુસ્તકના પ્રથમ પાને જ ફકરામાં પાણીના સર્જનનો ઉલ્લેખ થયો છે.

".........જલનિધિ પર અંધારું હતું, ને દેવનો આત્મા પાણી પર હાલતો થયો.........અને દેવે કહ્યું કે પાણીની વચ્ચે અંતરિક્ષ થાઓ, ને પાણીને પાણીથી જુદાં કરો.........અને દેવે કહ્યું, કે આકાશ નીચેનાં પાણી એક જગામાં એકઠાં થાઓ.......ને એકઠાં થયેલાં પાણીને સમદ્રો કહ્યા......"

આદિએ પરમેશ્વરે સૃજેલી સૃષ્ટિ આજે પણ જીવંત છે. આજે પણ પૃથ્વીની સપાટી જમીન અને પાણીમાં વહેંચાયેલી છે. સમગ્ર ધરતીનો આશરે ૭૧ ટકા ભાગ પાણીએ રોકયો છે. શાંત અને ગંભીર 'વ્યક્તિત્વ' ધરાવતો વિરાટ 'પ્રશાંત'–પેસિફિક–મહાસાગર, તોફાની આટલાંટિક અને અન્ય વિશાળકાય મહાસાગરો, પૃથ્વી પર પોતાનું જાણે સામ્રાજ્ય જમાવીને ઘુઘવાટ કરી રહ્યા છે......આ ઉપરાંત શાંત વહી જતી મહાનદીઓ, મનોરમ્ય સરોવરો, ભયાનક ગર્જના સાથે પડતા જળધોધ, અને ખળખળ વહેતાં સ્વચ્છ પાણીનાં નાનાંશાં ઝરણાંઓ બધાં પૃથ્વી પરના નૈસર્ગિક અને પ્રાકૃતિક સૌંદર્યમાં અનોખો ફાળો આપે છે.

પાણીનું સર્જન એ પરમેશ્વરની કૃપા છે.

વરસાદ એ આશીર્વાદ છે.

"તું પૃથ્વીની સર્વ દિશાઓનો તથા દૂરના સમુદ્રોનો આશ્રય છે......તું પૃથ્વીના મુલાકાત લે છે, અને તેને પાણીથી સીંચે છે. તું તેને ઘણી ફળદ્રુપ કરે છે. (ગીત. ૬૫)

રોજિંદા વ્યવહારમાં પાણીની જરૂરિયાત અને ઉપયોગિતા ઉપરાંત, ધાર્મિક પ્રક્રિયાઓમાં પણ પાણી અદ્વિતીય સ્થાન ધરાવે છે પ્રભુ ઇસુ યોહાનથી બાપ્તિસ્મા પામવા સારુ ગાલીલથી યરદન નદીએ તેની પાસે આવ્યા. "અને ઈસુ બાપ્તિસ્મા પામીને યરદન નદીના પાણીમાંથી બહાર આવ્યા."......અને આજ પણ પ્રભુ-મંદિરોમાં બાપ્તિસ્માના પવિત્ર સંસ્કારમાં પાણી મહત્વનું સ્થાન ધરાવે છે.

* * *

પાણી થાકેલા મુસાફરની તૃષા છિપાવે છે. થાક ઉતારે છે. વિશ્રાંતિ આપે છે. દરદી શારીરિક પીડા ભોગવતો હોય, દુઃખ અને

યાતનામાં દેહ બળતો હોય, શરીર શેકાઈ જતું લાગતું હોય, ત્યારે શીતળ જળ રાહત આપે છે.

શ્રીમંત માણસ અને ભિક્ષુક લાજરસ, બંને મૃત્યુ પામ્યા પછી, એશઆરામ ભોગવી ચુકેલા એ શ્રીમંતે ગરીબ લાજરસને સ્વર્ગીય સુખમાં દિલાસો પામતો નિહાળ્યો, ત્યારે પોતે ભોગવી રહેલ વેદનાની 'આગ'માંથી બચવા યાચના કરીને કહ્યું : "લાજરસને કહો કે અહીં આવીને તેની એક આંગળીનું ટેરવું માત્ર ઠંડા પાણીમાં બોળીને જીભને ઠંડી કરે! પ્રત્યુત્તર મળ્યો, કે વેદના અને દિલાસા વચ્ચે એક ખાઈ જેટલું અંતર છે!"

* * *

પાણી જીવનદાયક છે. જીવન રક્ષક છે. આધુનિક યુગમાં સ્વચ્છ અને શુદ્ધ પાણી માનવી વિવિધ રીતે મેળવે છે. નદી, તળાવ, સરોવર, નહેર, વાવ-કૂવા અને 'બંધ'માંથી વૈજ્ઞાનિક ઢબે માનવજાત પાણી પ્રાપ્ત કરે છે.

* * *

બે હજાર વર્ષો પૂર્વે, ચાલીને થાકી ગયેલા પ્રભુ ઈસુ માર્ગના એક કૂવા પર આવીને બેઠા. પાણી ભરવા આવેલી એક સ્ત્રી પાસે પાણી માગ્યું. તે સમરૂની હતી, એટલે તેના કથન મુજબ, ઈસુ યહૂદી હોવાથી તેને કેવી રીતે પાણી પાઈ શકે? પણ ઈસુએ તત્કાળ કહ્યું કે તારી પાસે પાણી માગનાર કોણ છે એ તું જાણતી હોત, અને તેની પાસે તેં પાણી માગ્યું હોત તો તે તને જીવંત પાણી આપત! ઈસુએ ફરીથી તેને કહ્યું કે 'હું આપું છું તે પાણી જે પીશે, તેને ફરી તરસ નહિ લાગે.'

* * *

આ જગતના શુષ્ક અને કપરા માર્ગ ઉપર, બળબળતા મધ્યાહ્નને ટાણે, સળગતા સૂર્ય નીચે, ગ્રીષ્મના વાયરામાં શેકાઈ જતો કોઈ થાકેલો, હેરાન પરેશાન થયેલો, પણ જિજ્ઞાસુ પ્રવાસી માર્ગ કાપતો ચાલ્યો જાય છે......એને તરસ લાગી છે. જીભ અને ગળું બંને સુકાય છે......આત્મા મુંઝાય છે......માર્ગમાં નદી આવે છે. તળાવો નિહાળે છે, કૂવાઓ દેખાય છે, ત્યાં પાણી હતું, છતાં નહોતું. એ પાણીની એને 'તરસ' નહોતી. એનો આત્મા જેને માટે ઝંખતો હતો તે હતું 'જીવંત પાણી'–જીવનજળ.

*　　　*　　　*

અને ઈસુ, આજે પણ મોટા અવાજે કહે છે : "જેને તરસ લાગી હોય, તે મારી પાસે આવે, અને જેને મારામાં શ્રદ્ધા હોય, તે પીએ."

"સર્વ જળાશય જોઈ આવ્યો, થાકયો છું. ભમીને,
ન કો નદીનું, ન કો કૂવાનું જોઈએ જળ મુજને.
એવું દે, કે તૃષા ન લાગે પીતાં ફરીને......"
'પ્રભુ ઈસુ જીવનનો ઝરો છે. તેમાં જ જીવનતું જળ છે.'

□

# "જીવનની ચિંતા"

પોતાના સમગ્ર જીવનના નિચોડસમું, 'પર્વત પરનું પ્રવચન' સંપૂર્ણ કરીને પ્રભુ ઈસુ પર્વત પરથી નીચે ઊતરે છે. વચનો સાંભળીને સ્તબ્ધ બની ગયેલા શ્રોતાજનોમાંનો એક સામાન્ય માનવી, ઈસુએ વર્ણવેલી એક અનેરી 'સૃષ્ટિ'માં વિહાર કરીને થંભી જાય છે. પ્રભુના મુખેથી એણે વચનો સાંભળ્યાં છે. પણ સમય જતાં, ધીમે ધીમે એનું નિર્બળ મન, જાણ્યે અજાણ્યે બીજી દુનિયા તરફ ખેંચાઈ જતું લાગે છે.

× × ×

પૃથ્વી પરનું એ અદ્ભુત સ્થળ હતું. આલ્હાદક વાતાવરણ, લીલીછમ વનરાજી, ખળખળ વહેતાં સ્વચ્છ પાણીનાં ઝરણાં, મંદમંદ વાતો પવન, વિવિધરંગી, મધુર સુવાસ પ્રસારતાં પુષ્પો, સુંદર રંગ-બેરંગી કર્ણપ્રિય સંગીત રેલાવતાં પંખીઓ......આ બધું જ ત્યાં હતું, પણ પેલો મનુષ્ય, ચારે બાજુ શૂન્યચિત્તે ઊભો રહીને અર્થહીન દૃષ્ટિ ફેરવતો હતો. ઈશ્વરપિતાએ સર્જેલી આ મનોહર 'બાગ' સમી સૃષ્ટિનો અલૌકિક જીવનસંદેશ એના હૃદય સુધી પહોંચી શક્યો નહિ-આ દિવ્ય વચનો અંકુરોની સૃષ્ટિ પર આ દુનિયાનાં મોહ, માયા, અને વિલાસનું કાંટાભર્યું આવરણ છવાઈ ગયું......

× × ×

ચિંતા, જીવનની ચિંતા.

આ જગતના શાણા પુરુષો, સંતો, ગુરુઓ, જગતના લોકોને જીવનના નીતિ-નિયમોનો માર્ગ ચીંધે છે. સમાજને માર્ગદર્શન તથા ઉપદેશ આપે છે. મનુષ્ય સમજે છે, કે ચિંતા કરવાથી જીવનના હેતુઓ સાધી શકાતા નથી. છતાં, વાસ્તવિક જીવનમાં ચિંતા ઉપજાવે

તેવાં યોગ્ય કારણો અસ્તિત્વ ધરાવે છે. આર્થિક સમસ્યાઓ, ભાવિનું આયોજન, આવશ્યક સાધનોનો અભાવ, કૌટુંબિક પ્રશ્નો–આવા તમામ સંજોગોમાં માનવીની જવાબદારી અને લાચારી–માનવીને વિમાસણ, મૂંઝવણ અને ચિંતામાં મૂકી દે છે......

જ્યોર્જ મેકડોનલ્ડ કહે છે: 'આજની ચિંતાથી નહિ પણ આવતી કાલની ચિંતાથી માનવી દબાઈ જાય છે.'

જેફર્સન કહે છે: 'જે દુઃખો આવ્યાં જ નથી, તેની ચિંતાથી આપણને કેટલું મોટું નુકસાન થયું છે!'

એ સાચું છે, કે ચિંતાથી દબાઈ ગયેલો માનવી જીવનના ક્ષિતિજ ઉપર પ્રભાતનાં કિરણો નિહાળી શકતો નથી. ચિંતાથી બેસૂરા બનેલા જીવનમાં સૃષ્ટિના મધુર સંગીતના સૂરો માણી શકતો નથી.

કવિ લૉંગફેલોએ ગાયું છે:

"હંમેશાં કોઈ ને કોઈ ઠેકાણે પ્રભાત તો હોય છે જ, અને જાગૃત થતા પ્રદેશોમાં એક કિનારાથી બીજા કિનારા સુધી કોઈ ને કોઈ ઠેકાણે પંખીઓ ગાયન કરે છે"

પરંતુ, રોજબરોજના "જીવનપ્રશ્નો" અંગે ચિંતા સેવવાના મનુષ્યના સ્વાભાવિક લક્ષણને, પોતાની અદ્ભુત જીવનદષ્ટિથી નીરખીને, પ્રભુ ઈસુએ પૃથ્વી પર જીવતાં માનવોને આ દિવ્ય વચનો દ્વારા અનોખી જીવનદષ્ટિ આપી:

"આકાશમાં ઊડતાં પંખીઓને જુઓ. તેઓ બી વાવતાં નથી, કે કાપણી કરીને કોઠાર ભરતાં નથી. છતાં ઈશ્વરપિતા તેઓની કાળજી રાખે છે. વનનાં ફૂલો કેવાં ખીલે છે, તે જુઓ! તેઓ શ્રમ કરતાં નથી, છતાં ઈશ્વરપિતા તેમને કેવાં સજાવે છે!!"

પુષ્પોનું સૌંદર્ય અને સુગંધ, રંગબેરંગી સુંદર પંખીઓનું મધુર સંગીત–પ્રકૃતિનાં આ અંગો દ્વારા પ્રભુ ઈસુ માનવને "નિશ્ચિંતતા"ના અલૌકિક વિશ્વમાં દોરી જાય છે.....

મનુષ્ય, એ જીવંત વચનો સાંભળે છે, પણ આ જગતનાં પરિબળો–દુઃખ, સંકટ, કંકાસ, કડવાશ, ગરીબી, નિઃસહાયતા, તંગી, પ્રલોભન, મોહ, માયા વિલાસ–આ સર્વ 'કાંટાનાં જાળાં' બનીને વચનોના અંકુરો ગૂંગળાવી નાખે છે.

ચિંતા નહિ કરવાના પ્રભુ ઈસુના આદેશમાં માનવીને આશ્વાસન અને ખાતરીનો નાદ સંભળાય છે–ઈસુએ બે બહેનોની મુલાકાત લીધી ત્યારે કામના ભારથી ગભરાયેલી માર્થાને તેઓએ કહ્યું, માર્થા, માર્થા ! તું ઘણી બાબતો વિષે ચિંતા કરે છે અને ગભરાય છે. પણ, 'એક વાતની જરૂર છે.'

જગતના સામાન્ય વ્યવહારથી ભિન્ન પ્રકારે, પ્રભુ ઈસુ ચિંતિત મનુષ્યની લાગણીઓને ભૌતિક અને આધ્યાત્મિક, બંને પ્રકારના દૃષ્ટિકોણથી નિહાળે છે. ઈશ્વરપિતા અને મનુષ્ય વચ્ચે, મધ્યસ્થ થઈને, આશ્વાસન અને ખાતરી આપે છે, કે "ઈશ્વરપિતા તમારી દૈહિક જરૂરિયાતો વિષે જાણે છે, પણ તે પહેલાં, "એક વાતની જરૂર છે" તમે ઈશ્વરનું રાજ્ય શોધો અને તેની ઇચ્છા પ્રમાણે વર્તવાની ઉત્કંઠા રાખો." ઈશ્વરના રાજ્યની શોધ અને પ્રાપ્તિની સાથે જ જીવનની ચિંતામાંથી મુક્તિ અને આશીર્વાદ સંકળાયેલાં છે.

"તું મને જીવનનો માર્ગ જણાવશે ....તારા જમણા હાથમાં અનંતકાળ સુધી ટકનારાં સુખદાયક વાનાં છે" (ગીતશાસ્ત્ર ૧૬ : ૧૧).

"કેટલાક લોકો કાંટા ઝાંખરાંવાળી જમીન જેવા છે. જેમના પર બી વવાય છે. તે લોકો સંદેશા સાંભળે છે, પણ આ દુનિયાની ચિંતાઓ, ધન પ્રત્યેની માયા અને બીજી ઘણી બધી લાલસાઓ તેઓમાં પ્રવેશીને સંદેશાને કચડી નાખે છે." (માર્ક ૪ : ૧૯)

× × ×

"સાવધ રહો...આ જીવનની ચિંતામાં તલ્લીન થઈ જતા નહિ, રખેને એ એક દિવસ તમારા પર અચાનક આવી પડે."

(લૂક ૨૧ : ૩૪)

# હઠાવી દીધેલો પથ્થર

લાજરસનું મૃત્યુ થયું.

તેઓએ તેના શબને કબરમાં મૂકયું.

કબર ગુફાસમાન હતી. તેના દ્વાર પર એક મોટો પથ્થર મૂકીને કબર બંધ કરી.

ઈસુને સમાચાર પહોંચ્યા. પ્રિય લાજરસ ચિરનિદ્રામાં પોઢી ગયો હતો. પણ જીવનદાતા ઈસુ તેને પુનર્જીવન બક્ષવા બેથાનીઆ જાય છે. બહેન માર્થા પ્રભુને કહે છે,

"પ્રભુ, જો તું અહીં હોત, તો મારો ભાઈ મરત નહિ."

આ શબ્દોમાં માર્થાની મનોવ્યથા વ્યક્ત થતી હતી.

ઈસુની ગેરહાજરીમાં લાજરસે જીવનનો અંતિમ શ્વાસ લીધો.

અન્ય મિત્રો તેઓને સાંત્વન આપવા આવ્યા હતા.

મરિયમ રુદન કરતી હતી : 'પ્રભુ, જો તું અહીં હોત, તો મારો ભાઈ મૃત્યુ પામત નહિ!'

માર્થાના મનમાં મંથન ચાલતું હતું. હવે બધું સમાપ્ત થઈ ગયું. ભાઈ હવે નથી. એનું મૃત શરીર કબરમાં, પેલા વજનદાર પથ્થર પાછળ દફનાવી દેવામાં આવ્યું છે. બધું જ સંપૂર્ણ થઈ ગયું. પૂર્ણવિરામ મુકાઈ ગયું......ચાર દિવસ થઈ ગયા, હવે તો દુર્ગંધ...

–પરંતુ પ્રભુ ઈસુએ કહ્યું : 'જો તું શ્રદ્ધા રાખશે, તો ઈશ્વરનો મહિમા જોશે એવું મેં તને નથી કહ્યું?'

અંતિમ દિને, પુનરુત્થાનમાં તે પુનઃસજીવન થશે, એ સત્ય માર્થાએ સ્વીકાર્યું હતું.

× × ×

પ્રભુ ઈસુએ આદેશ આપ્યો આ પથ્થરને ખસેડો. કબર પરનો પથ્થર ખસેડાતાં પ્રભુએ પોકાર કર્યો અને તેનો સાદ સાંભળીને પુનર્જીવિત થયેલો લાજરસ બહાર આવ્યો.

તે પછી તો, ઈસુના ચમત્કારો વિષે સાંભળીને વિરોધીઓમાં ફફડાટ વ્યાપી ગયો. અને જીવનદાતા ઈસુના જીવનનો અંત લાવવાની યોજનાઓ ઘડાવા લાગી.

પોતાના જ શિષ્યે તેમને વિરોધીઓને સ્વાધીન કર્યા. ઈસુની ધરપકડ થઈ. અસહ્ય યાતનાઓનાં મંડાણ થયાં.

મુકદ્દમો આગળ ચાલ્યો. નિંદા, ધિક્કાર, અપમાન, પારાવાર દેહકષ્ટ, અને આખરે વધસ્તંભ પરની કારમી વેદના અને અંતે મૃત્યુ.

યાઐરસની મૃત પુત્રીને જીવનદાન આપ્યું.

નાઈનનગરની વિધવા સ્ત્રીના પુત્રને પુનઃ સજીવન કર્યો.

લાજરસને કબરમાંથી બોલાવીને પુનર્જીવન બક્ષ્યું. એ જ જીવનદાતા ઈસુના મૃત શરીરને પણ કબરમાં મૂકવામાં આવ્યું અને એનું દ્વાર એક જંગી પથ્થર દ્વારા બંધ કરવામાં આવ્યું.

આ અંતિમ પરાજય હતો? છેલ્લી હાર હતી?

સર્વત્ર સંશયનો અંધકાર છવાયો હતો. શંકા-અશંકાનાં વાદળો ઘેરાયાં હતાં. માનવીઓ તરેહ તરેહના તર્કવિતર્કો કરતા હતા. શિષ્યો ભયગ્રસ્ત હતા. હતાશ અને નિરાશ હતા...હવે શું?

કબરદ્વાર બંધ કરતાં, પથ્થર પાછળ શું અનંતજીવનનો ઉપદેશ ધરબાઈ ગયો? શ્રદ્ધા પણ દફનાવી દેવાઈ?

આશા પણ દટાઈ ગઈ? શું સમગ્ર ઘટનાઓનો આ આખરી અંજામ છે?

× × ×

પરંતુ,

સપ્તાહના પ્રથમ દિને, વહેલી પ્રભાતે, ધરતી ધ્રુણધણી ઊઠી. આકાશમાંથી દૂત ઊતરી આવ્યો અને કબરનો પથ્થર ગબડાવી દીધો. સ્ત્રીઓ આવી. કબર પરથી પથ્થર ગબડી ગયેલો નિહાળ્યો. તેજસ્વી દૂતની વાણી સંભળાઈ: 'વધસ્તંભે જડાયેલા પ્રભુ ઈસુ? તે અહીં નથી. તેઓ સજીવન થયા છે.'

તે સ્ત્રીઓને, શિષ્યોને, શ્રદ્ધાહીન થોમાને અને એમ્મૌસના પ્રવાસીઓને ઈસુએ દર્શન દીધાં.

× × ×

ઈસુના પુનરુત્થાનને ઢાંકવા, કબર પરના પથ્થર ઉપર સત્તાની મહોર મારીને સીલ કરનાર શેતાની પરિબળોનો પરાભવ થયો છે.

ભય, શંકા, અશ્રદ્ધા, અને નિરાશાના ભારેખમ 'પથ્થર'ને હઠાવી દેવામાં આવ્યો છે.

પુનરુત્થાનના દિનની પવિત્ર પ્રભાતે, પ્રકાશનાં તેજસ્વી કિરણો, મૃત્યુની નિશાના અંધકારને પરાસ્ત કરીને, ખ્રિસ્તના મૃત્યુ પરના વિજયનો દિવ્ય સંદેશ પ્રસરાવી રહ્યાં છે...

□

# દર્શન

મોટા માનવ મહેરામણુ મહીં,

માનગીરદીમાં અટવાતા,

એક માનવીની આંખોમાં ઝંખના હતી, એ મહેરામણુમાં

ઈસુને જોવાની.

એ હતો જાખી દાણી.

હતો એ નાના શા કદનો, પણુ ખેવના હતી વિરાટ,
દેવપુત્રના દર્શનની......

અહીંતહીં, આમતેમ થતો, ક્યાંયે ઝલક ન પામી શક્યો તારણુહારની.

નિરાશ અને હતાશ, એ મૂંઝાતો,
ચઢી ગયો, માર્ગની એક બાજુ પરના ગુલર ઝાડ પર.
ઈસુને નિહાળ્યો! નયનો એનાં ચમકી ઊઠ્યાં.
સ્વામીનીયે દષ્ટિ ઠરી એના પર–અને,
દીધું આહ્વાન નીચે ઊતરી આવવાનું.
"થયું છે જો આજ ઘેર તારા મુક્તિનું આગમન!"
ધન્યવાન બન્યો એ તો! તારણુહારે દીધાં મુક્તિનાં વધામણાં......

× × ×

અને એક દિવસ,

આ 'આધુનિક' દુનિયાના એક જીવન પ્રવાસીને વાગ્યા ભણકારા, કે

"આ નગરે ઈસુ આવે છે." એને થયું;

શુ આ જગતની ધરતી પર, હિલોળતા માનવ મહાસાગરમાં,

મને દેખાય ઈસુ કદી?

'કેમ ન દેખાય? મને યે દેશે મુક્તિ કેરાં વધામણાં!'

નાના જાખ્ખીની જેમ હું પણ ઊંચે ચઢી જાઉં!

ઈસુને જોવા, ઈસુને પામવા!

અને, ગુલર સમા કોઈ ઝાડ પર નહિ,

હું તો એને નીરખું કો ઉચ્ચતમ સ્થાનની અટારીથી,

કે કો' હિમાલય શા ઉત્તુંગ શિખરેથી—

કે કો' બહુમાળી ઇમારતની ટોચથી—

કે કો' ગગનચૂંબી ઈમારતના અંતિમ મજલેથી

'જગતના ઉચ્ચતમ પદેથી,

મને યે થશે દર્શન અદ્‌ભુત તારણહારનાં!'

× × ×

નીકળી પડ્યો ઉન્માદ ભર્યો,

એ ઉત્સુક માનવ સાગરમાં,

દુઃખ, દર્દ, ભૂખ, તરસ, રોગ અને મૃત્યુની છાયામાં તરફડતાં, ભાતભાતનાં માનવોને વટાવી, એમને હડાવી, એમની ભીડને ભેદતો,

કો' આકાશચૂંબી મહાલયનાં પગથીઆંની હારમાળા ચઢી ગયો......

ચારે દિશે ભમતો જનમેળો નિહાળતો,
હજી ઉપર, ઉપર, હજીયે ઉપર–બસ ઉપર !
પણ ત્યાં તો,
અચાનક આવી ગયાં 'ઉંચાઈનાં અંધારાં,'
લપસ્યો પગ, આવ્યો નીચે, નીચે, છેક જ નીચે !
અથડાતો, કુટાતો, વ્યર્થ બાથોડિયાં ભરતો
જઈ પડયો,
એક ક્ષુધિત, તૃષિત, દુઃખ અને કષ્ટથી કણસતા,
વસ્ત્રહીન, અસહ્ય દર્દની હાય પોકારતા એક મૃતપ્રાય ભિક્ષુકના નિર્ગત દેહ પર.
જોયો એને બરાબર, આંખમાં આંખ પરોવી,
નીરખતાં ધારી ધારી, રહી સ્તબ્ધ ગયો,
અરે, આ કોનાં દર્શન થાય મને, કોણ દેખાય
મને, વેદનાથી ભર્યાં ભર્યાં વદનમાં ?
આ આંસુ નીગળતાં નયનમાં ?

□

# ગીત-સંગીત

સંગીત એક કલા છે.

પૃથ્વી પરના સંગીતજ્ઞોએ, કવિઓએ, ગાયકોએ અને વાદ્યકારોએ પ્રકૃતિમાં સંગીતનો સ્વાદ માણ્યો છે. સાગરનો ઘુઘવાટ, મેઘગર્જના, પંખીઓનો કલરવ અને ખળખળ વહેતાં ઝરણાંનો મૃદુ અવાજ–આ સર્વમાં અવનવા સંગીતના સૂરોનો તેઓ અનુભવ કરે છે...

સર્વ કલાઓમાં સંગીતકલાનું અનોખું સ્થાન છે.

સંગીત એ માનવજીવનનું એક વિશિષ્ટ અંગ બની ચૂક્યું છે.

સંગીત આહ્લાદક છે, મધુર સૂરોની અસર અગમ્ય છે.

એ હાસ્ય રેલાવે છે–ગ્લાનિ પણ પ્રસરાવે છે. સંગીતમાં શક્તિ છે, પ્રભાવ છે.

સંગીતકારની સૃષ્ટિ અકળ છે. એ એની ઉપાસના કરે છે. પોતે એમાં ખોવાઈ જાય છે અને શ્રોતાઓને મુગ્ધ કરી દે છે......

સંગીતસમી અદ્ભુત શક્તિ માનવીમાં છુપાયેલી હોય છે. પોતાની ઈશ્વરદત્ત પ્રતિભાને એ પિછાણી લે છે, જહેમત ઉઠાવે છે અને જ્વલંત સિદ્ધિ મેળવે છે.

સાચા દિશાસૂચક, અર્થપૂર્ણ અને સાત્વિક સંગીતમાં ઈશ્વરનું ગૌરવ અને ઈશ્વરનો મહિમા સમાયેલાં છે. સંગીત વડે મનુષ્ય એના સરજનહારની આરાધના કરે છે.

માનવીની બુદ્ધિગમ્ય પ્રતિભાઓ એને ઉત્કૃષ્ટ સામાજિક અસ્તિત્વ તરફ દોરી જાય છે, અને એમાંથી પરમેશ્વર પ્રત્યેના કર્તવ્ય, ભક્તિ

અને આરાધનાની ભાવના જન્મે છે. અને ગીત અને વિવિધ સંગીતના સાધનોના સૂરો સાથે એ ઈશ્વરસ્તુતિમાં લીન બની જાય છે......

× × ×

પવિત્ર બાઇબલમાંનું પ્રથમ, 'ઉત્પત્તિ'નું પુસ્તક, સૃષ્ટિના સર્જનનું મહાગીત છે. જ્યાંથી સંગીતનાં મંડાણ થયાં, તેનો ઇતિહાસ પણ આ પુસ્તકના વચનમાં અંકિત થયેલો છે :

"યુબાલ સર્વ તારનાં તથા પવનનાં વાજાં વગાડનારાઓનો પૂર્વજ હતો" (ઉત્પત્તિ ૪ : ૨૧).

વળી 'ગીતશાસ્ત્ર'નું પુસ્તક, સંગીતમય અને કાવ્યમય સ્તુતિ-ગાનોથી ભરપૂર છે.

ગીતો અને વાજિંત્રો સાથે સ્તુતિ અને આરાધના કરવાનો આદેશ પવિત્ર બાઇબલનાં વચનોમાં જ દષ્ટિમાન થાય છે :

પ્રભુ કહે છે :

"હે મનુષ્યપુત્ર, તું તેઓમાં કોઈ મધુર કંઠ ને સારી રીતે વાજિંત્ર વગાડનાર મનોહર ગીતના જેવો લાગે છે."—હઝકીએલ ૩૩ : ૩૨

દસ તારવાળાં વાજાં સાથે તેનાં સ્તોત્ર ગાઓ.

મોટેથી તથા ચાતુર્યથી વાજિંત્ર વગાડો.—ગીતશાસ્ત્ર ૩૩ : ૨–૩

"અને દાઉદના તથા ઇસ્રાએલના આખા ઘરના લોકો સર્વ પ્રકારનાં વાજિંત્રો અને વીણા, સિતાર, ડફ, કરતાલ તથા ઝાંઝ પરમેશ્વરની આગળ વગાડતા હતા..."—૨ શમુએલ ૬ : ૫

× × ×

"બાઇબલમાં ઘણી જગાએ કંઠસંગીત તેમ જ વાદ્યસંગીતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આરંભમાં યહૂદીઓ પોતાનાં ભજન-

સ્થાનોમાં તેમજ જાહેર ઉત્સવોમાં સંગીતનો ઉપયોગ કરતા હતા. ગીતશાસ્ત્રના ૪૭મા અધ્યાય પ્રમાણે, ઘણીવાર તાળી પાડીને ગાવાનો રિવાજ હતો. દાઉદે ગાયકગણ (ક્વાયર)ની રીત અપનાવી હતી (૧ કાળવૃત્તાંત ૨૫ : ૬–૭). એઝરા, નહેમ્યાહ અને હઝકીએલનાં પુસ્તકોમાં જણાવ્યા પ્રમાણે, 'કેપ્ટીવીટી' (બંદીવાસ) બાદ મંદિરોમાં પદ્ધતિસર ક્વાયરોની રચના કરવામાં આવી હતી. પ્રાચીન હિબ્રૂઓએ વાજિંત્રોનો ઉપયોગ શરૂ કર્યો હતો, અને બાઇબલ અનુસાર, આ પ્રકારનાં સોળ જેટલાં વાજિંત્રો વપરાતાં હતાં..."

× × ×

આજની ભજનસેવાઓમાં, ગીત–સંગીતનું સ્થાન મહત્ત્વપૂર્ણ બની રહ્યું છે. અર્વાચીન સમયની ભક્તિસભામાં ગીત અને સંગીતનો એક વિશેષ વિભાગ બની ચૂક્યો છે. ઈશ્વરસ્તુતિ માટે ગાયકવૃંદ (ક્વાયર)નું આયોજન, વિવિધ વાદ્યોનો ઉપયોગ એ આજના સંગીતપ્રિય ખ્રિસ્તી ભજનિકોનાં પ્રવૃત્તિપ્રેરક સીમાચિહ્નો છે.

× × ×

ઈશ્વર પ્રત્યેની ફરજ, કર્તવ્ય, આજ્ઞાપાલન અને આધીનતા, ખ્રિસ્તી મનુષ્યના જીવનમાં આનંદ, સુખ અને આશીર્વાદ લાવે છે, અને તેના મુખમાંથી સ્તુતિનાં ગાન સરી પડે છે. એની પૂર્વભૂમિકારૂપે, આ ગીતના પૂર્વાલાપ સમું, પ્રેમ, સન્માન અને અર્પણનું જે મૂક ગીત તેના અંતરમાં ઝણઝણી ઊઠે છે, તે એની આભારદર્શક લાગણીઓનું જીવંત સ્વરૂપ છે.

× × ×

પ્રભુ ઈસુએ પોતાનાં વચનોમાં ગીત કે સંગીતનો સીધો ઉલ્લેખ કર્યો નથી. સંત માર્કની સુવાર્તામાં જણાવ્યા પ્રમાણે "ત્યાર પછી

ગીત ગાઈને તેઓ જૈતુનના પહાડ પર ગયા." માર્ક ૧૪ : ૨૬. આ શબ્દો વાંચવા મળે છે. સંત પાઉલ કહે છે:—

"તમારાં હૃદયોમાં પ્રભુનાં ગીત ગાઓ" (એફેસી. ૫ : ૧૯).

એ શક્ય છે કે પ્રસંગોચિત કરુણ રાગો પણ ગવાય છે. સામાન્ય રીતે સંગીત એટલે 'આનંદ, ઉમંગ, ઉલ્લાસ અને નિશ્ચિંતતા,' અને ઈસુએ આ વિષે પોતાનો શ્રેષ્ઠતમ સંદેશ જગતને આપ્યો છે. પરંતુ તેમણે જગતનાં દુ:ખી અને કચડાયેલાં–ગીત અને સંગીતથી વિમુખ–એવાં માનવોનાં જીવનો જે 'આનંદ, ઉમંગ, ઉલ્લાસ અને નિશ્ચિંતતા'થી ભરી દીધાં, તેમાંથી ઉદ્‌ભવતો તેઓની આભારની લાગણીનો વળતો પ્રતિઘોષ, એ જ તેઓએ પોતાનાં હૃદયોમાં ગાયેલું સાચું ગીત સંગીત છે.

હજારો જીભોથી ખ્રિસ્તની સ્તુતિ ગાઉં......
......તેની વાણી સાંભળો, બધિર.
મૂંગાં માનવો, ગાઓ ગીત.
હર્ષાનંદ કરો, અંધ ને અપંગ. (ચાર્લ્સ વેસ્લી)

□

# 'સિયોનનો યાત્રી'

જેનો આરંભ નહિ, તેમ જ અંત પણ નહ, એવા એક પંથ ઉપર એક મુસાફર ચાલ્યો જતો હતો. એણે એની સફરનો પ્રારંભ ઘણા સમય પહેલાં કર્યો હતો.

એ દિવસે સૂર્યોદય થયો હતો અને પ્રભાતનાં પ્રથમ મૃદુ કિરણો પ્રકાશી રહ્યાં હતાં, ત્યારે મુસાફરે અદમ્ય ઉત્સાહથી પંથ ઉપર પગરણ માંડયાં હતાં.

વિજયી સફર ખેડવાની એની આકાંક્ષા મહાન હતી. સમગ્ર વાટ ધૈર્ય અને દૃઢતાથી કાપવાની એની મહેચ્છા હતી. કઠિન પ્રવાસને અંતે સાફલ્ય પ્રાપ્ત કરવાની એને તમન્ના હતી. એને તો જીવનયુદ્ધના સૈનિક બનવું હતું.

જીવનનો સંગ્રામ જીતી લેવાના એના મનોરથ હતા.

પ્રતિજ્ઞા અને સંકલ્પની સામગ્રી ધારણ કરીને એણે મહાસ્થાન આદર્યું......

× × ×

ભરચક નગરસમા જગત સોંસરો એનો માર્ગ વહી જતો હતો. સમયના વહેણની સાથે સાથે, પ્રવાસને પગલે પગલે,

એને આ જગતનાં રૂપનાં દર્શન થવા લાગ્યાં.

જગતના રૂપના દિલચસ્પ દશ્યો અને નયનરમ્ય શણગાર એના ચિત્તને ચલિત કરવા લાગ્યાં. પંથના લોભામણા વળાંકો અને આકર્ષક કેડીઓમાં ફંટાઈ જવાનું એને મન થવા લાગ્યું—પ્રલોભનોના પંજામાં એની પ્રતિજ્ઞાઓની ભાવના કેદ થઈ જવા લાગી. એ દ્વિધા અને વિમાસણમાં પડયો.

એના દિલનું ચેન હણાઈ ગયું. અંતરની શાંતિ ચાલી ગઈ.

"એના હાથ શિથિલ થઈ જવા લાગ્યા; ઘૂંટણો લથડવા લાગ્યા."

ભૌતિક સમૃદ્ધિના પડછાયા, એશઆરામનાં સ્વપ્ન, ક્ષણિક અને લૌકિક સુખનાં મૃગજળ......

અને 'જગતના રૂપ'ની પ્રલોભનકારી માયાજાળમાં ફસાઈને, પંથ ભૂલીને એ અભાગી મુસાફર કોઈ અગોચર દુનિયાની ભૂમિ પર વિહરવા લાગ્યો.

એ હળ પર હાથ દીધા પછી પાછું વળીને જોવું નહોતું.

પ્રભુમય જીવનના આકરાં ચઢાણ એને ચઢવાં હતાં.

વધસ્તંભના માર્ગની કપરી કસોટીમાંથી એને પાર ઊતરવું હતું.

પણ એ માર્ગ ચૂકીને જગતના મહિમામાં ખોવાઈ ગયો.

આ તો સમયની સફર હતી.

સનાતન સમયના અંશ સમા યુગની રજકણ જેવું 'એક વર્ષ' પૂર્ણ થતું હતું.

પ્રવાસી પંથના આખરી તબક્કામાં હતો. મજલના અંતની એંધાણી હવે વર્તાતી હતી. પણ એ વાસ્તવિક અંત નહોતો.

અચાનક, નિર્ગત, થાકેલા અને હારેલા પ્રવાસીના હૃદયમાં સત્યનો ઝબકારો થયો. વહી ગયેલી, નિષ્ફળ અને નિરર્થક ભાસતી યાત્રાનું દર્દપૂર્ણ દર્શન એનાં અંતર્ચક્ષુ સમક્ષ તરવરી રહ્યું. વિનાશને પંથે જતો આત્મા જાગી ઊઠયો. પશ્ચાત્તાપની લાગણીઓનો પ્રચંડ પ્રવાહ ધસી આવ્યો......અકથ્ય વેદનામાં તરફડી રહ્યો. ભૂતકાળમાં વિલીન થતી યાત્રાની અંતિમ રેખા ઉપર જ એ ફસડાઈ પડયો.

–૧૯૮૪ની અંધારઘેરી સંધ્યા આથમી ગઈ.

× × ×

સંત પાઉલ કહે છે : મારે તમને આટલું જ કહેવું છે : પવિત્ર આત્મા તમારા જીવનને દોરે અને તમે તમારા માનવી સ્વભાવની

ઇચ્છાઓને વશ ન થાઓ: કારણ આપણો માનવી સ્વભાવ પવિત્ર આત્મા કરતાં વિરૂદ્ધની અપેક્ષા રાખે છે, અને પવિત્ર આત્મા માનવી સ્વભાવ વિરૂદ્ધની અપેક્ષા રાખે છે. બંને દુશ્મનો છે, અને તેથી તમે જે કરવા માગો છો. તે કરી શકતા નથી......

(ગલાતી. ૫ : ૧૬-૧૭)

× × ×

—પ્રાતઃકાળે યાત્રી ફરી જાગ્યો.

ખ્રિસ્ત ઈસુના ૧૯૮૫ ના વર્ષની ઉષા પ્રગટતી હતી.

આનંદવિભોર નરનારીઓ દૃશ્યમાન થયાં.

એના હૃદયમાં એક દિવ્ય વાણી સંભળાઈ:

"શિથિલ થઈ ગયેલા હાથોને ઊંચા કરો. લથડતા ઘૂંટણોને સબળ બનાવો, અને સીધા માર્ગે ચાલ્યા કરો." (હિબ્રૂ ૧૨ : ૧૨)

એ ઊભો થઈ ગયો. પ્રવાસની 'નવીન સામગ્રી' માથે ચઢાવી.

નૂતન વર્ષના પ્રારંભે કોઈ નિર્ધારિત સમયની નહિ પણ સમગ્ર જીવનની, શાશ્વત જીવનની યાત્રાએ એ નીકળી પડયો.

ઈસુને પગલે પગલે, 'જગતના અંત સુધી,' સર્વકાળ ઈસુના સાથમાં......

સિયોન તરફ, જીવંત ઈશ્વરના નગર તરફ, નવા યરૂશાલેમ તરફ......

અને, ગીતના મધુર સૂરો એના અંતરમાં ગૂંજતા હતા.

"યાત્રા મારી છે સિયોન ભણી,
આખી વાટ દિસે છે ઈસુ
મુસાફર કેવા સુખી છે.
આખી વાટ દિસે છે ઈસુ!"

□

## 'એક શાંત અને નિર્મળ રાત્રિએ ...'

સૃષ્ટિના સર્જન અગાઉ જળનિધિ પર અંધકાર હતો.

પરમેશ્વરે કહ્યું : પ્રકાશ થાઓ, અને પ્રકાશ થયો.

પ્રકાશને દિવસ કહ્યો, અંધકારને રાત્રિ.

મનુષ્ય દિવસે પરિશ્રમ કરે છે.

દિવસ એટલે પરિતાપ, પરિશ્રમ, મહેનત, અશાંતિ, ઘોંઘાટ.

એટલે એને રાત્રિ વધુ પ્રિય છે.

અશાંત દિવસનો અંત એટલે શાંત રાત્રિ.

રાત્રિ એટલે શાંતિનો પ્રારંભ.

પરંતુ રાત અંધારી હોય, તો પ્રિય ન પણ લાગે.

એની ગૂઢ શાંતિ હૃદયમાં અશાંતિ પણ જગાવે.

રાત્રિ જેમ ઢળે છે, તેમ નીરવતા જામે છે.

અંધારી રાત ક્વચિત સૂની અને એકલવાયી બની જાય છે.

કવિને તો અંધારી રાત મનોરમ્ય પણ લાગે છે!

એ તો અંધારી રાતનોયે મહિમા ગાય છે.

× × ×

અગાધ મહાસાગર, અંધારી રાત, ગંભીર, શાંત અને શીતલ.

અપાર જળની સપાટી પર જહાજ સરતું હતું, માનવોથી ભરચક.

રાત ઢળતી હતી. અંધકાર જામતો હતો, બેચેનીભરી પળો વ્યતીત થતી હતી. પ્રવાસીઓની ઈન્તેજારી વધતી હતી.

અચાનક પવનના સુસવાટ શરૂ થયા.

મહાસાગર હિલોળે ચઢવા લાગ્યો. મોજાંનો ઘુઘવાટ.

જહાજ ડામાડોળ થવા લાગ્યું. દરિયાઈ વાવાઝોડાનો પ્રારંભ...

તોફાને માઝા મૂકી, પ્રવાસીઓના જીવ તાળવે બંધાયા...

જહાજ ઝંઝાવાતમાં સપડાયું. પ્રલયકારી, વિનાશકારી તાંડવ...

પવનના ભયંકર સુસવાટ સામે જહાજ પરનો પ્રકાશ બુઝાઈ ગયો...

અંધારઘેરી રાત, દિશાવિહીન સફર, દિશાશૂન્ય પ્રવાસીઓ.

અફાટ મહાસાગરના અગાધ જળમાં ડૂબતું જહાજ.

સાગરની પ્રકાશવિહીન, અંધારી દુનિયામાં, બચવા મથવા લાચાર, નિઃસહાય પ્રવાસીઓના વ્યર્થ પ્રયાસો...

અંતે જળ સમાધિ!

× × ×

–એ એક શિયાળાની ઠંડી રાત હતી. ઘેટાંપાળકો ખેતરમાં પોતાના ટોળાને સાચવતા હતા.

ત્યાં અચાનક, પ્રભુના 'ગૌરવનો પ્રકાશ' તેઓની આસપાસ દેખાયો.

ગભરાયેલા ઘેટાંપાળકોને દૂતે કહ્યું : 'હું તમને આનંદભર્યો સંદેશ આપવા આવ્યો છું. તે તમામ પ્રજાઓ માટે છે!'

તારણહારનો જન્મ!

બેથલેહેમમાં પ્રભુ ઈસુનો જન્મ થયો.

એ રાત્રિ શાંત અને નિર્મળ હતી.

"કેવી શાંત! નિર્મળ રાત!"

એ રાત્રિએ, વિશ્વસાગરના અંધારઘેર્યા પટ પર જીવનપથિકો માટે પ્રકાશ પાંગર્યો-ઝંઝાવાતી જીવન સાગરમાં ડૂબતા અને તરણું શોધતા માનવીઓ માટે મુક્તિ!

"અંધકારમાં ચાલનારા લોકોએ મહાન પ્રકાશ જોયો છે: મરણછાયાના દેશમાં વસનારા પર અજવાળું પ્રકાશ્યું છે."–યશાયા ૯ : ૨

× × ×

સમગ્ર વિશ્વ આજે ગોઝારી રાત્રિના અંધારા યુગમાં સપડાયું છે.

જગતભરનો જીવનપ્રવાહ અનંત અંધારા સાગરમાં વહી રહ્યો છે.

ત્યાં આજે દુઃખનાં ઘનઘોર વાદળોની છાયા પ્રસરી ગઈ છે.

વિશ્વોદધિમાં આજે માનવી નિરાધાર બની દિશાવિહીન સફર ખેડી રહ્યો છે. કાજળઘેરી રાત્રિની કાળાશમાં છુપાયેલી કોઈ તેજ-રેખાને એ શોધી રહ્યો છે–રાત અંધારી છે–એ પ્રકાશના ઉદયને ઝંખી રહ્યો છે...

આ જગસાગરના તોફાની ઝંઝાવાતમાં માનવીની જીવનનૌકા ઝોલાં ખાઈ રહી છે-વિનાશ પ્રત્યે ધસી રહી છે ત્યારે,

વિમાસણ અને મનોમંથનની આંધીમાં ફસાયેલા દિશાશૂન્ય માનવને, ખ્રિસ્ત જન્મજયંતીનો શુભ સંદેશ. એના અંધારી રાત્રિ સમા જીવનને અજવાળી રહો!

એના જીવનની અંધારી નિશાન્તે,
શાંતિ અને મુક્તિનો સૂર્યોદય પ્રજ્વલી રહો...

× × ×

સૃષ્ટિસર્જન પૂર્વે જળનિધિ પર અંધકાર હતો.
પરમેશ્વરે પ્રકાશનું સર્જન કર્યું.
ઈસુ જન્મજયંતીના મહાપર્વની આ ઘડીએ,
જગતના જીવનજળનિધિ પરના અંધકારમાં,
સમગ્ર માનવજાતનાં આધ્યાત્મિક જીવનોને અજવાળવા,
"પ્રભુના ગૌરવનો પ્રકાશ" ઝગહળી રહો...
'કેવી શાંત! નિર્મળ રાત!
જાય તિમિર...
અજબ તારા, પ્રકાશ!'

□

# પ્રવેશ અને પરિવર્તન

ઈસુએ ગેરાસીનીઓના દેશમાં પ્રવેશ કર્યો.

ત્યાં કબ્રસ્તાનમાં એક માનવી રહેતો હતો.

'અપદૂતો' ના સૈન્યે તેના પર વર્ચસ્વ જમાવ્યું હતું.

તેને સાંકળો અને બેડીઓનાં બંધનો વડે જકડી રાખવો પડતો હતો છતાં તે અંકુશમાં રહેતો ન હતો.

તેનો વાસ કબરોમાં હતો, તે વસ્ત્રો પણ પહેરતો ન હતો. ઈસુ આ સ્થળે આવ્યા. આ માનવીએ તેમને જોઈને પોકાર કર્યો: 'હે ઈશ્વરપુત્ર, તમારે ને મારે શું?'

તેનામાં પ્રવેશી ગયેલા અપદૂતોનો આ પોકાર હતો. પણ એ દુઃખી મનુષ્યના જીવનમાં ઈસુએ પ્રવેશ કર્યો–એના જીવનને સ્પર્શ કર્યો, અને તેનું અદ્દભુત પરિવર્તન થઈ ગયું...

× × ×

જગતમાં ઈસુના આગમન પૂર્વેના પુરાણા વિશ્વનું ચિત્ર : ત્યારે હતું પાપ અને અધઃપતનનું નિષ્ઠુર પ્રદર્શન.

નરનારીઓની અનૈતિક આનંદ–પ્રમોદની ઝંખના;

માનવ–માનવ વચ્ચેની ક્રૂર સંહારલીલા; પાશવી અત્યાચારો; માનવ અને પશુ વચ્ચેની નિર્દય સાઠમારી, માનવોની બેફામ રક્ત-પિપાસા, વેદનાની ચીસો, યાતનાનો કરુણ આર્તનાદ; જીવલેણ જખમો, લોહીની છોળો, ઘાયલ માનવીઓની ચીસો, અને દર્શકોના હર્ષના પોકારો!

મનુષ્યના આંતરિક જીવનમાં પ્રેમ અને શાંતિની સુવાસ ન હતી.

કૌટુંબિક જીવનમાં પવિત્રતાની મહેક ન હતી. મલિન અને અશુદ્ધ જીવનદૃષ્ટિ હતી. સમાજ જીવનની રચના ન હતી.

લગ્નસંબંધનું સન્માન ન હતું. પરમેશ્વરના જ અસ્તિત્વનો ઇન્કાર હતો. ન ઈશ્વરસ્તુતિ હતી, ન આરાધના.

જગતની અર્થહીન વેલછાઓનું ઘૃણાયુક્ત દર્શન......

'અપદૂતો' સમા અસંખ્ય દૂષણોનું સંસાર ઉપર સંપૂર્ણ વર્ચસ્વ...અંધારા યુગમાં અંધ જગતનું બેફામ જીવન, ધાર્મિક ભાવનાઓનુ કબ્રસ્તાન......

—પરંતુ, શ્યામ વાદળોમાં દેખાતી આછીપાતળી સોનેરી રેખાઓની જેમ, ક્વચિત્ આશાનાં કિરણો પણ ચમકી જતાં હતાં.

દુનિયાની આ વિષમ દશામાં ધરમૂળ 'પરિવર્તન'ની અપેક્ષા રાખતો પણ એક વર્ગ હતો વિશ્વને આ ભયાનક આફતોમાંથી ઉગારે, એવા કોઈ મુક્તિદાતાની રાહ જોવાતી હતી. એક એવા પુરુષની અપેક્ષા, કે જે દુરાચારોથી ભરપૂર જગતને પ્રેમ અને મુક્તિનો સંદેશ સંભળાવે-વિલીન થયેલા સત્યનું પુનઃદર્શન કરાવે! પાપબંધનને તોડે, પાપમાંથી તારે,

—અને સમયની સંપૂર્ણતાએ, એવા જ તારણહારે દુનિયામાં પ્રવેશ કર્યો-જગત પ્રત્યે તેમણે પ્રેમ દર્શાવ્યો-પણ કરુણતાની પરાકાષ્ટા સમી ઘટના બની, કે એ મુક્તિદાતાનો સ્વીકાર ન થયો... જાણે જગતને 'પરિવર્તન'ની કોઈ સ્પૃહા નહોતી! "પ્રેમથી તે પોતાની પ્રજા પાસે આવ્યો, પણ તેનો સ્વીકાર કરવામાં આવ્યો નહિ" (યોહાન ૧:૧૧).

× × ×

કબ્રસ્તાનમાં નિવાસ કરતા પેલા ભયંકર બની ગયેલા માનવીનું જીવનસ્વાતંત્ર્ય હણી લેનાર, એના જીવનને વેરવિખેર કરી નાખનાર

'અપદૂતો'ને વિનાશના ઊંડાણમાં ધકેલી દઈ ઈસુએ એ આત્માનો ઉત્કર્ષ કર્યો. સાચી જીવનમુક્તિનો અનુભવ કરાવ્યો...લોકોએ આશ્ચર્ય વચ્ચે, સ્વચ્છ વસ્ત્ર પરિધાન કરીને, સ્વસ્થચિત્તે, નવજીવન પામીને ઈસુના ચરણો આગળ બેઠેલો નિહાળ્યો......

× × ×

આ યુગનું જગત, આ 'અપદૂતગ્રસ્ત' માનવીનું જીવંત પ્રતીક છે. માનવીના હૃદયમાં આધિપત્ય જમાવી બેઠેલા ભયાનક દૂષણ–ભ્રષ્ટાચાર, લૂંટ, ચોરી, ખૂન, બળાત્કાર, વિશ્વાસઘાત, વેરઝેર, ધિક્કાર, ઈર્ષ્યા, અહંકાર–આ 'અપદૂતો'ને પરાસ્ત કરીને, તેમને ઊંડાણમાં વિલીન કરી દઈને માનવોનાં જીવનોને મુક્ત કરવા ખ્રિસ્ત સમર્થ છે.

પરંતુ, એક તરફ ધર્મના બાહ્ય ક્રિયાકાંડ જીવંત રાખીને, વિશાળ દ્વાર મારફતે, વિનાશને પંથે દોરી જતા પંથમાં વિશ્વની પ્રજાઓનો પ્રવાહ પ્રવેશી રહ્યો છે. મૃત ધર્મભાવનાઓના કબ્રસ્તાન સમા વિશ્વનાં માનવોને દુષ્કર્મોના અપદૂતોથી મુક્ત કરવા ખ્રિસ્ત ઈસુ આ પળે આહ્‌વાન આપે છે......

—આ આહ્‌વાન જગત સત્ય અર્થમાં સ્વીકારે,
તો, નિયંત્રિત, બુદ્ધિગમ્ય,
સ્વચ્છ જીવનવસ્ત્ર દ્વારા પરિવેષ્ટિત,
અને ઈસુને ચરણે સમર્પિત–એવા જગતનું દિવ્ય દૃશ્ય ઝળહળી ઊઠે!

જગતના જીવનમાં અને હૃદયમાં ઈસુના પ્રવેશ દ્વારા સિદ્ધ થતા પરિવર્તનનું કેવું ભવ્ય દર્શન!

"છેલ્લા કાળમાં યહોવાના મંદિરનો પર્વત પહાડોનાં શિખરો પર સ્થાપન થશે, અને ડુંગરો કરતાં તેને ઊંચો કરવામાં આવશે, અને સર્વ પ્રજાઓ તેમાં પ્રવાહની જેમ પ્રવેશ કરશે" (–યશાયા ૨:૨).

□

# ખ્રિસ્તના રાજ્યનું દર્શન

પૂર્વના માગીઓ, ઊંટ પર સવાર થઈને,

રાજાની શોધ કરતા નીકળી પડ્યા હતા,

યરુશાલેમ આવીને તેઓએ પૂછ્યું કે,

"યહૂદીઓનો જે 'રાજા' જન્મ્યો છે, તે ક્યાં છે? કેમ કે, પૂર્વમાં તેનો તારો જોઈને તેનું ભજન કરવા આવ્યા છીએ."

પૂર્વના પ્રકાશિત તારાથી દોરવાઈને માગીઓ પોતાના ઊંટો પર આગળ વધતા હતા. જે સ્થળે તારો થંભી ગયો, ત્યાં જ તેઓને ઈસુના–બાળરાજાના–દર્શન થયાં. તેઓને અતિશય આનંદ થયો.

× × ×

નવા રાજાના જન્મના સમાચાર સાંભળીને હેરોદ રાજા ગભરાયો. તેને ભય લાગ્યો કે હવે તેનું રાજ્ય તેના હાથમાંથી છીનવી લેવાશે......

પ્રભુ ઈસુએ પોતાના જીવનકાર્યોનો આરંભ કર્યો. તેમની અદ્ભુત વાણીમાં તેઓએ પોતાના 'રાજ્ય' વિષે અનેકવાર ઉલ્લેખ કરેલો છે.

"મારું રાજ્ય આ જગતનું નથી."

"સૌ પ્રથમ તમે તેના રાજ્યને શોધો."

× × ×

પૃથ્વી પરના રાજાને રાજ્ય કરવાનો મોહ હોય છે. પોતાના રાજ્યને વિસ્તારવાની ભૂખ હોય છે, અન્ય રાજ્યોને જીતી લેવાની

મહેચ્છા હોય છે. શક્ય તેટલા વધુ પ્રદેશો પર સત્તા જમાવવાની તમન્ના હોય છે, શક્ય તેટલી વધુ પ્રજાઓ પર હકૂમત ચલાવવાની ખેવના હોય છે.

પ્રભુ ઈસુના રાજ્યમાં કોઈ ભૌતિક બાબતને સ્થાન નહોતું. તેઓ સ્થૂળ જગતના રાજા નહોતા, છતાં જગત પર તેમણે વિજય મેળવ્યો હતો. તેમણે શિષ્યોને કહ્યું હતું કે, "હિંમત રાખો, જગતને મેં જીત્યું છે."

પોતાના સ્વર્ગારોહણની થોડી પળો અગાઉ તેમણે શિષ્યોને આ આદેશ આપ્યો :

"આખી દુનિયામાં જઈને આખી માનવજાતને શુભસંદેશનો પ્રચાર કરો" (માર્ક ૧૬:૧૫).

પોતાનું રાજ્ય જે જગતનું નથી, તે જગત પર ઈસુનો સંપૂર્ણ વિજય, અને એ જગતના સર્વ રાષ્ટ્રોના લોકોને શિષ્યો બનાવવાનો આદેશ : આ બે બાબતો ઈસુના 'રાજ્ય' સાથે ગાઢ રીતે સંકળાયેલી છે.

આ પૃથ્વી પર પ્રભુ ઈસુનું રાજ્ય એ શું છે? તેમના આદેશો તથા ફરમાનોનું પ્રેષિતોદ્વારા પાલન. ખ્રિસ્ત, ધર્મ, પ્રેમ અને વફાદારી ખાતર શહીદોની શહીદી, આદિ અનુયાયીઓએ વેઠેલ આકરી શિક્ષા, માર, દમન, જુલમ, ક્રૂર યાતનાઓ અને નિર્દય મોત.

પ્રેરિતો, મિશનરી સેવકો, ધર્મસંઘો, ધર્મસેવકો, સંદેશવાહકો, સંસ્થાઓ, વિવિધ સુવાર્તિક જૂથો, શૈક્ષણિક, વૈદકીય અને વિવિધ ક્ષેત્રોદ્વારા શુભસંદેશનો પ્રચાર, સાહિત્ય, સંગીત અને વિવિધ વૈજ્ઞાનિક સાધનોદ્વારા પ્રભુ ઈસુના પ્રેમસંદેશનું પ્રસારણ :

આવી તો અનેક પ્રવૃત્તિઓ દ્વારા આજે ખ્રિસ્તી વિશ્વ ધમધમી રહ્યું છે. એ 'ખ્રિસ્તનું રાજ્ય' નથી, પણ રાજ્ય સ્થાપિત કરવાનાં સાધનો, કે માધ્યમો છે. રાજ્યના ફેલાવાના ઉદ્દામ હેતુ

માટે સંસ્થાપિત, એવા આ અનેકવિધ સંકુલોના હાર્દમાં, 'ખ્રિસ્તના રાજ્યનું સત્યદર્શન' એ જ તેનો મૂળભૂત ઉદ્દેશ છે. સાધનો, માધ્યમો અનિવાર્ય છે જ.

× × ×

ખ્રિસ્તના જન્મ અગાઉ, દૂતે મરિયમને આ પ્રમાણે કહ્યું હતું : 'દેવ પ્રભુ તેને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે; તે સર્વકાળ રાજ કરશે......તેના રાજ્યનો અંત આવશે નહિ' (લુક ૧ : ૩૩).

પૂર્વના માગીઓએ રાજાના પ્રત્યક્ષ દર્શન કર્યાં. રાજાનું ભજન કર્યું, અને ધન્ય બનીને પોતાના વતનમાં પાછા ગયા.

માત્ર આજનાં સાધનો અને માધ્યમો દ્વારા, પ્રભુ ઈસુના રાજ્યમાં, પ્રેમ અને ખ્રિસ્તી સાક્ષીનું દર્શન પૂર્ણ થતું નથી.

આજનું ત્રાહિત જગત સાચા અર્થમાં આનંદ, પ્રેમ, અને શાંતિ ઝંખે છે......

પ્રભુ ઈસુએ કહ્યું કે, 'તમે તમારો પ્રકાશ લોકો સમક્ષ એવો પ્રકાશવા દો, કે તમારાં સુકૃત્યો નિહાળીને તેઓ તમારા આકાશ-માંના ઈશ્વરપિતાની સ્તુતિ કરે' (માથ્થી ૫ : ૧૬).

× × ×

વિશ્વભરમાં ખ્રિસ્તના રાજ્યની સંસ્થાપના અને સર્વાંગી વૃદ્ધિની સાથે સાથે, બધી આધ્યાત્મિક પ્રવૃત્તિઓના સંદેશનો પોકાર સાંભળીને, 'જિજ્ઞાસા પર સવાર' થઈને આવતા પ્રેમ અને શાંતિના શોધક આત્માઓને, ખ્રિસ્તના અનુયાયીઓના ખ્રિસ્તમય જીવનનો પ્રકાશ, અને જીવંત સાક્ષી જ એ 'રાજા'ના પ્રેમ અને શાંતિના સામ્રાજ્યનું સાચું દર્શન કરાવશે.

□

# અંતિમ શબ્દો

વર્તમાનપત્રોના હેવાલો કહી જાય છે, કે ભારતના એક સમયના વડાપ્રધાન શ્રી. જવાહરલાલ નહેરૂએ પોતાના મૃત્યુ અગાઉ થોડી મિનિટો પહેલાં કેટલીક અગત્યની ફાઈલોમાં સહીઓ કરીને જણાવ્યું હતું, કે 'મેં મારું કામ પૂરું કર્યું છે.'

ધોમધખતા રણમેદાન પર, પોતે તરસ્યા હોવા છતાં, સર ફીલીપ સિડનીએ પાણી વગર તરફડતા અન્ય સૈનિકને તત્કાળ પાણીનો પ્યાલો 'તમારે વધારે જરૂર છે.' કરી આપી દીધો, અને પોતે મોત સ્વીકાર્યું. એડીનબરોના કવિ સર વિલિયમ થોમ્સના અંતિમ શબ્દો હતા "તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે."

આમની સભાએ ગુલામીની પ્રથા રદ કરતું બિલ પસાર કર્યું, ત્યારે મરણશૈયા પર પડેલા વિલ્યમ વિલ્બર ફોર્સ તે સમાચાર સાંભળીને પોકારી ઊઠયા : 'આજનો દિવસ જોવા માટે મને જીવંત રાખવા બદ્દલ પ્રભુનો આભાર !'

૮૨ વર્ષના એડવર્ડ કોકના અંતિમ ઉદ્ગારો હતા : "તારું રાજ્ય આવો; તારી ઇચ્છા પૂરી થાઓ."

જેફર્સને અંતિમ શ્વાસ લેતાં કહ્યું હતું, 'હું મારો આત્મા ઈશ્વરને અને મારી પુત્રી રાષ્ટ્રને અર્પણ કરું છું.'

અને ઈસુના અંતિમ શબ્દો ? "હે પિતા ! હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું." મૃત્યુ અગાઉ ઈસુએ આ શબ્દો ઉચ્ચાર્યા ખરા, પણ મૃત્યુ પર અને જગત પર વિજય મેળવીને પોતાના શિષ્યો સમક્ષ, "જગતના અંત સુધી હું તમારી સાથે છું." એવું અભયવચન પણ આપ્યું.

જગતના અંત સુધી સાથે રહેનાર ઈસુના અંતિમ શબ્દો સંભવી શકે ?

છતાં, આ વચનદાતા ઈસુ, વિશ્વના તારણહાર વિશ્વની પ્રજાઓ જોગ 'અંતિમ શબ્દો' હજી તો ઉચ્ચારવાના છે.

ત્યારે ન્યાયદિનનો સૂર્ય તપતો હશે. અને જગતની પ્રજાઓ ખડી હશે

આજ્ઞાપાલન કરનાર જનસમુદાયને રાજા કહેશે.

જે ક્ષુધિતને તમે અન્ન આપ્યું,

જે તૃષતને પાણી પાયું,

જે નવસ્ત્રાને વસ્ત્ર દીધાં,

જે પરાયાનો સત્કાર કર્યો,

જે દરદી–કેદીની ખબર કાઢી,

તે હું હતો.

તમે પિતા પાસે સર્વકાલિક જીવનમાં આવો. આજ્ઞાપાલન નહિ કરનાર સમુદાયને તે જાકારો આપશે.

જે ક્ષુધિતને તમે અન્ન નહોતું આપ્યું,

જે તૃષિતને પાણી નહોતું પાયું,

જે નવસ્ત્રાને વસ્ત્ર નહોતાં દીધાં,

જે પરાયાનો સત્કાર નહોતો કર્યો,

જે દરદી–કેદીની ખબર નહોતી કાઢી,

તે હું હતો

તમે મારી આગળથી સર્વકાલિક અગ્નિમાં જાઓ.

પ્રભુની સર્વોચ્ચ અદાલતમાં,

સર્વોચ્ચ ન્યાયાધીશ સમક્ષ,

જમણી તરફ અને ડાબી તરફ ઊભેલા સમુદાય માટે આખરી ચુકાદાનો અંતિમ શબ્દ, કોઈ દલીલ નહિ, કોઈ અપીલ નહિ. માત્ર "આવો" અથવા "જાઓ."

□

# વિશ્વના એક મહાનુભાવનું સ્વાર્પણ

અમેરિકાના સોળમા પ્રમુખ અબ્રાહમ લિંકનને જન્મ ઈ. સ. ૧૮૦૯માં થયો હતો. રાષ્ટ્રપિતા ગાંધીની જેમ, આજે પણ લિંકન અમેરિકન પ્રજાના દિલમાં રાષ્ટ્રપિતા તરીકેનું આદરણીય સ્થાન ધરાવે છે. અમેરિકન પ્રજાએ રાષ્ટ્રની તવારીખમાં જોયેલા અને જાણેલા નોંધનીય પ્રસંગોમાંના બે તો આ મહાપુરુષના જીવન સાથે સંકળાયેલા છે. એક તો એ, કે પોતાના લાડીલા નેતા પ્રજામતથી ચૂંટાઈને અમેરિકન રાષ્ટ્રપ્રમુખની ગાદી પર બિરાજ્યા. બીજો પ્રસંગ ગોઝારો અને દુઃખદ છે. ઈ. સ. ૧૮૬૫ના એપ્રિલની ૧૫ મી તારીખે, પ્રજાના આ તારણહાર સમા નેતા વિલ્કીસ બુથ નામના હત્યારાની ગોળીથી વિંધાઈને સદાને માટે ઢળી પડયા. વર્ષોનાં વહાણાં વાયાં, છતાં એકબીજાના પ્રતિસ્પર્ધી જેવા આ ઉભય પ્રસંગોની યાદ અમેરિકન પ્રજાના હૃદયમાં આજેય તાજી છે.

ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવનાર વ્યક્તિ તરીકે અને એક સાચા ખ્રિસ્તી તરીકે લિંકનની પ્રતિભા કેવી હતી, તે જાણવું રસપ્રદ થઈ પડશે. પ્રમુખનો હોદ્દો ધારણ કરવા જતાં, વિદાય વેળાએ તેમણે તેમના બાંધવોને ઉદ્દેશીને આ શબ્દો ઉચ્ચારેલા : 'દૂર જઈ રહ્યો છું તેનું મને દુઃખ છે. આ સ્થાન તો મારાં બાળકોની જન્મભૂમિ છે અને એક બાળકને તો તેનું મૃત્યુ થતાં અહીં જ દફનાવેલો છે. જેમ ભૂતકાલીન પ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટનને ઈશ્વરમાં અચળ શ્રદ્ધા હતી, તેમ હું પણ આજે દઢપણે માનું છું, કે સર્વશક્તિમાન ઈશ્વર તરફથી પ્રાપ્ત થતી દૈવી શક્તિ વિના હું સફળ થઈશ નહિ.' આટલું કહી લિંકને સર્વને પ્રણામ કરી વિદાય લીધી.

પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળ્યા પછી લાંબા સમયે તેમના એક મિત્રે તેમને પ્રશ્ન કર્યો, કે 'શું તમે પ્રભુ ઈસુ ઉપર પ્રેમ કરો છો ?' આ સાંભળતાં, પ્રમુખ લિંકને હાથરૂમાલ વડે પોતાનું મુખ ઢાંકી

દીધું અને ધ્રુસકે ધ્રુસકે રડી પડયા. સ્વસ્થ બન્યા પછી તેમણે સજળ નયને જણાવ્યું, કે "હું પ્રમુખ થયો ત વેળાએ મેં ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો ન હતો. મારા વહાલસોયા પુત્રનું મરણ થયું અને પારાવાર દુ:ખમાં હતો, ત્યારે પણ મેં ખ્રિસ્તનો સ્વીકાર કર્યો ન હતો. પણ એક દિવસ મેં ગેટિસબર્ગની મુલાકાત લીધી અને રાષ્ટ્રને ખાતર નિ:સ્વાર્થપણે પ્રાણ ન્યોછાવર કરનાર હજારો દેશભક્તોની કબરો નિહાળી. ત્યાં જ મારું મન ચકડોળે ચઢયું. વધસ્તંભે જડાયેલા ખ્રિસ્તને મેં ત્યાં જ, તે જ ઘડીએ મારું હૃદય સમર્પી દીધું. મારાં અંતર્ચક્ષુ સમક્ષ સદાય તરવરી રહેતી, મારે ખાતર વધસ્તંભે જડાઈને મૃત્યુ પામેલા ખ્રિસ્તની પ્રતિમા અદ્ભુત છે અનન્ય છે."

એક દિવસ એક સદ્‌ગૃહસ્થને પ્રમુખને મળતા જવાનું થયું. તેમને સવારના પાંચ વાગ્યાનો સમય આપવામાં આવ્યો. મુલાકાત લેનાર ગૃહસ્થ પ્રમુખની ઑફિસે નિયત સમય કરતાં થોડા વહેલા પહોંચી ગયા. લગભગ પાંચ વાગવા આવ્યા હતા. અંદર પ્રમુખ લિંકન વાતચીત કરતા હોય તેવો અવાજ આવતો હતો. ત્યાં બેઠેલા હજૂરિયાને પૂછયું "પ્રમુખને કોઈ મળવા માટે આવ્યું છે?" જવાબ મળ્યો કે "ના, અત્યારે અંદર તેમના સિવાય બીજું કોઈ જ નથી પણ તેઓ બાઇબલ વાચન કરી રહ્યા છે. તેઓ રોજ સવારે ચાર વાગે જાગે છે અને પાંચ વાગ્યા સુધીનો સમય બાઇબલ વાચન અને પ્રાર્થનામાં ગાળે છે."

ઉમદા ચારિત્ર્ય, વિશુદ્ધ ચિંતન અને નમ્ર સ્વભાવ ધરાવતા એક સાચા ખ્રિસ્તી તરીકેની તેમની જીવનદૃષ્ટિ કેવી વિશિષ્ટ પ્રકારની હતી, તે તેમની પોતાની જ આ ઉક્તિ પરથી જણાઈ આવે છે :

'ગમે તે થાય મારું યશ મળે, યા અપયશ, પણ જ્યાં જ્યાં કાંટા ભાળું ત્યાં ત્યાં ફૂલ વાવવા ધાઉં એવી મારી વૃત્તિ સદાય ટકી રહો.'

(અંગ્રેજી પરથી)

□

# "મોતી"ની મહેક

હંગેરી દેશના એક યહૂદી શિક્ષક લીચનસ્ટાઈનના હાથમાં એક વાર 'નવા કરાર'નું પુસ્તક આવ્યું. તેમણે તે પોતાના ગુરુને બતાવ્યું. ગુરુએ જૂના કરારનો સારો એવો અભ્યાસ કર્યો હતો. પણ નવા કરાર તરફ તેમનું કાંઈ લક્ષ ન હતું. નવા કરારના પુસ્તકના મુખ્ય પૃષ્ઠ ઉપર તેમણે 'ઈસુ ખ્રિસ્ત' એ શબ્દો વાંચ્યા. આવેશમાં આવી જઈને તેમણે લીચનસ્ટાઈનને આ પ્રકારનું પુસ્તક રાખવા બદલ સખત શબ્દોમાં ઠપકો આપ્યો. તે પુસ્તક લીચનસ્ટાઈનને પાછું ન સોંપતાં પોતાની લાયબ્રેરીના એક ખૂણામાં, બીજાં નકામાં પડેલાં પુસ્તકો હતાં ત્યાં ફેંકી દીધું.

આ વાતને ઘણાં વર્ષો વીતી ગયાં. એક સમયે એવું બન્યું, કે કેટલાક યહૂદીઓ ઉપર એક ખ્રિસ્તી બાળાનું ખૂન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો. એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો, કે આ યહૂદીઓ પોતાના એક ધાર્મિક પર્વની ઉજવણીમાં આ બાળાના રુધિરનો ઉપયોગ કરવા ઇચ્છતા હતા. મુકદ્દમો ચલાવવામાં આવ્યો, પણ તેમને નિર્દોષ ઠરાવવામાં આવ્યા.

લિપઝીગના એક પ્રોફેસર ડેલિઝે એક ચોપાનિયું પ્રસિદ્ધ કરીને યુરોપના દેશોને યહૂદીઓની સતાવણી બંધ કરવાનો અનુરોધ કર્યો. તેમણે તેમાં જણાવ્યું હતું, કે આ પ્રકારનું વર્તન ઈસુ ખ્રિસ્તના શિક્ષણની વિરૂદ્ધ છે, અને નવા કરારના આદેશો સાથે સુસંગત નથી. તે સમયના એક સમાચારપત્રમાં પ્રો. ડેલિઝના આ મંતવ્યનો કેટલોક ભાગ છાપવામાં આવ્યો, અને તે લીચનસ્ટાઈનના વાંચવામાં આવ્યો. આ લખાણ વાંચીને તે પ્રભાવિત થયો, અને ખ્રિસ્તી ધર્મના

સિદ્ધાંતોનો અભ્યાસ કરવાનું તેને મન થયું. વર્ષો પૂર્વે ફેંકી દેવામાં આવેલું પેલું નવા કરારનું પુસ્તક તેણે શોધી કાઢ્યું, અને તેમાંનાં વચનોનું અધ્યયન શરૂ કર્યું. જેમ જેમ આ પવિત્ર વચનો તે વાંચતો ગયો તેમ તેમ તે તેના હૃદય સોંસરાં ઊતરી જવા લાગ્યાં. અપૂર્વ મહિમા અને પ્રકાશથી સભર પંથ તેનો દેખાયો. નિષ્ઠુરતાને સ્થાને મધુરતા, નકામા પથ્થરોને સ્થાને ઝગમગતાં મોતી, ધિક્કારને સ્થાને નિઃસ્વાર્થ અને પ્રેમનાં દર્શન થયાં. તેને ખાતરી થઈ ગઈ, કે આ વચનોમાં, તેને મનાવવામાં આવ્યું હતું તેથી ઊલટું, પ્રેમ, સત્ય અને મુક્તિનો સંદેશ સમાયેલો છે. "વેર નહિ પણ ક્ષમા. ગુલામી નહિ પણ સ્વતંત્રતા. અભિમાન નહિ, પણ નમ્રતા. શત્રુવટ નહિ, પણ સમાધાન. અને છેલ્લે, મૃત્યુ નહિ, પણ જીવન ..." અને લીચન-સ્ટાઈનના હૃદયનું પરિવર્તન થઈ ગયું. તેનાં અંતર્ચક્ષુઓએ ખ્રિસ્તને નિહાળ્યો, અને તેને સ્વીકાર્યો. માર્ગ ભૂલેલા યાત્રીને શાશ્વત જીવનનો પંથ મળી ગયો.

(અંગ્રેજી પરથી)

□

# નવજીવનની ઉષા

લક્ષ્મણ રાવ મૈસૂરનો બ્રાહ્મણ યુવક હતો. તેનો જન્મ ઈ. સ. ૧૮૬૦માં થયો હતો, અને "ખ્રિસ્તી" શબ્દ તેણે સૌ પ્રથમ સાંભળ્યો, ત્યારે તેની ઉંમર પાંચ વર્ષની હતી.

એક દિવસ તેણે ઘરમાં ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું, ત્યારે તેની માતાએ તેને ધમકી આપેલી, કે ફરી આવું કરીશ, તો ખ્રિસ્તી બનાવડાવી દઈશ! આઠ વર્ષની ઉંમરે કૌટુંબિક પ્રણાલિકા મુજબ ધાર્મિક વિધિ કરવામાં આવ્યા અને લક્ષ્મણ સાચા અર્થમાં બ્રાહ્મણ બની ગયો.

તે ધાર્મિક વૃત્તિનો હતો. ધાર્મિક પુસ્તકોના વાચનનો તેને ભારે શોખ હતો. ધર્મો વિષે તે ચિંતન પણ કરતો. તે સમયે તેને એક વિદ્યાર્થી સાથે મિત્રતા થઈ. આ મિત્ર સ્પેન્સર, હકસલી અને ટીંડાલનો અભ્યાસી હતો. ધર્મ અંગેનાં વિધાનોએ લક્ષ્મણના હૃદય પર સચોટ અસર કરી. તેને પોતાના ધર્મમાંની શ્રદ્ધા ઘટવા લાગી. પણ તેનું પરિણામ એ આવ્યું કે, પોતાને એક અજ્ઞેયવાદી તરીકે ઓળખાવવા લાગ્યો. ૧૮ વર્ષની ઉંમરે તે કોલર ગયો. ત્યાંની રવિવારની અંગ્રેજી સભાઓમાં તે હાજરી આપવા લાગ્યો. તેણે ખ્રિસ્તી લોકોને તાલબદ્ધ રીતે ગીતો ગાતાં, ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરતા અને શાસ્ત્રવાચન કરતા જોયા. વિચારવંત લક્ષ્મણ આ બાબતોને ગંભીર દૃષ્ટિથી નિહાળવા લાગ્યો.

ઈ. સ. ૧૮૮૧માં લક્ષ્મણે એક મિશનરી બાનુનું પ્રવચન સાંભળ્યું, 'મનુષ્ય', 'પાપ', 'પશ્ચાત્તાપ', 'મુક્તિ' અને 'નવજીવન'—આ મુદ્દાઓ પર અપાયેલા પ્રવચને લક્ષ્મણ પર ઘેરી અસર કરી. ખ્રિસ્તી ધર્મમાં ઈશ્વરની આવી મહાન યોજના છે, એવું તેને પ્રથમ ભાન થયું. હૃદય પલટાનું અને નવજીવનનું રહસ્ય ધીરે ધીરે તેના

અંતરમાં પ્રવેશવા લાગ્યું. આગળ જતાં તે "નવજીવન" પામેલાં સ્ત્રી–પુરુષોના સમાગમમાં આવ્યો, અને હવે આ બાબત તેના જીવનમાં પડકારરૂપ બની ગઈ. એક સમયે એક આખી રાત તેણે મંથનમાં વિતાવી, તેના અંતરમાં અચાનક પ્રશ્ન ઉદ્ભવ્યો : પેલાં બાનુએ જે પરમ સત્યનો સંદેશ આપ્યો, તે સત્ય શોધવા મારે શા માટે યત્ન ન કરવો ? ખૂબ ચિંતન કર્યા પછી તેને લાગ્યું, કે જો હું પણ ઈસુ પર શ્રદ્ધા રાખીને તેમનો સ્વીકાર કરું, તો મને પણ તેમના અનુયાયીઓની જેમ પાપમુક્ત જીવનનો સાચો આનંદ, અને શાંતિ મળશે. તેને એવો પણ ભય લાગ્યો કે જો આ શ્રદ્ધા મને ન બચાવે, તો મારા જીવનનું અધઃપતન અને આત્માનો વિલય નિશ્ચિત છે.

સારી રાતના ચિંતન બાદ લક્ષ્મણે વિચાર્યું, કે જો આ સત્ય સ્વીકારીને મારા આધ્યાત્મિક જીવન દ્વારા તે પ્રદર્શિત કરવા હું ખરેખર ઇચ્છા રાખતો હોઉં, તો તે માટેની અંતર્ભૂત શરતોનું પાલન કરવું જ રહ્યું. એટલે કે, ઈશ્વર સમક્ષ પશ્ચાત્તાપ કરવો અને પ્રભુ ઈસુ પર શ્રદ્ધા રાખવી (પ્રેરિતોનાં કૃત્યો ૨૦:૨૧). અને સાચે જ, લક્ષ્મણે આખરી નિર્ણય કરી લીધો. જીવનમાં પ્રથમવાર તેને ઈશ્વરના સાન્નિધ્યનું સાચું ભાન થયું, અને, ઉદય પામતી ઉષાના આછા અજવાળે, તેણે પ્રભુ ઈસુને પોતાના ઉદ્ધારનાર તરીકે અપનાવી લીધા. દુઃખ, નિરાશા અને મૂંઝવણ રાત્રિના અંધકારમાં વિલીન થઈ ગયાં.

પોતાના નવા જીવનનો ઉલ્લેખ કરતાં લક્ષ્મણ રાવે આ શબ્દો ઉચ્ચાર્યા હતા : "શ્રેષ્ઠ મિત્રથી પણ અધિક, અને પરમપ્રિય સ્વજનથી પણ નજીક, એવા નિષ્કલંક ઈસુ, હવે મારા જીવનભરના સાથી બની રહ્યા છે."

(અંગ્રેજી પરથી)

□

# આફ્રિકાનો પરમ મિત્ર

૧૮૧૩ના માર્ચની ૧૯મી તારીખે ગ્લાસગો નજીક બ્લેન્ટાયર ખાતે ડેવિડ લિવિંગ્સ્ટનનો જન્મ થયો. માતપિતા ગરીબ હતાં, પરંતુ ઉચ્ચ ધાર્મિક જીવન જીવતાં હતાં. દસ વર્ષની કુમળી વયે ડેવિડને એક કારખાનામાં કામે રાખવામાં આવ્યો, કે જેથી ગરીબ માતા-પિતાને આર્થિક સહાય મળી રહે.

લિવિંગ્સ્ટન બાળપણથી ધાર્મિક અને ખ્રિસ્તી જીવન જીવતાં માતપિતાની છાયામાં જીવ્યો હતો. વીસ વર્ષની યુવાન વયે તેના જીવનમાં આધ્યાત્મિક ફેરફારો જોવામાં આવ્યા, અને તેના ભાવિ જીવનની ભૂમિકા સર્જાવા લાગી. તેના હૃદયમાં જીવનની 'અનંતતા'ના વિચારો ઘૂમવા લાગ્યા. તે કહે છે: 'મારા હૃદયમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તના પવિત્ર સંસ્કારો સંસ્થાપિત કરવા માટે મારાં માત-પિતાએ અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો, અને પરિણામે પ્રભુ ઈસુ મારફતે વિનામૂલ્યે મળતી મુક્તિનું રહસ્ય હું સમજી શક્યો હતો.' પોતાનો પુત્ર ધાર્મિક કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરી સાચું ખ્રિસ્તી જીવન જીવે એવી લિવિંગ્સ્ટનનાં માતપિતાની તીવ્ર ઇચ્છા હતી. પણ યુવાન અને વિચાર-વંત લિવિંગ્સ્ટનના મનમાં પોતાની 'અલ્પતા'નો ખ્યાલ આવવા લાગ્યો. આ નિર્દોષ યુવકને આગળ વધવામાં અમુક માનસિક અંતરાયો નડવા લાગ્યા. પ્રભુ ઈસુએ પ્રબોધેલી 'શાંતિ' મેળવવા પોતે લાયક નથી, એવી વિચિત્ર પ્રકારની લાગણી તેને થવા લાગી. પણ યોગ્ય સમયે ઈશ્વરપિતાએ તેને તેની ભૂલનું ભાન કરાવ્યું, તેનાં આત્મિક ચક્ષુ ખોલી નાખ્યાં, અને કોઈ અદૃશ્ય ભાર નીચે દબાયેલો લિવિંગ્સ્ટન ન વર્ણવી શકાય તેવી મુક્તિ અને આનંદ અનુભવવા લાગ્યો. પોતાને ખાતર જીવન આપનાર ખ્રિસ્તને તેણે પોતાનું જીવન અર્પણ કર્યું.

૧૮૪૦ના ડિસેમ્બર માસમાં લિવિંગ્સ્ટન દરિયાઈ માર્ગે દક્ષિણ આફ્રિકા પહોંચ્યો. આ સાહસખેડુ મિશનરીના સેવાકાર્યનો પ્રારંભ

થયો. પારાવાર મુસ્કેલીઓ અને હાડમારીઓ સહન કરીને આ હિંમતવાન સુનાર્તિક આફ્રિકાના અંદરના ભાગો સુધી પહોંચી ગયો. પ્રભુનો નીડર સંદેશવાહક બનીને ત્યાંની પ્રજાને તેણે પ્રભુ ઈસુના બલિદાનની કથા પ્રગટ કરી. આ પ્રસંગે તે લખે છે: 'દુનિયાના આ એક અંધારિયા ખંડમાં ખ્રિસ્તના પ્રેમનો શુભસંદેશ પ્રગટ કરવાની સૌ પ્રથમ તક પ્રભુએ મને આપી, તે સંભારતાં મારું હૃદય આભાર અને આનંદની લાગણીથી ઊભરાઈ જાય છે.'

આફ્રિકા તેનું વતન બની ગયું. આ પ્રદેશની પ્રજા પર તેનું હેત ઊભરાવા લાગ્યું. પ્રભુ તરફથી આશ્ચર્યજનક શક્તિઓ પામેલો આ સાહસિક સુવાર્તિક ત્રીસ ત્રીસ વર્ષ સુધી આ વિશાળ પ્રદેશમાં ઘૂમતો રહ્યો. જીવનના અંતિમ દિવસોમાં તેની તબિયત લથડવા લાગી શરીર સુકલકડી બની ગયું. છતાં 'આત્મા તત્પર હતો' અને પરિશ્રમ તો ચાલુ જ રહ્યો. પણ અંતે તેને પથારીવશ થવું જ પડયું. ૧૮૭૩ના મે માસની પહેલી તારીખે લિવિંગ્સ્ટનની ખબર જોવા તેના મિત્રો આવ્યા. સવારના ચાર વાગ્યા હતા. પાસે મિણબત્તી ઝાંખો પ્રકાશ આપી રહી હતી. પણ તે પોતે પથારીમાં ન હતો. બાજુમાં જ દૃષ્ટિ કરતાં તેઓએ તેને ઘૂંટણે પડેલી હાલતમાં નિહાળ્યો. પોતાના બંને હાથોમાં માથું ટેકવાને, તકીઆનો સહારો લઈ ને લિવિંગ્સ્ટન જાણે કે પ્રાર્થના કરી રહ્યો હતો. તેઓએ તેને બોલાવ્યો, પણ ઉત્તર ન મળ્યો. તેને ઢંઢોળતાં સાચી વાત સમજાઈ ગઈ. તેની આ જગતની યાત્રા પૂરી થઈ હતી. પ્રાર્થનામાં લીન થઈ ગયો હોય તેવી સ્થિતિમાં સ્વામીને પોતાનો આત્મા સ્વાધીન કરીને, આફ્રિકાનો આ પરમ મિત્ર, પોતાના અંગત મિત્રને મળવા વહેલી સવારે પ્રયાણ કરી ગયો.

સુપ્રસિદ્ધ ડો. મોફાટ લખે છે: 'આ પ્રમાણે લિવિંગ્સ્ટન મૃત્યુ પામ્યો,–જીવનમાં કે મૃત્યુમાં–પોતે ખ્રિસ્તનો જ છે એવી અનંત આશા અને ખાતરી સહિત' (અંગ્રેજી પરથી)

□

# ખોવાયેલા પુત્રનું પુનરાગમન

પૉલ કૅનામોરી જાપાનની એક શાળાનો તેજસ્વી વિદ્યાર્થી હતો. તે જે ગ્રામ્યશાળામાં અભ્યાસ કરતો હતો, તેમાં બીજા પણ ઘણા હોંશિયાર વિદ્યાર્થીઓ હતા, કૅનામોરી પાસે એક બાઇબલ હતું. તે ઘણી વાર પોતાના વર્ગમાં પણ લઈ જતો. તે સમયમાં બાઇબલની પ્રત પાસે હોવી તે એક વિશિષ્ટ બાબત ગણાતી. કૅનામોરી અન્ય વિદ્યાર્થી મિત્રો સાથે બાઇબલમાંની વાતો વિષે રસપૂર્વક ચર્ચા કરતો. પરિણામે આ વિદ્યાર્થીબંધુઓ પણ બાઇબલ વાચન કરતા થયા. ધીમે ધીમે આધ્યાત્મિક સંગતનો આસ્વાદ માણતું તેઓનું એક વ્યવસ્થિત મંડળ બની ગયું.

સમય જતાં તેઓ પોતાની પ્રેરકબુદ્ધિનો ઉપયોગ કરીને ચોક્કસ દિશામાં આગળ વધ્યા, અને પ્રભુ ઈસુના અનુયાયીઓ તરીકે જાહેરમાં આવવા લાગ્યા. "ઈસુનો ધર્મ" પોતે અપનાવ્યો છે એ વિચાર તેમનાં હૃદયોને આનંદથી ભરી દેતો. તેઓએ ઘણા મિત્રોને પોતાની તરફ આકર્ષ્યા. પછી તો ભરબજારમાં પોતાની સાક્ષી આપવા લાગ્યા. પરિણામે વિરોધીઓ પણ ઊભા થયા. સતાવણી શરૂ થવા લાગી. ખરો કસોટીકાળનો પ્રારંભ થયો અને ઘણા તો સતાવણી સહન ન થતાં મંડળનો ત્યાગ કરીને ચાલ્યા ગયા. છેવટે માત્ર ચાળીસ અનુયાયીઓની નાનકડી ટોળી જ રહી. એક દિવસે એક ખાસ સ્થળે આ કિશોરો એકઠા થયા અને ગંભીરતાપૂર્વક ખ્રિસ્તને પોતાનાં જીવનો અર્પણ કર્યાં. આ 'સુવાર્તિક વીરો' માત્ર ૧૩ થી ૧૮ વર્ષની વયના હતા.

હવે કૅનામોરી આ મંડળનો આગેવાન થયો. એક જવાબદાર વ્યક્તિ તરીકે તેની ચાંપતી તપાસ થઈ, અને તેને જેલના સળીઆ

ગણુવા પડયા. જેલમાં જતી વેળાએ કેનામોરી પોતાની પ્રિય પુસ્તિકાઓ (માથ્થી અને યોહાનની સુવાર્તા) જાળવી રાખી શકયો. કારાવાસ દરમિયાન આ સુવાર્તાઓનું તેણે સતત અધ્યયન કર્યું, અને અંતે ત બંને તેને કંઠસ્થ થઈ ગઈ! જેલમાંથી મુક્ત થયા પછી તેણે બાઇબલની એક બીજી પ્રત મેળવી. "યાત્રાકારી" પુસ્તક પણ વાંચ્યું. આગળ જતાં યુવાન વયે તે એક ખ્રિસ્તી વિદ્યાલયમાં દાખલ થયો. તેણે જરૂરી પરીક્ષાઓ પસાર કરી અને અંતે ધર્મસેવક તરીકે તેની દીક્ષા થઈ.

પણ આ ધ્યેય હાંસલ થયા પછી આશ્ચર્યજનક રીતે કેનામોરીની પીછેહઠ થઈ. ઈશ્વરવિદ્યાની ભણુાવટ કરતાં આધુનિક પુસ્તકો તેણે વાંચ્યાં અને બાઇબલ ઉપર લખાયેલાં પુસ્તકોના જર્મન અનુવાદોનું તેણે અધ્યયન કર્યું. આ પુસ્તકોમાં આવતાં વિરોધાભાસી મંતવ્યોથી તે મુંઝાવા લાગ્યો. તે ભારે માનસિક દબાણુ નીચે જીવવા લાગ્યો. અંગત મિત્રોનો સંપર્ક સાધ્યો. મિત્રોએ જોઈ લીધું કે કેનામોરીનો "ખ્રિસ્તી વિશ્વાસ" ડગમગી રહ્યો છે. છતાં આ શાણા મિત્રોની સલાહ તેણે ન માની અને સ્પષ્ટપણે જણાવી દીધું, કે 'હું જે માનતો થયો છું, તેની વિરુદ્ધ બોધાસન ઉપરથી હવે બોલી શકીશ નહિ. મંડળીના સભ્યોને અંધારામાં રાખવા કરતાં તો હું હવે આ સ્થાનનો ત્યાગ કરું એ જ ઇષ્ટ છે.' અને કેનામોરીએ પાળક તરીકેનું રાજીનામું આપી દીધું અને આધુનિક જગતના પ્રવાહોમાં ખેંચાઈ ગયો. તેણે તો જાહેર કરી દીધું, કે બાઇબલમાં ઘણી ભૂલો છે અને તે ઈશ્વરપ્રેરિત નથી. ઈસુ ખ્રિસ્ત માત્ર એક સદ્ગૃહસ્થ હતા. પવિત્ર આત્મા દ્વારા ગર્ભધારણ થયો તે એક દંતકથા જેવું લાગે છે. પુનરુત્થાન એ કલ્પના માત્ર છે અને ઈસુના મૃત્યુ સાથે બધી બાબતોનો અંત આવે છે.' આમ કેનામોરી ઉપર શેતાન સવાર થઈ ચૂકયો. પછી તો તેણે નવું કાર્યક્ષેત્ર શોધવા માંડ્યું. સુવાર્તા અને વધસ્તંભ ફગાવી દઈ ને સમાજવાદ, અર્થશાસ્ત્ર વગેરે

વિષયો ઉપર વિદ્વત્તાભર્યાં પ્રવચનો આપવા માંડયા. આશ્ચર્યમાં નાખી દે, એવી બાબત તો એ છે, કે આવા અંધકારમય જીવનમાં કેનામોરીએ ચોવીસ વર્ષ પસાર કર્યાં!

આ તબક્કે તેના જીવનમાં એક દુઃખદ ઘટના બની. તેની પત્નીનું મૃત્યુ થયું. આ પ્રસંગે કેનામોરીને વિચારતો કરી મૂકયો. તેને નવ બાળકો હતાં. તે શોકની ઊંડી ખીણમાં ધકેલાઈ ગયો. બાળકોને તે આશ્વાસન આપી શકયો નહિ. તેઓ રડતાં જ રહ્યાં. પોતે સંપાદન કરેલા વિશાળ જ્ઞાનભંડારમાંથી આશ્વાસનની એક રેખા પણ તેને ન લાધી. સૌથી નાના પુત્રના અટપટા પ્રશ્નોના ઉત્તર પિતા ન આપી શકયા...પણ અંતે, આશ્વાસન મેળવવા મિથ્યા પ્રયત્નો કરતા કેનામોરીના હૃદયમાં પ્રભુ ઈસુના પુનરુત્થાનનો ખ્યાલ એકાએક વીજળીના ચમકારાની જેમ ઝબકી ગયો. 'પુનરુત્થાન તથા જીવન હું છું' એ સત્ય તેના અંતરપટ પર ફરીથી અંકિત થઈ ગયું. તેના મનમાં એક જ બાબત ઘુંટાવા લાગી : સજીવન થયેલો ખ્રિસ્ત. આ પછી કેનામોરી ખરા હૃદયથી પશ્ચાત્તાપ કરવા લાગ્યો. છેવટે તેને લાગ્યું, કે તજી દીધેલું પિતાનું ઘર હજી તેને માટે ખુલ્લું જ છે, ફરી તે પ્રેમાળ પિતાના ચરણોમાં ઝૂકી પડયો. એ જ આનંદ અને શાંતિ પાછાં મળ્યાં. ફગાવી દીધેલો વધસ્તંભ કેનામોરીએ જાણે કે ફરી કાંધે ચઢાવ્યો, અને પછી તો દસ વર્ષ સુધી તે ચારે દિશામાં પ્રેમના શુભસંદેશની ઘોષણા કરતો ફર્યો, એટલે સુધી કે તેની અંગત સાક્ષીથી પ્રભાવિત થઈને જાપાનનાં સાત હજાર આત્માઓએ પ્રભુ ઇસુનો સ્વીકાર કર્યો. આજે સમસ્ત ખ્રિસ્તી આલમ આ ધર્મસેવકને "જાપાનના મુડી" તરીકેના હુલામણા ઉપનામથી નવાજે છે.

(અંગ્રેજી પરથી)

□

# "છેલ્લું ભોજન" (Last Supper)*

લિયેોનાર્દ દ વિન્સિના જીવન અને કવનની કથા એક પરીકથા જેવી લાગે તેવી છે. કાંઈક નવું શીખવા તથા કરવાની તેની જિજ્ઞાસાવૃત્તિએ બાળપણથી આકર્ષણ જમાવેલું. દેખાવે ખૂબ સોહામણો એવો લિયેોનાર્દ યુવાન વયે ઈટાલીમાં અત્યંત લોકપ્રિય થઈ પડેલો. સુડોળ અને સશક્ત શરીર ધરાવતા આ યુવાનમાં એવું તો બાહુબળ હતું, કે તે ખુલ્લા હાથ વડે લોખંડના મજબૂત સળીઆ સહેલાઈથી વાળી દેતો! છતાં તેની વજ્રસમી છાતીમાં કોમળ હૃદય ધબકતું હતું. વેચવા માટેનાં પિંજરામાં પૂરેલાં પંખીઓને તે પિંજરા સહિત ખરીદી લેતો, અને પછી તેમને મુક્ત કરી દેતો!

આંદ્રિયા ડેલ નામના ગુરુના માર્ગદર્શન હેઠળ તેની કલાકારકિર્દીનો આરંભ થયો અને વિશિષ્ટ કલાસૂઝ ધરાવતો લિયેોનાર્દ ટૂંક સમયમાં તો ગુરૂને પણ આંબી ગયો. બહુમુખી પ્રતિભાઓ ધરાવતો લિયેોનાર્દ વિશ્વની ધરતી પર જીવી ગયેલી મહાન વ્યક્તિઓ પૈકીનો એક વિરલ કલાકાર હતો.

ઈટાલિયન રેનેસાં (કલા અને સાહિત્યના પુનર્વિકાળ, ઈ. સ. ૧૩૦૦-૧૫૦૦) અને કલાના ઇતિહાસમાં લિયેોનાર્દનું સ્થાન અનોખું છે. પુરાતન કાળથી માંડીને ૧૫મી સદી સુધી કલાક્ષેત્રે કોઈ નોંધપાત્ર ઘટના બની ન હતી; પણ ત્યાર પછી એકદમ ઈટાલીમાંથી સંખ્યાબંધ સમકાલીન કલાકારો નીકળી આવ્યા. લલિતકલાઓના અવકાશમાં જે સિતારાઓ ઝબકી ઊઠ્યા તેમાં હતા રફાએલ, માઈકલ એન્જેલો, ટિશિયન, કોરેજીઓ અને લિયેોનાર્દ દ વિન્સિ. આ પાંચ કલાકારોમાંયે

---

* લિયેોનાર્દ દ વિન્સિનું દર્દભર્યું કલાગીત

લિયોનાર્દ તો તદ્દન જુદો જ તરી આવ્યો, અને ઇટાલિયન 'રેનેસાં' નો ધડવૈયો બની રહ્યો. તેનામાં કોઈ પણ પ્રકારનું શિક્ષણ ત્વરાથી ગ્રહણ કરવાની દિવ્ય શક્તિ હતી. અને તેથી જ તો એ શિલ્પી, સંગીતકાર, ચિત્રકાર, કવિ, આર્કિટેક્ટ, મેકેનિસ્ટ અને એન્જિનિયર બનીને કલાક્ષેત્રના સર્વોચ્ચ શિખરે જઈ બેઠો. તેણે મિલાનના દેવળ ઉપર આર્કિટેક્ટ તરીકે ઘણાં વર્ષો સુધી કાર્ય કર્યું હતું.

મિલાન અને ફ્લોરેન્સમાં લાંબો સમય ગાળ્યા પછી લિયોનાર્દ રોમ ગયો. અને ત્યાંથી ફ્રાંસ ગયો. આશરે ઈ. સ. ૧૫૧૯ના મે માસમાં ફ્રાન્સમાં જ તેનો દેહવિલય થયો. જગતના આ સૌથી મહાન કલાકારની બે કૃતિઓ માટે વિશ્વ હંમેશાં તેનું ઋણી રહેશે: એક તો દુનિયાનું સર્વશ્રેષ્ઠ કલાસર્જન "મોનાલિસા" અને બીજું તેનું સર્વોત્કૃષ્ટ ધાર્મિક કલાચિત્ર, "છેલ્લું ભોજન" (The Last Supper)

લિયોનાર્દે આ ચિત્ર ("છેલ્લું ભોજન") દોરવાની શરૂઆત ક્યારે કરી તેનો ચોક્કસ સમય ઉપલબ્ધ નથી. કદાચ ઈ સ. ૧૪૯૫માં હશે તેમ માનવામાં આવે છે. ડ્યુક ઓફ મિલાનની પત્ની બીએટ્રીસના સ્મરણચિહ્ન તરીકે આ ચિત્રનું નિર્માણ કરવામાં આવ્યું હતું. મિલાનના "ચર્ચ ઓફ મેરી"ની ઇમારત સાથે સંકળાયેલ કોઈ મકાનના "મ્યુરલ" તરીકે સંસ્થાપિત થઈ શકે તે દૃષ્ટિથી લિયોનાર્દે તે તૈયાર કર્યું હતું. તેના જીવનકાળ પૂર્વે "મ્યુરલ્સ"-માં પ્લાસ્ટરનો ઉપયોગ થતો હતો. પણ પ્લાસ્ટર ઉપર તૈલચિત્ર તૈયાર કરવાનો પ્રયોગ તેણે આદરી જોયો, પણ તે સપાટી યોગ્ય ન નીવડી. ચિત્ર તૈયાર તો થયું પણ ધીમે ધીમે નાશ પામવા લાગ્યું. ૫૦ વર્ષના ગાળા પછી તો જાણે ચિત્ર જ ન હોય તેવું દેખાવા લાગ્યું. વધુ કમનસીબ બિના તો એ હતી, કે કેટલાક બેદરકાર માણસોએ આ હોલની પુનરરચના કરતાં દીવાલમાં એક નવું દ્વાર બનાવ્યું પણ તેમ કરતાં સ્વામીના પગનો ભાગ કપાઈ ગયો! એવું કહેવાય છે,

કે આ હૉલનો ઘોડાના તબેલા તરીકે પણ ઉપયોગ થઈ ચૂક્યો હતો, અને ઘોડેસ્વારોએ મનોરંજન ખાતર ઈસુ અને શિષ્યોની ચિત્રઆકૃતિઓને વિકૃત કરી નાખી હતી. એ પછી ચિત્રને પુનર્જીવિત કરવાના ઘણા પ્રયત્નો થયા. જો કે મોટા ભાગનાં સમકાલીન પુનઃ સર્જનોમાં મૂળ સૌંદર્ય તો નિહાળી જ શકાય છે. કાષ્ટના કોતરકામના ખ્યાતનામ કલાકાર અમેરિકાના અર્નેસ્ટ પેલેગ્રીનીએ લાકડામાં કોરી કાઢેલી લિયોનાર્દ-ની આકૃતિ અતિ સુંદર છે અને તે અત્યારે નેશવિલ (ટેનેસ્સી)ના "ઉપલી મેડી" ચેપલમાં મોજૂદ છે.

લિયોનાર્દે આ ચિત્રનું સર્જન કરવામાં પોતાની સમગ્ર શક્તિઓ ખર્ચી હતી, અને જીવનના તે કાળે તો તેની શક્તિઓ પૂરબહારમાં ખીલેલી હતી. ચિત્ર તૈયાર કરવામાં તેણે ઘણો જ લાંબો સમય ગાળ્યો હતો. કોઈ કોઈ વાર તો તેની સામે કલાકો સુધી વિચાર અને મનનમાં પૂતળાની જેમ સ્થિર ઊભો રહેલો દેખાતો! ચિત્રનાં તમામ-પાત્રો જીવંત પાત્રો પરથી આલેખેલાં છે અને આટલી મોટી સંખ્યામાં પાત્રોનું સર્જન કરતી વેળાએ ભાવ અને વ્યક્તિત્વની દૃષ્ટિએ કોઈ પણ એક પાત્ર અન્યમાં ભળી જતું નથી કે નીરસ અને જડ બની જતું નથી, તે તેની કલાની ખૂબી છે. "તમારામાંનો એક મને પરસ્વાધીન કરવાનો છે" એ વચનો જે પળે આપણા સ્વામીએ ઉચ્ચાર્યાં, તે પળની વ્યાપક અસરો દ્વારા સમગ્ર ચિત્રને ભરી દેવાનો લિયોનાર્દનો પ્રયત્ન યશસ્વી છે. અવલોકનકારો તો એટલે સુધી કહે છે, કે ચિત્રના તમામ મુખારવિંદોને ઢાંકી દેવામાં આવે, તો પણ પાત્રોના હાથોના જીવંત હાવભાવ સમગ્ર ચિત્રની કથા કહી જાય છે! અભ્યાસકો એમ પણ કહે છે, કે કલાકારે આ ચિત્રનું સર્જન એવી આશ્ચર્યજનક રીતે કર્યું છે, કે ચારે બાજુથી જોતાં પ્રભુ ઈસુ જ કેન્દ્રસ્થાને બિરાજમાન લાગે. ટેકનિકની દૃષ્ટિએ પણ આ ચિત્ર વિશ્વમાં સર્વાંગસંપૂર્ણ ગણાય છે.

જગતની સર્વશ્રેષ્ઠ કલાકૃતિઓનો સર્જક લિયોનાર્દ સ્વભાવે નમ્ર અને માયાળુ હતો. જે સ્થળે આ ચિત્રનો દેહ ઘડાયો તે "ધર્મગૃહ"ના વડાએ ચિત્રના સર્જનમાં લેવામાં અત્યંત લાંબા સમય બાબત ટકોર કરી, ત્યારે લિયોનાર્દે આ પ્રત્યુતર વાળ્યો: "કોઈ પણ ચિત્ર માત્ર હાથ વડે જ તૈયાર થઈ શકતું નથી, પણ તે માટે ઊંડા વિચાર અને ચિંતનની આવશ્યકતા છે. સૌ પ્રથમ તો તે આંતરિક જીવનમાં ઉદ્‌ભવે છે, અને આત્મા દ્વારા રૂપ અને રંગોમાં ઉદય પામે છે."

(અંગ્રેજીને આધારે)

□

# બરફનું તોફાન

એક માનવી તેના હૃદયપલટાની રોમાંચક કથા તેના પોતાના શબ્દોમાં આ પ્રમાણે વર્ણવે છે :

મારી ઉંમર ત્યારે સોળ વર્ષની હતી. એક રવિવારે હું સવારની ભક્તિસભામાં હાજરી આપવા ઘેરથી ઘણો વહેલો નીકળ્યો. માર્ગમાં હતો ત્યાં જ બરફવર્ષા શરૂ થઈ, અને ભારે જોરદાર પવન સાથે ભયંકર તોફાન શરૂ થયું. હું ધારેલે સ્થળે પહોંચી ન શક્યો. આશરો શોધતાં જ સામે આવેલા એક મેથોડિસ્ટ ચેપલ ઉપર દૃષ્ટિ પડી. ઉતાવળો ત્યાં પહોંચી ગયો. અંદર જોયું તો ભક્તિસભાના સમય પહેલાં બાર–પંદર માણસો બેસી ગયા હતા. પણ ત્યાર પછી સંખ્યામાં કોઈ વધારો ન થયો. પાળક સાહેબ પણ આવી ન શક્યા.

નાની મંડળીના જે સભ્યો અહીં બેઠા હતા તે ઘણા ગરીબ અને ઓછું ભણેલા દેખાતા હતા. કદાચ તેમાંના કોઈ મોચી, દરજી કે એવા કોઈ સામાન્ય ધંધો કરનારા હશે. અંતે સમય વહી જતો જોઈને, એક ભાવિક ભાઈ નાનકડા શ્રોતાવૃંદ આગળ કંઈક બોલવા ઊભા થયા, તેના શબ્દો આવા હતા : "મિત્રો, મેં પસંદ કરેલું આ વચન સાંભળો. મારી તરફ જુઓ, અને મુક્તિ મેળવો." આ માણસ સંપૂર્ણપણે સુશિક્ષિત અને તાલીમ પામેલો હોય એવું લાગ્યું નહિ, કારણ કે તેનાં અમુક ઉચ્ચારણો પણ ખામી ભરેલાં હતાં. પણ તેણે તો પોતાની શક્તિ પ્રમાણે આગળ ચલાવ્યું, અને કંઈક આવી મતલબનો ઉપદેશ આપ્યો :—

"બહુ, સાદી અને સરળ બાબત છે,
માત્ર નિહાળો. બહુ ભારે પ્રયાસ કરવાનો નથી.
હાથ કે પગને તસ્દી આપવાની નથી.
કાંઈ નવું શીખવાનું નથી. મૂર્ખ માનવીને માટે
પણ એ શક્ય છે. માત્ર નિહાળો."

પછી તેણે ઊંચા સાદે કહ્યું, 'હવે તેમાં અમુક શબ્દો ઉમેરો. 'મારી તરફ દૃષ્ટિ કરો અને મને નિહાળો' પોતાની જાત તરફ જોયા કરશો તો શાંતિ નહિ મળે, મિત્રો, હવે તે શું કહે છે, તે સાંભળો : "મારો પરસેવો લોહી જેવો થઈને નીચે પડે છે. મારી ધરપકડ કરવામાં આવે છે. મને અસહ્ય કષ્ટ આપી રીબાવવામાં આવે છે. મને મારી નાખવામાં આવે છે. મને કબરમાં મૂકવામાં આવે છે. પણ મને ફરી નિહાળો. હું ફરી સજીવન થાઉં છું. હું સ્વર્ગમાં ચાલ્યો જાઉં છું. પિતાની જમણી તરફ બેસું છું અને જુઓ!"

આ પ્રમાણે બોલી રહ્યા પછી તે થોડી પળો શાંત રહ્યો. હું છેક પાછળ બેઠો હતો ત્યાં અચાનક મારા તરફ જોઈને, મને ઉદ્દેશીને તે કહેવા લાગ્યો. "નિરાશ નવયુવાન" મને લાગ્યું કે તે ખરેખર મને પામી ગયો છે. ફરી તેણે મારા તરફ ફરીને ભારપૂર્વક કહ્યું, 'તમે દુઃખી જ રહેશો, જો ઈસુ તરફ નહિ જુઓ તો.'

તે જ ઘડીએ મને પ્રકાશ મળ્યો. મારાં અંતર્ચક્ષુ ઊઘડી ગયાં. અને ઈસુ સાથેના એ સૌ પ્રથમ આધ્યાત્મિક મિલનમાં મને મારા તારણહારનાં દર્શન થયાં.

બહાર જામેલું કુદરતનું તાંડવ શમી ગયું અને સાથે સાથે આ અજાણ્યા માનવીના શબ્દોએ મારા અંતરની આંધી પણ શમાવી દીધી.

આ યુવાન તે બીજું કોઈ નહિ, પણ જગતના ધર્મસેવકોના શિરોમણી સમા, સી. એચ. સ્પર્જન. તેમનો જન્મ ઈ. સ. ૧૮૩૪માં ઇસેક્સ (ઇંગ્લેન્ડ)માં થયો હતો. હૃદયપરિવર્તન થયા પછી યુવાનવયે સ્પર્જને પ્રવચનો આપવાં શરૂ કર્યાં, અને લાગલગાટ ત્રીસ વર્ષ સુધી નિયમિત રીતે દર સપ્તાહે પાંચથી છ હજાર શ્રોતાઓ સમક્ષ ઈસુના પ્રેમ સંદેશાઓ આપ્યા કર્યા, જે આજે હજારોની સંખ્યામાં વેરાયેલા પડયા છે અને સારાયે વિશ્વમાં વંચાય છે. ૧૮૯૨ ના જાન્યુઆરીની ૩૧ મી તારીખે તેમણે પૂર્ણશાંતિથી દેહત્યાગ કર્યો.

(અંગ્રેજી પરથી)

□

# જીમીની નાતાલ

જીમી એક મોટા શહેરમાં રહેતો હતો. તેનું ઘર એક સુંદર મોટા બાગ પાસે આવેલું હતું, જીમીની ઉંમર ૭ વર્ષની હતી. એક સવારે તે વહેલો બાગમાં રમવા ચાલ્યો ગયો. નાતાલના તહેવારોને હજુ વાર હતી. પણ જીમીને તે વિષે બહુ ખ્યાલ ન હતો.

રમતાં રમતાં તેને ભૂખ લાગી. અત્યારે જ તેને યાદ આવ્યું, કે તે સવારમાં નાસ્તો કરવાનું જ ભૂલી ગયો હતો! તેને મનમાં વિચાર આવ્યો, કે કંઈ ખાવાનું લેતો આવ્યો હોત, તો સારું થાત. તેને બિસ્કીટ અને સફરજન યાદ આવ્યાં. આમ છતાં તેણે ફરવાનું ચાલુ રાખ્યું; અને બાગમાંનાં રંગબેરંગી ફૂલો તથા પક્ષીઓ નિહાળવા લાગ્યો.

આમ ફરતાં ફરતાં તેણે બાગના ખૂણામાં એક સુંદર પેકેટ પડેલું જોયું. મજાનું પેકેટ-પ્લાસ્ટીકની થેલીમાં વ્યવસ્થિત રીતે મૂકેલું હતું. તેણે તે ખોલવા માંડયું, અને મજાની ચોકલેટની સુવાસ આવવા લાગી. પેકેટ હતું તો ચોકલેટનું જ પણ આ શું? ચોકલેટને બદલે ઘણા બધા પૈસા તેમાં હતા! કડકડતી નવી નક્કોર નોટો! તે ભૂખ્યો હતો તે પળભર તદ્દન ભૂલી ગયો. પણ બીજી ક્ષણે તેને થયું, કે આ પૈસાને હું શું કરું? વળી વિચાર આવ્યો, કે લાવ, જઈને માને આપી દઉં. પણ એકાએક તેને એક દિવસ તેની માતાએ કહેલી શિખામણ યાદ આવી: કોઈની ખોવાઈ ગયેલી કીમતી અને પ્રિય ચીજ આપણને જડે, તો તરત તેના માલિકને પાછી આપવી જોઈએ. માલિક ન મળે, તો પોલીસ સ્ટેશનમાં સોંપવી જોઈએ. જીમીને ખૂબ વિચારો આવ્યા, અને અંતે તે પેકેટ ખીસામાં મૂકીને નજીકના પોલીસ સ્ટેશને દોડી ગયો. તે બહુ દૂર ન હતું.

"તું કેમ આવ્યો છે, ભાઈ?" મોટા પોલીસ અધિકારીએ પૂછ્યું.

"સાહેબ, આ પેકેટ મને પાસેના બાગમાંથી જડયું છે. અંદર પૈસા રાખેલા છે." જીમીએ બીતાં બીતાં કહ્યું.

અધિકારીએ પેકેટ હાથમાં લીધું. પૈસા ગણી જોયા. "આટલી બધી નોટો! બાગમાંથી મળી?" જીમીએ બધું વિગતવાર કહી સંભળાવ્યું.

"બહુ જ મહેરબાની, ભાઈ. અમે આ પૈસા અમુક અઠવાડીઆ સુધી અહીં રાખીશું. જો કોઈ શોધતું આવશે, તો ખાતરી કરીને આપી દઈશું. પણ અમુક સમય સુધી કોઈ નહિ આવે, તો તમને પાછું આપીશું."

પોલીસ અધિકારીએ જીમીની વિગતો તથા સરનામું લઈ લીધાં, અને ધન્યવાદ આપી વિદાય કર્યો.

જીમી પોલીસ સ્ટેશનેથી બાગ સોંસરવો ઘેર દોડી ગયો. તેની માએ અત્યાર સુધી જતા રહેવા બદલ હળવો ઠપકો આપ્યો. પણ જીમીએ તેને બધી વાત કહી સંભળાવી, ત્યારે માતાએ પુત્રને વહાલ કરીને કહ્યુ, "બેટા, તું બહુ જ ડાહ્યો છે. જે કરવું જોઈતું હતું તે જ તેં કર્યું છે. મને તારે લીધે ઘણો જ આનંદ થાય છે, અને હું ઈશ્વરનો આભાર માનું છું.'

પછી માએ જીમીને થોડાં બિસ્કીટ અને સક્કરજન ખાવા માટે આપ્યાં અને બીજી રસોઈ થાય ત્યાં સુધી બહાર રમવાનું કહ્યું. ડાહ્યો જીમી મકાનની પાસે રમવા લાગ્યો.

× × ×

દિવસો પર દિવસો વીતવા લાગ્યા. પેકેટની વાત તો છેક જ ભૂલાઈ ગઈ. ત્રણ મહિના પસાર થઈ ગયા. હવે નાતાલને ત્રણ જ દિવસની વાર હતી. નાતાલના તહેવારો પાસે આવતા હતા પણ જીમીની માતા બહુ ખુશમિજાજમાં દેખાતી ન હતી. તેઓ ગરીબ હતાં. અને જીમી માટે સારાં કપડાં અને સારો ખોરાક ખરીદવા પૂરતા પૈસા ન હતા.

ડિસેમ્બરની ૨૪ મી તારીખ હતી. જીમીની મા કંઈક ચિંતાતુર વદને બેઠી હતી. જીમીના પિતા ત્રણ વર્ષ પહેલાં મૃત્યુ પામ્યા હતા. પોતાની પાસે જે કાંઈ પૈસા હતા, તેમાંથી પોતાના વહાલા જીમી માટે કંઈક ખરીદવાનો વિચાર તે કરતી હતી.

એટલામાં બારણે ટકોરા પડયા. માતા સફાળી ઊભી થઈ ગઈ. સ્વસ્થ બની બારણું ઉઘાડયું. એક કદાવર પોલીસ અધિકારી સામે ઊભા હતા. પ્રથમ તો મા દીકરો જરા ગુંચવાયાં, પણ અધિકારીની વિનયયુક્ત વાત સાંભળીને તેમને શાંતિ થઈ.

"તમારે જીમી નામનો છએક વર્ષની ઉંમરનો પુત્ર છે, ખરું ?" તેમણે પૂછ્યું.

"હા જી, તેનું શું કામ છે આપને ?"

"આ પેકેટ લઈ લો, અને આ રસીદ ઉપર સહી કરી આપો. પોલીસ અધિકારી બોલ્યા.

એટલામાં જીમી પોકારી ઊઠયો, "આ તો પેલું જ પેકેટ છે, મા !"

પોલિસ અધિકારીએ સ્પષ્ટતા કરી, કે આજ સુધી કોઈ આ નાણાંનો દાવો કરવા આવ્યું નથી. કાયદા અનુસાર અમુક નિયત મુદત પછી જેને ચીજ વસ્તુ જડી હોય, તેને તે પાછી સુપરત કરવાની હોય છે.

માતાએ સહી કરી, અને અધિકારી ચાલ્યા ગયા. મા-દીકરાએ ઈશ્વરનો આભાર માન્યો. જીમીના ઘણા મિત્રો તો અત્યંત ગરીબ હતા. માતાની સૂચનાથી જીમીએ રાજીખુશીથી તેમને બોલાવીને મદદ કરી. ત્યાર પછી જીમીની માએ જીમી માટે અને બીજાં બાળકો માટે સુંદર ભેટો ખરીદ કરી.

તેઓએ સાચા અર્થમાં નાતાલ માણી. પ્રમાણિક પુત્રને નિહાળી માતાની આંખમાં હર્ષનાં આંસુ ઊભરાયાં. (અંગ્રેજી વાર્તા પરથી)

□

# શ્રેષ્ઠ પારિતોષિક

એડવર્ડ સ્ટડ નામના એક શ્રીમંત લંડનવાસીએ રમત-જગતમાં સારી નામના મેળવી હતી. તેની પાસે તેની માલિકીના કેટલાક રેસના ઘોડા હતા. એટલું જ નહિ, પણ તે પોતાનું આગવું "રેસ કોર્સ"નું મેદાન ધરાવતો હતો! તેણે ઘોડદોડની હરીફાઈમાં પોતાના કૌશલ્ય વડે "ગ્રાન્ડ નેશનલ" નામનું પારિતોષિક મેળવ્યું હતું. પણ તે પછીનાં વર્ષોમાં તેના જીવનમાં જે ઘટનાઓ બની અને ફેરફારો થયા તેની કથા અત્યંત રસપૂર્ણ અને અસરકારક છે.

એડવર્ડ સ્ટડની પાસે એક ઘોડો હતો જેને તે પોતાનું શ્રેષ્ઠ પ્રાણી ગણતો હતો. આગામી રેસમાં પોતાનો ઘોડો જ પ્રથમ આવશે, એવી તો તેને એટલી પાકી શ્રદ્ધા બેસી ગઈ હતી, કે તેણે તેના એક અંગત મિત્રને પત્ર લખ્યો, કે 'જો તમે શાણા હો, તો આ રેસમાં મારા ઘોડા પર શરત લગાવજો' ત્યાર પછી આ મિત્ર લંડન આવી પહોંચ્યો. સ્ટડે તેને આ વિષે પૂછતાં ઉત્તર મળ્યો, કે તેણે કોઈ પણ ટિકિટ લીધી જ ન હતી. સ્ટડે તેને જણાવ્યું કે, 'તમે સાચે જ મૂર્ખ છો. મેં તમને ખાતરી નહોતી આપી, કે મારો ઘોડો વિજયી બનશે? પણ કાંઈ નહિ. તમને લાગ્યું તે ખરું ચાલો, આપણે જમી લઈએ.'

જમતાં જમતાં સ્ટડે પુછ્યું, કે 'હવે આજે આપણે આનંદ-પ્રમોદ માટે ક્યાં જઈશું? તમે મારા મહેમાન છો, એટલે તમે કહો ત્યાં જ જઈએ.' પેલા મિત્રે સૂચન કર્યું: આપણે મુડીનું પ્રવચન સાંભળવા જઈએ.

સ્ટડે આમ તો મુડી વિષે વર્તમાનપત્રોમાં વાંચ્યું હતું. મુડીની ભારે પ્રશંસા થતી હોવાથી તેને લાગ્યું તો હતું જ, કે તેનામાં કંઈ 'વિશેષ' હોવું જોઈએ. છતાં આ હકીકતની અવગણના કરીને તેણે તેના મિત્રને કહ્યું, કે 'આજે રવિવાર નથી. એ કરતાં તો આપણે કોઈ થિયેટરમાં કે મનોરંજન કાર્યક્રમમાં જઈએ તો ઠીક રહેશે.' પેલા મિત્રે તરત જવાબ આપ્યો, કે "તમે મને પસંદગી કરવાનું કહ્યું હતું. નહિ? તો પછી હું કહું ત્યાં ચાલો" અને સ્ટડને જવું પડયું. તેઓ મુડીની સભામાં ગયા.

જે હોલમાં મુડી પ્રવચન આપવાના હતા, તે ખીચોખીચ ભરાઈ ગયો હતો. બેસવાની જરાયે જગ્યા ન હોવાથી પેલા મિત્રને ભય લાગ્યો, કે સ્ટડ જગ્યાનું બહાનું કાઢીને છટકી જશે. એટલે તેણે તરત વ્યવસ્થાપક સમિતિના એક સભ્યનો સંપર્ક સાધ્યો, અને કહ્યું કે 'હું એક શ્રીમંત સદ્‌ગૃહસ્થને અહીં લઈ આવ્યો છું, અને જો જગ્યાની વ્યવસ્થા નહિ થાય, તો હું તેમને કદી પણ ફરી અહીં લાવી શકીશ નહિ.' સમિતિના સભ્ય તરત આ બે જણને અંદર લઈ ગયા અને બરાબર મુડીની પાસે અને સામે જ જગા કરી આપી.

મૂડી બોલતા ગયા તેમ સ્ટડની આંખો તેમના પર સ્થિર થતી ગઈ. પ્રવચન પૂરું થયા પછી સ્ટડે મિત્રનો હાથ પકડી લીધો અને જણાવ્યું, "હું આ વક્તાને ફરીથી સાંભળીશ. તેમના શબ્દો બધા જ મને લાગુ પડે છે!"

મિત્રો છૂટા પડયા. સ્ટડ પોતાને ઘેર ગયો. તેનું હૃદય પ્રભુ ઈસુ તરફ ઢળવા લાગ્યું. ત્યાર પછી તો તેણે મુડીની ઘણી સભાઓમાં પોતે જ હાજરી આપી. અંતે એક વાર મુડીને અંગત રીતે મળ્યો અને પૂછ્યું, "મિ. મુડી. જો હું ખ્રિસ્તનો સ્વીકાર કરું, તો મારે રેસ કોર્સ, જુગાર, થિયેટરો અને બીજી એવી જ અનેક બાબતોનો ત્યાગ કરવો પડશે?" મુડીએ પ્રેમપૂર્વક જવાબ આપ્યો,

"જ્યાં સુધી આ બધી બાબતોનું ખ્રિસ્તી માણસના જીવનમાં 'વર્ચસ્વ' હોય, ત્યાં સુધી તે "સાચો ખ્રિસ્તી" બની ન શકે. મિ. સ્ટડ, તમારે બાળકો પણ છે. પ્રભુને ન ગમતું જીવન છોડી દેશો, તો તમારા પુત્રો પણ સુખી થશે. ખ્રિસ્ત તમારા હૃદયનાં દ્વાર ખટખટાવી રહ્યો છે. હવે વધુ રાહ ન જોશો."

આ પછી સ્ટડ પોતાને વતન ચાલ્યો ગયો. પોતાનું રેસ કોર્સ, ઘોડા, શિકારી કૂતરા વિગેરે વેચી દીધું. જૂના માર્ગો અને જૂની ટેવો ત્યજી દીધાં. તે "નવો પુરુષ" બની ગયો. તેના પડોશીઓ પણ આ ફેરફાર જોઈ આશ્ચર્ય પામ્યા. તેના પુત્રો રજા ગાળવા પિતાને ત્યાં આવ્યા તેઓ પણ પિતાના જીવનમાં પરિવર્તન થયેલું જોઈ આનંદ સાથે વિસ્મય પામ્યા. સ્ટડે તેના પુત્રોને કહ્યું, 'હવે મેં નવા જીવનમાં પ્રવેશ કર્યો છે.'

પછી તો સ્ટડ પોતાના પુત્રોને પણ મુડીની સભાઓમાં લઈ ગયો. પોતાના નિવાસસ્થાને વારંવાર પ્રાર્થનાસભાઓ યોજતો અને પાળકો તથા જૂના મિત્રોને પણ આમંત્રણ આપતો. પોતાનું શેષ જીવન તેણે પ્રભુ-ઈસુના સાનિધ્યમાં વિતાવ્યું અને શુભસંદેશનો પ્રચાર કર્યો. તેના ખ્રિસ્તમય જીવનના પ્રકાશ વડે કેટલાયે માર્ગભૂલ્યા આત્માઓ અધઃપતનના માર્ગેથી પાછા વળ્યા અને આ સેવામાં તે ખ્રિસ્તના વિજયનો ભાગીદાર બન્યો. આમ 'ગ્રાન્ડ નેશનલ' કરતાંયે અધિક તેણે જીવનનું "શ્રેષ્ઠ પારિતોષિક" હાંસલ કર્યું.

(અંગ્રેજીને આધારે)

□

# સંપૂર્ણતા

સંપૂર્ણ ચારિત્ર્ય-સંપૂર્ણ જીવન, માનવીને શક્ય છે?
કવિના અધૂરા કાવ્યની મધુરતા શી?
શિલ્પીના અપૂર્ણ શિલ્પની મોહકતા શી?
પ્રવાસીની અટકી પડેલી સફરનો શો અર્થ?
લશ્કરની થંભી ગયેલી કૂચનો શો પ્રભાવ!
સંશોધકે ત્યજી દીધેલા સંશોધન કાર્યની ફલશ્રુતિ શી?

સ્થાપત્યનો પ્રેમી સર્વાંગ સંપૂર્ણ ઇમારતનું સર્જન કરી જીવનની સાર્થકતા અનુભવે છે.

સાહિત્યનો ઉપાસક, પોતાની સંપૂર્ણ શ્રેષ્ઠ કૃતિ રચીને જીવન-સાધનાનો આનંદ માણે છે.

શિલ્પી પોતાની સંપૂર્ણ સર્વોત્તમ આકૃતિ કંડારીને ગૌરવભરી સિદ્ધિનો યશભાગી બને છે...

અધૂરી સાધના – અપૂર્ણ પુરુષાર્થ – પરિણામ શૂન્ય. સંપૂર્ણ–નિષ્કલંક ચારિત્ર્ય આધ્યાત્મિક ખ્રિસ્તી જીવનનો આધારસ્તંભ છે.

ઈસુ કહે છે:– "ભટકતો અશુદ્ધ આત્મા મનુષ્યને છોડી જાય છે. ક્યાંયે શાંતિ કે વિશ્રામ પામતો નથી. મૂળ સ્થાને પાછો ફરતાં એ ભૂતપૂર્વ નિવાસને સ્વચ્છ ને વ્યવસ્થિત નિહાળે છે. અને અન્ય આત્માઓની સાથે, એ જીવનને પુનઃઅધોગતિને પંથે લઈ જાય છે–!!" જોખમી અપૂર્ણતાનો જ આ કરુણ અંજામ છે, ખ્રિસ્ત ચારિત્ર્યની સંપૂર્ણતા માગે છે.

સર્વ આજ્ઞાઓનું પાલન કરતા પેલા શ્રીમંત યુવાનને ઈસુએ તેના જીવનનું એક અપૂર્ણ પાસું દર્શાવ્યું : 'સમૃદ્ધિના ત્યાગની ભાવનાનો અભાવ!'

–અને એ યુવાનને હતાશ થઈ ચાલ્યા જવું પડયું.

વિખ્યાત લેખક શ્રી. સેમ્યુઅલ સ્માઈલ્સ કહે છે, કે સંત પૉલના કરીંથીઓને લખેલા પત્રનાં વચનોમાં સંપૂર્ણ ખ્રિસ્તી ચારિત્ર્યના હૂબહૂ દર્શન થાય છે.

–ખ્રિસ્તી ચારિત્ર્યની સંપૂર્ણતાનું કેવું શ્રેષ્ઠતમ સંવિધાન! ઈસુ કહે છે તેમ,

અર્થહીન શબ્દ મલિન દષ્ટિની જેમ
વ્યર્થ અભિમાન કે ઈર્ષાળુ અંતર,
વિચાર અશુદ્ધતા કે શબ્દોની અશ્લીલતા,
અનુકંપાની ઊણપ, ન્યાયની અવગણના કે
સત્યની ઉપેક્ષા……

–અને આવાં અનેક સૂક્ષ્મ છિદ્રો સંપૂર્ણ ખ્રિસ્તી ચારિત્ર્યનું સર્જન અવરોધે છે. ખ્રિસ્તી મનુષ્યની શુભ જણાતી ચારિત્ર્યની સપાટી નીચે આવું કોઈ દૂષણ પરોક્ષ રીતે છુપાયું હશે, તો ઈસુ આંગળી ચીંધીને કહેશે : 'થોભો, હજુ તમે અપૂર્ણ છો.'

કોઈ સંપૂર્ણ નથી.

આ યુગપુરાણું ગીત જગતમાં સંભળાયા કરે છે. પણ–

ઈશ્વરપિતાએ, પોતાની પ્રતિમા અનુસાર મનુષ્યનું સર્જન કરીને અને તેમાં જીવનનો શ્વાસ ફૂંકીને સૃષ્ટિનું સર્જનકાર્ય સંપૂર્ણ કર્યું.

અને પુત્ર ઈસુએ એને માટે જીવનની પરિપૂર્ણતા પ્રાપ્ત કરવાનાં દ્વાર ખોલી નાખ્યાં :–

"તમે તમારા સ્વર્ગમાંના પિતાની જેમ સંપૂર્ણ થશો."

□

# નગરનો અતિથિ

વિશાળ, ભરચક પ્રભુમંદિરમાં છેક પાછળના ભાગમાં બેઠેલી એક ગરીબ, વૃદ્ધ વિધવાએ પોતાનું 'દાન' અર્પણથેલીમાં નાખ્યું. ભજનસેવા પૂરી થતાં સૌ બહાર નીકળીને એક એક સાથે હળીમળીને વિખરાવા લાગ્યાં. લાકડીને ટેકે ચાલતી એ અશક્ત વૃદ્ધા નગરમાં આવેલી પોતાની નાની શી ઝૂંપડીમાં ચાલી ગઈ. 'પોતાની તમામ આજીવિકા અર્પીને!'

પ્રત્યેક રવિવારનો આ તેનો નિત્યક્રમ હતો. પ્રભુમંદિરમાં સુંદર રંગબેરંગી પોષાકોમાં સજ્જ એવાં નરનારીઓને નિહાળીને તેને આનંદ થતો. મંદિર બહાર 'કેમ છો માજી?' એવા યંત્રવત પૂછાયેલા પ્રશ્નો પણ કોઈ વાર કાને પડતાં – વૃદ્ધા સ્મિત વેરીને તેનો મૂક પ્રત્યુત્તર વાળતી.

ઘણા દિવસ વીતી ગયા. એક વાર નગરમાં વાત ચાલી, કે આ નગરની મુલાકાતે મહાન રાજા પધારવાના છે. કોઈ કહેતું; 'જગદુદ્ધારક આવવાના છે.' વળી કોઈ વાત લાવતું, કે કોઈ ચમત્કારિક, દૈવીપુરૂષ આવવાના છે......પણ ક્યાં? કેવી રીતે આવશે? કોઈ જાણતું નથી.

છતાં સ્વાગત માટે ધૂમ તૈયારીઓ ચાલવા લાગી. નગર આખું ધમધમી રહ્યું. નગરના આગેવાનો, સત્તાધારીઓ, વિદ્વાનો, ધર્મધુરંધરો, ધનવાનો, વગેરે પોતાના નિવાસે રાજાનું અભિવાદન કરવા તલપાપડ બન્યા.

આગેવાનો એકત્ર થયા. મસલતો ચાલી. સંસ્થાઓની મીટિંગો મળવા લાગી. સ્વાગત સમિતિઓની રચના થઈ.

નગર આખું નવા શણગાર સજવા લાગ્યું. વિશાળ રાજમાર્ગો સ્વચ્છ બનવા લાગ્યા. બંને બાજુ તોરણો બંધાયાં. શ્રીમંતોના મહેલો જેવા આવાસો સ્વાગતગૃહો સમા બની રહ્યાં. ઝગમગાટ રોશનીનું આયોજન થવા લાગ્યું. મંડપો બંધાયા, સ્વાગતગીતો અને સન્માન-પત્રો તૈયાર થવા લાગ્યાં. રાજા આવશે, અચાનક! સૌ કોઈ વિચારતાં:

"મહાન રાજા આ નગરના અતિથિ બનીને આવી રહ્યા છે."

પણ ક્યારે આવશે, ક્યાંથી આવશે, કેવી રીતે આવશે, તે કોઈને ખબર નથી.

+ + +

એક દિવસે વાત ચાલી કે રાજા આવતી કાલે પધારે છે. દોડધામ મચી ગઈ.

બ્યૂગલો ફૂંકાયાં. ફૂલહારના ઢગલા, મૂલ્યવાન અર્પણો. કીમતી ભેટો. તૈયારીની ધમાલ......શ્રીમંતો, માલેતુજારો, ધનકુબેરો ખુશ ખુશ થઈ ગયા. રાજાને મળવા એમનું આતિથ્ય કરવા થનગની રહ્યા. રાજા કાલે જ આવશે!!

ધમાલભરી રાત્રી વહેવા લાગી: 'શુભદિવસ'ની રાહમાં જાણે રાત પણ ખૂટતી ન હતી!

પ્રાતઃકાળનો પોકાર પડયો. પ્રભાતના કલાકો પણ વહી ચાલ્યા. મધ્યાહ્નનો સૂર્ય પણ તપતો થયો. અને છેવટે, સંધ્યા ઢળી. હજી કોઈ ન આવ્યું! રાત્રી જામવા લાગી. નગરજનોનો ઉત્સાહ પણ ઓસરવા લાગ્યો......ઊભરો શમવા લાગ્યો–મંદ પડયો. આશા નિરાશામાં પલટાઇ ગઈ. સૌ હતાશ થયાં. ક્યારે આવશે? કોણ જાણે!

મેદની વિખરાવા લાગી. રોશનીના દીપકો બુઝાવા લાગ્યા. પુષ્પો વિલાઈ ગયાં. કોલાહલ શમવા લાગ્યો. માર્ગો નિર્જન બનવા

લાગ્યા. મકાનોનાં બારીબારણાં ફટાફટ બંધ થવા લાગ્યાં. આખું નગર નિઃશબ્દ બની ગયું. સૌ નિદ્રાધિન થયાં. ભેંકાર શાંતિ વ્યાપી રહી.

ત્યારે શું ? રાજા નહોતા આવ્યા ?

બીજા દિવસનો સૂર્યોદય થયો. પેલી અશક્ત વૃદ્ધા કોઈ અદમ્ય ઉત્સાહથી સર્વ સમક્ષ પોકારી રહી હતી કે ઈસુ મારે ઘેર આવ્યા હતા!

અને સાચે જ, કોઈને ખબર ન હતી. એ રાજાઓનો રાજા, ઈસુ નાઝારી, નિર્ધન બનીને, જગતનો વિશાળ રાજમાર્ગ છોડીને, પુષ્પોના ગુચ્છ અને હારમાળાઓ ત્યજીને, વધસ્થંભનો કાંટાળો અને કષ્ટમયો પંથ અપનાવીને, દૂર પડેલી પેલી ગરીબ, અશક્ત, નિરાધાર, ઉપેક્ષિત અને અટૂલી વૃદ્ધ વિધવાની પાસે પહોંચ્યો હતો, અને પોતાનાં પ્રેમ, શાંતિ બક્ષીને, ક્યારનોયે નગર છોડી ગયો હતો.

□

# મશહૂર મિશનેરી મોફેટ

દક્ષિણ આફ્રિકાના ખ્યાતનામ મિશનરી રોબર્ટ મોફેટનો જન્મ ૧૭૯૫માં થયો હતો. બાળપણથી જ મોફેટના મન ઉપર મંડળીના પાળકના તથા તેમની માતાના ધાર્મિક શિક્ષણની ઊંડી અસરો પડી હતી. તેમનાં માતા હંમેશાં પુત્રના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરતાં હતાં. રોબર્ટ મોફેટ જીવનપર્યંત આ બંનેના ઋણી બની રહ્યા.

હાઇ લે નામના સ્થળે વેસ્લિયન મેથોડિસ્ટ પંથના અમુક સભ્યોએ ધાર્મિક સભાઓનું આયોજન કર્યું હતું તેમાં ભાગ લેવા યુવાન મોફેટને પણ આમંત્રણ મળ્યું. સભાને સંબોધનાર વક્તાઓને ધ્યાનથી સાંભળ્યા બાદ મોફેટને પોતાની અપૂર્ણતાઓનું ભાન થયું. તેઓ બેચેની અનુભવવા લાગ્યા. પણ લાંબી મૂંઝવણ અને ચિંતન પછી તેઓને ખાતરી થઈ કે ઈસુ વિના પાપોની ક્ષમા કોઈ આપી શકે તેમ નથી. આ પછી તેઓને શાંતિનો આનંદ મળવા લાગ્યો.

મોફેટ હાઈ લેમાં હતા, ત્યારે તેઓને ત્યાંથી છ માઈલ દૂર આવેલા એક ગામની મુલાકાત લેવાની તક મળી. આ ગામમાં તેઓ ગયા ત્યારે ત્યાંનું પ્રકૃતિસૌંદર્ય નિહાળીને તે પ્રભાવિત થયા. કુદરતનાં અદ્‌ભુત દશ્યોમાં મોફેટને ઈશ્વરના મહિમાનો સાક્ષાત્કાર થયો. તેઓ એક નાનકડા વહેળાના પુલ ઉપરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમની દૃષ્ટિ એક મોટા બોર્ડ ઉપર પડી. આ બોર્ડ ઉપર એવી જાહેરાત કરવામાં આવી હતી, કે આ ગામમાં આજે એક 'મિશનરી' સભા રાખવામાં આવી છે, અને મેન્ચેસ્ટરના રેવ. વિલિયમ રોબી તે સભાનું પ્રમુખસ્થાન સંભાળશે. મોફેટ આ પ્રકારની જાહેરાત

પ્રથમ જ વાર જોઈ હતી. અને તેના શબ્દો તેઓ વારંવાર વાંચવા લાગ્યા. આ ક્ષણે તેઓને પોતાની માતાની શિખામણના પ્રેમાળ શબ્દો યાદ આવવા લાગ્યા. ઈશ્વરને ખાતર કાર્ય કરી પોતાનાં જીવનોનું બલિદાન આપનાર મિશનરી સેવકોની જે વાર્તાઓ માતાના મુખેથી સાંભળી હતી, તેનાં સંસ્મરણો આજે અંતરમાં તાજાં થયાં.

અને, પળવારમાં મોફ્ટના હૃદયમાં પ્રશ્ન ઉદભવ્યો, "મિશનરી" કેવી રીતે બની શકાય? અને ત્યાં જ તેમણે મિશનરી બનવાનો મનમાં દૃઢ સંકલ્પ કરી લીધો. નિઃસ્વાર્થ મોફ્ટનું આ જીવનાર્પણ ઈશ્વરપિતાએ સ્વીકાર્યું અને તેઓની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરી.

—અને ત્યાર બાદ મિશનરી તરીકે રોબર્ટ મોફ્ટે દક્ષિણ આફ્રિકામાં જે અમૂલ્ય સેવાઓ આપી, તેનું જગત સાક્ષી છે.

આ મશહૂર મિશનરી, રોબર્ટ મોફ્ટના જીવનનો એક યાદગાર પ્રસંગ અહીં ઉલ્લેખનીય છે.

વર્ષો અગાઉ આફ્રિકાના એક જુલ્મી અને ભયંકર માણસને જીવતો કે મૂએલો લાવીને હાજર કરવા માટે સરકાર તરફથી ૫૦૦ ડૉલરનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. આ માણસ રાક્ષસી શારીરિક બળ ધરાવતો હતો. અને કોઈથી ગાંજ્યો જાય તેવો ન હતો. આસપાસના પ્રદેશનાં સર્વ માનવીઓ પર તેણે પોતાની ધાક બેસાડી દીધી હતી. રોબર્ટ મોફ્ટે નમ્રપણે જાહેર કર્યું, કે આ માનવીને હું સાચા માર્ગ પર લાવીશ. તેમના મિત્રોએ તેઓને આ જોખમ ન ખેડવા સલાહ આપવા માંડી, ત્યારે મોફ્ટે તો દૃઢપણે પ્રત્યુત્તર વાળ્યો, કે "હું સંપૂર્ણપણે સજ્જ છું, અને ઈશ્વરના બળ અને સાનિધ્યને કારણે મને કશો જ ભય નથી."

અને મોફ્ટ ત્યાંથી પેલા માનવીની શોધમાં વિદાય થયા. મહિનાઓ વીતી ગયા. કેપટાઉનમાંના મિત્રોએ ધારી લીધું, કે હવે તો મોફ્ટ આ જગતમાં નહિ હોય. પણ એક દિવસ અચાનક, તેઓ

જાણે અરણ્યમાંથી નીકળી આવ્યા અને પેલો માથાભારે માણસ, નમ્ર ઘેટા જેવો બનીને મોફેટની પડખે ચાલતો હતો! આ દૃશ્ય નિહાળીને સૌ કોઈ આશ્ચર્યથી દિગ્મૂઢ બની ગયા.

આ પછી તો તે શખ્સ નવું જીવન જીવવા લાગ્યો, અને યોગ્ય સમયે તેણે પોતાનું જીવન ઈસુ ખ્રિસ્તને સમર્પી દીધું, અને મોફેટને ફાળે આવેલું પેલું ૫૦૦ ડોલરનું ઇનામ પણ તેઓએ પોતાના નવા મિત્રને અર્પણ કરી દીધું–તેના ભાવિ જીવનના આયોજન માટે.

અને અંતે, આ પ્રમાણે ૬૫ વર્ષની અવિરત સેવાઓમાં પોતાનું સમગ્ર જીવન નિચોવી દઈને, આ મશહૂર મિશનરી રોબર્ટ મોફેટે પોતાના પ્રિય સ્થળ હાઇલેમાં જ ૮૮ વર્ષની જૈફ વયે જીવનનો અંતિમ શ્વાસ લીધો.

(અંગ્રેજીના આધારે)

□

# મૂક પ્રાણીની દુઃખ–ગાથા

મારું નામ ગધેડું–તમને કદાચ ગમે કે ન ગમે, પણ દુનિયા એ નામથી મને બિરદાવે છે, નવાજે છે!

મારું નામ મને તો ગમે છે. ભલે એ નામનું પૃથક્કરણ શબ્દકોશમાં ગમે તે હોય. ઘણી યે વાર જગતમાં મારી હાંસી ઉડાવાય છે, ઠેકડી કરવામાં આવે છે. મૂર્ખ, હઠીલું, ધીમું, એવાં વિશેષણો મારે માટે વપરાય છે. તોફાની કિશોરોને હું ભેટી જાઉં, તો મારું આવી જ બને છે, મારી બંને આંખો પર પાટા બાંધી મને એ લોકો ભગાડી મૂકે, ત્યારે મારી કેવી દશા થતી હશે? અને વળી તેમાંથી એ કિશોરોને આનંદ મળે! હું માનું છું કે હું બદનામ-થવાને લાયક નથી, મારી બદનક્ષી થાય એવું મારું વર્તન નથી.

પણ જગતના મારા પ્રત્યેના વલણે જ એવા ભાવ ઉત્પન્ન કર્યા છે. પવિત્ર બાઇબલે મને કેવો સુંદર ન્યાય આપ્યો છે! "બળવાન, નિરૂપદ્રવી, ધૈર્યવાન અને ક્ષમાવાન પ્રાણી!" મારો કોઈ દોષ હોય, તો તે મારી ગુલામીનું બંધન છે. મારા પાળક અને મારા માલિક એવા મનુષ્ય દ્વારા જ એ મારા પર લાદવામાં આવ્યું છે. મારા પ્રત્યે સહાનુભૂતિપૂર્વક જોવામાં આવે, તો જગતના લોકોને જરૂર મારા પ્રત્યે આદરભાવ ઉત્પન્ન થાય. હું નમ્રતાપૂર્વક જણાવું, કે

- પવિત્ર બાઇબલમાં ૧૫૦થી વધુ વાર મારો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- ન્યાયી પુરુષ અયૂબની પાસે ૫૦૦ કરતાં વધુ ગધેડાં હતાં.
- શ્વેત ગધેડા પર સવારી કરવી, તે સન્માન અને ગૌરવની નિશાની છે.

• પવિત્ર બાઈબલના જમાનામાં ઉચ્ચ સત્તાધિકારીઓ અને અગ્રગણ્ય માનવીઓ ગધેડા પર જ પ્રવાસ કરવાનું પસંદ કરતા, કારણ કે તેઓ માનતા, કે કપરા માર્ગો પણ અમે ત્વરાથી કાપી નાખીએ છીએ. ઉપરાંત તેઓની મુસાફરી શાંતિપૂર્ણ સુખદ અને સરળ બને છે.

આમ જગત ધારે છે એટલાં ગધેડાં મૂર્ખ અને જિદ્દી નથી હોતાં. ઉપરથી ભલે મૂર્ખ પશુ જેવાં દેખાઈએ, પણ વાસ્તવમાં તેમ નથી.

ખુદ પ્રભુ ઈસુને, મારી જરૂર પડતાં પોતાના બે શિષ્યોને મને લેવા માટે મોકલ્યા હતા.

આમ તો હું 'બોજો' વહન કરનારું, નમ્ર અને ગરીબ પશુ છું. છતાં ખુદ પ્રભુએ મારા પર પસંદગીનો કળશ ઢોળ્યો !

યરુશાલેમનો માનવમહેરામણ તે સમયે રાજાનું અભિવાદન કરવા ઉમટી પડયો. એ સમયે રાજા કોઈ શાહી અશ્વ પર બિરાજ્યા નહોતા એ સ્થાન તો મને જ મળ્યું હતું.

આ બનાવને આકસ્મિક કેમ ગણાવી શકાય ? પ્રભુના જ શબ્દો જુઓ : 'કોઈ પૂછે તો કહેજો, કે પ્રભુને એની જરૂર છે.' હું તો પોતાને ધન્ય ધન્ય માનું છું !

ખરેખર, ઈસુ મારા સર્જનહાર હતા.

જ્યારે મેં તેમને પ્રથમ નિહાળ્યા, ત્યારે મને થયેલું કે આ કોઈ સામાન્ય પુરુષ છે. પણ અનુભવે મને સમજાયું, કે તેમનામાં કંઈક અસાધારણ હતું. માર્ગોમાં પથરાયેલા રંગબેરંગી પોશાકો અને લીલીછમ ખજૂરીનાં પાથરણાં પર મેં પગલાં માંડયાં. મને લાગ્યું કે મારા પર સવાર થયેલા ઈસુ મને ઓછામાં ઓછું વજન લાગે તે રીતે બેઠા હતા. પ્રભુ ઈસુના દેહનો બોજો મારે ઉપાડવાનો હતો.

જીવનમાં પ્રથમવાર મને ખાતરી થઈ, કે જે ઉદ્દેશ સારુ મારું સર્જન કરવામાં આવ્યું હતું, તે આજે સિદ્ધ થઈ રહ્યો છે...

યરુશાલેમનાં નર નારીઓના જયઘોષ ચાલુ જ હતા. તે સાંભળતા મારા કાન ટટાર થયા. મને અપ્રતિમ ગૌરવ અને મહિમાની ઝાંખી થઈ. કારણ એટલું જ હતું કે,

"મારા રાજાના સાનિધ્યમાં મારું સ્થાન સલામત હતું. મારા પર તેમનો સંપૂર્ણ અંકુશ હતો."

આ પછી તો, અવનવી ઘટનાઓ યરુશાલેમમાં બની ગઈ. હૃદયદ્રાવક પ્રસંગોની કહાણીઓ મારે કાને અથડાવા લાગી. મને પારાવાર દુઃખ થયું.

મારા રાજા અસહ્ય કષ્ટો વેઠતા હતા. તેમનાં દુઃખોનો બોજો મારી પીઠ પર ઉઠાવી લેવાતું અત્યારે મારે માટે શક્ય ન હતું.

અપમાન, ઠઠ્ઠામશ્કરી, કોરડાનો માર, કાંટાળો મુગટ–સમગ્ર વાતાવરણમાં પડતા આ યાતનાઓના પડઘા મને ધ્રુજાવી ગયા.

અંતે, મેં મારા પ્રભુને કાષ્ટનો ભારેખમ વધસ્તંભ ખભા પર લઈને કાલવરી તરફ જતાં જોયા. યરુશાલેમમાં વિજયવંત પ્રવેશ કરેલો તે દિન યાદ આવતાં મારી આંખમાંથી આંસુ સરી પડ્યાં. મને આ દૃશ્ય જોતાં લાગ્યું કે આ તો મારી જ પવિત્ર ફરજ હતી. પ્રભુનો બોજો વહન કરવા મારું સર્જન કરવામાં આવ્યું છે.

અત્યારે જ પ્રભુને મારી જરૂર છે. એમ હું વિચારું, ન વિચારું ત્યાં તો ક્રૂર સતાધિશો એમને ઘેરી વળ્યા.–કોરડા વિંઝાવા શરૂ થયા... માનવોના માથા ઉપર થઈને ક્વચિત ડોકાતો થંભની ટોચનો ભાગ. ધીરે ધીરે આગળ વધવા લાગ્યો...વેદના સાથે.

(અંગ્રેજી પર આધારિત)

□

# પ્રભુતામાં પગલાં

યુવક ચાલ્યો જતો હતો. એકલ પ્રવાસી જેવો.

આસપાસ કોઈ નહોતું.

મુખ પર સહજ વિષાદની છાયા હતી.

સફરમાં એકલતા હતી.

નિર્જનતા હતી.

ગમગીન શાંતિ હતી.

એકલપંથી યુવકે થોડી મજલ કાપી, ત્યાં સામે જ એક આશ્ચર્યકારક દૃશ્ય નિહાળ્યું, એક અટૂલી યુવતી માર્ગમાં ઊભી હતી. શિષ્ટ અને સ્નેહાળ! યુવાને એની સામે દૃષ્ટિ કરી. યુવતીએ પણ મૃદુતાથી નયનો ઊંચક્યાં, અને ઢાળી દીધાં...એના વદન પર ન સમજાય તેવું સ્મિત હતું. યુવાન જરા થોભ્યો, જરા ખચકાયો, મુંઝાયો. છેવટે આગળ વધ્યો. એના એકાકી પંથે...

એક વૃક્ષની ડાળી પર બે પંખી બેઠાં હતાં. સાથે સાથે–એક-મેકની સોડમાં. યુવાને ત્યાં મીંટ માંડી. વિમાસણમાં પડીને એ આગળ ચાલ્યો. માર્ગની બાજુએ એક ઇમારત હતી. ઇમારતની ભારે કમાનના આધાર સમા બે સ્થંભોમાંનો એક સ્તંભ નમી પડ્યો હતો, અને કમાન એને વળગી રહી હતી.

અને એક 'કારીગર' આ સ્તંભનું 'સમાધાન' શોધી રહ્યો હતો. યુવાને આ જોયું, કંઈક વિચાર્યું અને આગળ ધપ્યો...

–માર્ગમાં એક રાજવીના રથનું એક 'વ્હીલ' નીકળી ગયું હતું, અને એની પણ મરામત ચાલતી હતી. યુવાનના મનમાં મંથન જાગ્યું : એક રથનાં બે વ્હીલ–એક ભાંગી પડે તે કેમ ચાલે? પ્રશ્નોથી ઘેરાયેલું મન લઈ તે આગળ વધ્યો, પણ એને એકાએક યાદ આવ્યું, કે પોતે 'એકલો' પંથ કાપી રહ્યો છે. માર્ગ સૂનો લાગ્યો. હૃદય વિહ્વળ બન્યું.

અચાનક, ઈશ્વરપિતાએ સર્જેલા પ્રથમ માનવની એકલતા એને યાદ આવી.

જીવંત પુસ્તકનાં વચનોનું એને સ્મરણ થયું.

"માનવી એકલો જીવે, તે યોગ્ય નથી."

પ્રથમ પુરુષને પ્રભુએ પોતે જીવનસહચરી આપી.

–અને યુવક એકાએક પાછો ફર્યો. આવ્યો હતો તે જ દિશામાં પગલાં વાળ્યાં. ત્વરિત ગતિએ.

આ ભાંગેલા વ્હીલવાળા રથની જગ્યા...પણ રથ નહોતો.

આ ભાંગેલા સ્તંભવાળી ઇમારત હવે તો એ બે પીલરોને સહારે, જાણે ઇમારતનું જીવન નભી રહ્યું હતું!

અને પેલા તરુવરની ડાળે પેલું પંખીયુગલ પણ ન હતું.

એ તો એમના જીવનાકાશમાં ચકરાવો લઈ રહ્યાં હતાં–જીવનનું સંગીત રેલાવતાં–એકમેકના સંગાથમાં. યુવક આગળ વધ્યો–એની ગતિ વધુ ચપળ બની. અને હવે, અહીં એની સૂની સફર પૂરી થતી લાગી.

–પેલી એકાકી તરુણી મૃદુ પગલે આ તરફ આવી રહી હતી! એ નજીક ગયો. બંનેની દૃષ્ટિ મળી. અંતરે અંતરની ઝંખના પિછાણી લીધી...તરુણીએ સસ્મિત હાથ લંબાવ્યો, અને યુવાને એને સહારો દીધો.

અરસપરસના પવિત્ર સંગાથમાં,

વફાદારી અને નિઃસ્વાર્થ પ્રેમના પુનિત બંધનમાં બંને એકમેકને અર્પાઈ ચૂક્યાં, જીવનના આદર્શ સહવાસીઓ બનવા.

અને એક મંગળવારના મંગળ દિને,

પ્રભુમંદિરનો મધુરો ઘંટ રણકી ઊઠયો.

□

# ‘ મૂક વાચા ’

( એક કલ્પના ચિત્ર )

એક સમયે, પુરાતન કાળમાં લાકડાની બનેલી સંખ્યાબંધ વસ્તુઓનું એક સંમેલન મળ્યું હતું. આ મેળામાં પ્રત્યેક વસ્તુએ પોતાના જ ગુણગાન ગાવાં શરુ કર્યાં. આત્મપ્રશંસાના ઘોંઘાટમાં વિવિધ પ્રકારના સૂરો સંભળાતા હતા. એક પ્રકારની સ્પર્ધા ચાલી હતી. સૌ પ્રથમ લાકડાની ખુરશી ગરજી ઊઠી :

“ જગતમાં જ્યાં જુઓ ત્યાં મારું સન્માન વધુ થાય છે જગતની મોભાદાર વ્યક્તિઓ, રાજા–મહારાજાઓ, શહેનશાહો, સમ્રાટો, સત્તાધીશો વગેરે મારા પર બિરાજે છે. મારા પર બેસનારનું મૂલ્ય મારે લીધે ખૂબ જ વધી જાય છે. દુનિયામાં મારે ખાતર પડાપડી થાય છે. ખેંચતાણ થાય છે, લખલૂટ નાણાં વેરવામાં આવે છે. ઑફિસો, સંસ્થાઓ, બંગલાઓ, મેળાવડાઓ, સંમેલનો તથા સભાઓમાં હું જ મોખરે હોઉં છું અને મને જ સર્વ માન–મરતબો મળે છે...”

પાસે જ પડેલું મેજ પોકારી ઊઠ્યું “ખુરશીની આપવડાઈ તમે સાંભળી, પણ મારા સિવાય તેની શોભા અધૂરી જ છે. ખુરશી પાસે મારું જ સ્થાન નિશ્ચિત છે. ઑફિસોમાં મારું સ્થાન અનોખું છે. નાના કર્મચારીઓથી માંડીને મહામોટા અધિકારીઓ મારા પર જ મહત્ત્વનાં કાર્યો પતાવે છે. મારી જાતને પૉલીશ કરીને સુશોભિત અને આકર્ષક રાખવામાં આવે છે. વળી મારા પર ગોઠવવામાં આવતી રંગબેરંગી સુંદર ચીજોથી હું શોભી ઊઠું છું. મારા વડે કાર્ય કરનારની કિંમત ઊંચી અંકાય છે ..

ત્યાં તો લાકડાનું કબાટ બૂમ પાડી ઊઠ્યું : જુઓ, મારો દેખાવ કેટલો સપ્રમાણ અને સોહામણો છે! ચકચકિત સપાટી, સુશોભિત અરીસો, કલાત્મક કોતરણી વિગેરેથી મારું રૂપ ઓર ખીલી ઊઠે છે. વળી શોખીન નરનારીઓના સુંદર પોશાકો, તેમ જ તેઓના

કીમતી દાગીના તથા પુસ્તકોની સાચવણી પણ હું જ કરું છું. માનવીનાં નિવાસસ્થાનોમાં તમામ વસ્તુઓ વચ્ચે હું સૌથી વધુ શોભી ઊઠું છું. લોકો ભારે કિંમત ચૂકવીને મને ખરીદે છે......"

ખૂણામાં ઊભેલી એક લાકડીએ શોર ચલાવ્યો : "સાંભળો, મારાથી બધા ડરે છે. હું શિક્ષકના હાથમાં હોઉં, તો વિદ્યાર્થીઓ બીએ છે. મારી તરફ જોતાં પ્રાણીઓ ભાગી જાય છે. ઝેરી જીવ-જંતુઓનો પણ હું જ નાશ કરી માનવીઓના જીવને બચાવું છું..."

વળી, વચમાં જ દીવાલનો ટેકો લઈને ઊભેલી લાકડાની ઘોડીના શબ્દો સંભળાયા : "જગતમાં મારી સેવા અજોડ છે. અપંગ માનવી મારી સહાયથી જ ચાલી શકે છે. તેઓને જ્યાં જવું હોય ત્યાં મારી મદદ-મારો ટેકો લઈને જ જઈ શકે છે. હું પરોપકારી અને પરગજુ છું."

આ કોલાહલમાં નાની, અને હલકી ચીજોએ પણ પોતાનો સૂર પુરાવવા પ્રયત્ન કર્યો, પણ કોઈએ તેઓનું સાંભળ્યું નહિ-સાંભળવા દરકાર પણ ન કરી આત્મપ્રશંસાની છોળો ઉડાડતું આ 'નાટક' લાંબું ચાલત, પણ અચાનક એક ખૂણામાંથી એક વેદનાપૂર્ણ ઉદ્ગાર સંભળાયો, અને સર્વની દૃષ્ટિ એક સાથે તે તરફ વળી.

દૂર ઊભેલો-એકલો-અટૂલો, લાકડાનો જૂનો-પુરાણો, ખરબચડી સપાટીવાળો લાકડાનો ક્રોસ દૃષ્ટિગોચર થયો. સર્વની નજર તેના ઉપર ઠરી રહી પણ એ કોઈ પ્રકારની સ્વપ્રશંસા કરવા માગતો હોય એમ લાગ્યું નહિ. તેના મુખમાંથી કોઈ શબ્દ નીકળ્યો નહિ

માત્ર એ ક્રોસની ઉપર-નીચે, એક નિર્દોષ અને નિષ્કલંક પુરુષના હાથપગ સોંસરા, ક્રૂરતાથી ઠોકેલા અણિયાળા ખીલાઓની અંકિત થયેલી નિશાનીઓ, તથા અહીંતહીં દૃષ્ટિમાન થતી રક્તની સુકાયેલી ધારાઓમાંથી પ્રગટતી મૂક વાચા, નિઃસ્વાર્થ બલિદાનનો દિવ્ય સંદેશ પ્રસરાવી રહી હતી.

□

# ક્રિકેટરનો હૃદયપલ્ટો

હમણાં ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમ ભારતનો પ્રવાસ ખેડી રહી છે, કેપ્ટન ટૉનીગ્રેગની આગેવાની હેઠળ આવેલી આ ટીમમાં ઈંગ્લેન્ડના ચુનંદા ખેલાડીઓ છે. આપણી ભારતીય ટીમ કેપ્ટન બિશનસિંગ બેદીની સરદારી નીચે ટેસ્ટ–જંગ ખેલી રહી છે. જો કે પહેલી બે ટેસ્ટમેચોમાં ભારતની ટીમને પરાજય મળ્યો છે. પરંતુ હવે પછી આપણી ટીમ સારો દેખાવ કરી વિજય મેળવશે, એવી અપેક્ષા સૌ કોઈ રાખે છે.

ક્રિકેટ અંગેની આ બાબતનો ઉલ્લેખ એટલા માટે કર્યો, કે જે વ્યક્તિના હૃદય પરિવર્તનની આ કહાણી છે, તે કેમ્બ્રિજનો એક અચ્છો ક્રિકેટ ખેલાડી હતો. સોળ વર્ષની ઉંમરે તેણે ઉચ્ચકક્ષાની મેચો રમવાની શરૂઆત કરી. બહુ જ ટૂંકા સમયમાં તેણે એક હજાર રન પૂરા કર્યા અને સો ઉપરાંત વિકેટો પણ ઝડપી.

ગયા વર્ષના ઑક્ટોબર માસના 'ખ્રિસ્તીબંધુ'માં જે એડવર્ડ સ્ટડની કથા આલેખવામાં આવી છે, તે જ એડવર્ડનો એ પુત્ર થાય. તેનું નામ ચાર્લ્સ ઈ. સ્ટડ. એડવર્ડના બધા જ પુત્રોએ મુડીનાં પ્રવચનો સાંભળ્યાં હતાં. પરંતુ ચાર્લ્સ ઉપર તેની ઘેરી અસર થઈ.

મુડીએ ચાર્લ્સને સીધો પ્રશ્ન પૂછ્યો હતો. – 'શું તમે ખરા ખ્રિસ્તી છો?' યુવાન ચાર્લ્સ આ પ્રશ્ન સાંભળીને સ્તબ્ધ બની ગયો. બેશક તે પ્રભુ ઈસુને ચાહતો હતો અને સ્થાનિક મંડળી સાથે સંબંધ પણ ધરાવતો હતો, છતાં મુડીના આ પ્રશ્નોનો ઉત્તર વાળવા તે અસમર્થ હતો. મુડીએ આગળ પૂછ્યુ : "ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર બલિદાન આપ્યું એ તમે માનો છો?" જવાબ મળ્યો, કે "હા."

"તમે માનો છો, કે ઈસુએ તમારે માટે વધસ્તંભ પર બલિદાન આપ્યું ?" મુડીના આ બીજા પ્રશ્નનો પ્રત્યુત્તર પણ હકારમાં મળ્યો, પણ ત્રીજા સવાલનો જવાબ ચાર્લ્સ આપી ન શક્યો. તે પ્રશ્ન હતો : "તમે શાશ્વત જીવન પામ્યા છો ?"

મુડી ચાલ્યા ગયા. ચાર્લ્સ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયો. થોડા દિવસ પછી તેનો ભાઈ જ્યોર્જ માંદો પડયો. તેની પથારી પાસે ચાર્લ્સ ખિન્ન વદને બેસી રહ્યો હતો. તેને ખબર હતી, કે જ્યોર્જની માંદગી ગંભીર પ્રકારની હતી. જ્યોર્જ ધાર્મિક વૃત્તિનો હતો. માંદગીની શરૂઆતે તેણે સૂચન કર્યું હતું, કે પવિત્ર બાઈબલ તેની પથારી પાસે જ રાખવું. જેથી તે ગમે ત્યારે વાંચી શકે. ચાર્લ્સને ભય લાગ્યા કરતો હતો, કે જ્યોર્જ ગમે તે ક્ષણે અચાનક મૃત્યુ પામશે. આ બીકમાં તેને 'શાશ્વત જીવન' એ શબ્દો ફરી યાદ આવ્યા. બેભાન અવસ્થામાં જ્યોર્જ કોઈ વાર બબડતો, કે 'બાઈબલ અને ઈસુ બંને મારી સાથે છે.'

આશ્ચર્યજનક કહી શકાય તેવી રીતે જ્યોર્જની સ્થિતિ સુધરવા લાગી. તે ઝડપથી પૂર્વવત્ શારીરિક બળ પ્રાપ્ત કરતો ગયો. ચાર્લ્સ પોતાના ભાઈની શ્રદ્ધા જોઈને પણ પ્રભાવિત થયો અને ઈસુને તેણે તે જ પળે જીવનદાતા તરીકે સ્વીકાર્યો. પ્રભુ ઈસુ ઉપરનો પોતાનો પ્રેમ અને વિશ્વાસ તેણે અન્ય મિત્રો સમક્ષ પણ પ્રગટ કર્યા. ત્યાર પછી ચાર્લ્સે જગતમાં પ્રભુનો શુભસંદેશ ફેલાવવા નીકળી પડવાનો નિર્ધાર જાહેર કર્યો. બસ. પછી તો એ જ એનું જીવનધ્યેય બની રહ્યું. પ્રભુ ઈસુને તેણે પોતાનું જીવન સમર્પી દીધું.

□

# શ્રદ્ધા–ક્ષમા-મુક્તિ

અમેરિકાના એક લશ્કરી ઑફિસર, મેજર વ્હીટલે પોતાના જીવનમાં મહાપરિવર્તન લાવનારી આશ્ચર્યકારક ઘટનાઓનું હૃદયદ્રાવક બયાન નીચે પ્રમાણે કર્યું છે :

"યુદ્ધ ફાટી નીકળતાં હું મારું ન્યુ ઈંગ્લેન્ડમાંનું વતન છોડીને વર્જીનિયા આવી પહોંચ્યો. હું મેસેચ્યુસેટ્ટસ રેજીમેન્ટમાં લેફ્ટેનંટના હોદ્દા ઉપર હતો. મારી માતા ખૂબ પ્રેમાળ, ધાર્મિક અને આદર્શ ખ્રિસ્તી મહિલા હતી. વર્જીનિયા જતી વેળાએ મારે માટે બધું જ તૈયાર કર્યા પછી મારા "સૈનિક થેલામાં" તે નવા કરારની એક પ્રત મૂકવાનું ભૂલી ન હતી.

યુદ્ધકાળ દરમિયાન હું ઘણા જ કપરા અનુભવોમાંથી પસાર થયો. હાથોહાથનું ખૂનખાર યુદ્ધ ખેલાયું અને હું જખ્મી થઈને ધરતી પર ઢળી પડયો. મારા હાથને ગંભીર ઇજા પહોંચી હતી. તત્કાળ લશ્કરી હૉસ્પિટલમાં મને દાખલ કરવામાં આવ્યો અને ઑપરેશન કરવામાં આવ્યું. મારો હાથ કાપી નાખવામાં આવ્યો. હું પોતે ખૂબ દુઃખી હતો. ધીરે ધીરે મારી સ્થિતિ સુધરવા લાગી અને થોડા દિવસો પછી હું સંપૂર્ણ સ્વસ્થ બની ગયો. મને કંઈક વાંચવાની ઇચ્છા થઈ આવી. પેલું મારી માતાએ આપેલું નવા કરારનું પુસ્તક મને યાદ આવ્યું. મેં તે કાઢીને વાંચવાનું શરૂ કર્યું. મેં અગાઉ પણ આ પુસ્તકમાંથી વાચન કર્યું હતું પણ આ સમયે આ વચનો દ્વારા મને અકથ્ય આનંદ મળવા લાગ્યો. મેં એ વખત પુસ્તક પૂરું વાંચી નાખ્યું. જો કે મારા મનમાં તો એમ હતું, કે

હું સાચું ખ્રિસ્તી જીવન જીવતો નથી. મારી માતાને ઈસુ ખ્રિસ્ત પર આટલી ઊંડી શ્રદ્ધા કેમ હતી, તે મને હવે સમજાવા લાગ્યું.

પરંતુ મારા પોતાના જીવનમાં કોઈ નિશ્ચિત ધ્યેય ન હતું. ખ્રિસ્તી જીવનના ઉચ્ચ આદર્શો વિષે મેં કદી પણ ગંભીરતાથી વિચાર્યું ન હતું. એક વખતે એક મધ્યરાત્રીએ નર્સે મને નિદ્રામાંથી જગાડી કહ્યું, કે 'આજ વોર્ડની છેલ્લી પથારીમાં એક નવયુવાનને રાખવામાં આવ્યો છે. જો કે તે ઘણો માંદો છે પરંતુ તેની માનસિક સ્થિતિ વધુ દયાજનક છે. તેને પોતાને ડર લાગ્યા કરે છે, કે તે કોઈ પણ પળે મૃત્યુ પામશે. તે મને જણાવે છે, કે તેને માટે કોઈએ અવશ્ય અત્યારે જ, પ્રાર્થના કરવી જોઈએ આથી તેને આત્મસંતોષ થશે.'

નર્સે મને નવો કરાર વાંચતા જોયો હશે, તેથી જ તેણે મને આવી વિનંતિ કરી હશે, એમ મને લાગ્યું. મેં કોઈ બીમાર વ્યક્તિની પાસે તેને માટે પ્રાર્થના કરી હોય એવું અગાઉ કદી બન્યું નહતું. છતાં કોઈ અગમ્ય પ્રેરણાથી હું પ્રયત્ન કરીને ઊઠયો અને ધીમે ધીમે ચાલીને તે યુવાન પાસે ગયો. યુવાનની આંખો બંધ હતી. મેં તેને સ્પર્શ કર્યો એટલે તેણે ધીરેથી આંખો ઉઘાડીને મારી સામે દૃષ્ટિ કરી. તેના મુખ પરની અકથ્ય વેદના હું વાંચી શકયો, તેણે મને મુશ્કેલીથી બોલીને જણાવ્યું, કે 'તે નવોસવો લશ્કરમાં જોડાયો હતો. તેનાં માતાપિતા બંને-મંડળીનાં આદર્શ સેવકો હતાં. તે પોતે પણ ધાર્મિક સભાઓમાં જતો પણ આગળ જતાં કુમાર્ગે ચઢી જઈને દુરાચારી બની ગયો...વળી થોડીવાર અટકી જઈને તેણે કહ્યું, કે હું મૃત્યુ પામીશ તો શું પ્રભુ મને માફ કરશે? મારાં દુષ્કૃત્યોની ક્ષમા આપશે?' મેં તેનો હાથ મારા હાથમાં લીધો. માથું નમાવીને હું ઘૂંટણે પડયો અને મારી આંખો બંધ કરી તે યુવાનને માટે મારા હૃદયમાં અનુકંપા જાગી અને પૂરી શ્રદ્ધાથી મેં તેને માટે ભાંગ્યાતૂટ્યા શબ્દોમાં પ્રાર્થના કરી.

થોડી શાંત પળો પસાર થયા પછી મેં તે યુવાનનો હાથ હળવે રહીને પથારીમાં પાછો મૂકયો. સોનેરી જુલ્ફાંવાળો આ સુંદર યુવાન જાણે અપૂર્વ શાંતિમાં ઊંઘતો હોય એવા ભાવો તેના મુખ ઉપર અંકિત થયા હતા. નર્સ તેની પાસે આવી. થોડી જ વાર પછી તેણે મને જણાવ્યું, કે તે મૃત્યુ પામ્યો છે. પ્રભુ ઈસુએ તેનાં તમામ પાપોની ક્ષમા તેને આપી દીધી છે, એવી સંપૂર્ણ ખાતરી સહિત તેણે જીવનનો અંતિમ શ્વાસ લીધો.

અંતમાં મેજર વ્હીટલ જણાવે છે, કે "આજે આ પ્રસંગને વર્ષો વીતી ગયાં છે. છતાં મારા પોતાના જીવનની અંતિમ ક્ષણ સુધી આ યુવાનની અખૂટ આત્મશ્રદ્ધા મને આધ્યાત્મિક બળ આપ્યા કરશે."

(અંગ્રેજી પરથી આધારિત)

□

# પ્રસ્થાન ...

દિવસો પર દિવસો વહી ગયા.
અંધકાર વેરાનમાંથી તેજની ક્ષિતિજો ભણી,
મારા જીવનના સ્વામી સંમુખ
ઉપસ્થિત થવા,
બે કર જોડી પિતાના સાનિધ્યને માણવા
આજે હું તો ચાલી નકળ્યો છું.
પિતાએ સર્જેલા આકાશ નીચેથી
જગતના શોરબકોરથી દૂર, પ્રગાઢ શાંતિમાં.
નમ્ર હૃદય ધારણ કરીને,
પિતાના સામ્રાજ્યમાં સ્થાન લેવા
આજે હું ચાલી નીકળ્યો છું.
પરિશ્રમ અને થાકથી ભરપૂર
આ કઠિન જગતમાંથી,
ઉતાવળા ને બ્હાવરા માનવોની વચમાંથી
પિતાની તાજગીભરી હૂંફમાં વિશ્રાંતિ પામવા
આજે હું ચાલી નીકળ્યો છું.
જગતમાંનું મારું કામ પૂરું થયું.
ધરતી પરની મારી યાત્રા પૂરી થઈ.
હું એકાકી અને વાણી રહિત,
જૂની પગદંડી પૂરી કરીને નવીનયાત્રાએ

આજે હું ચાલી નીકળ્યો છું.
પાછળ પગલાંની હાર જોવી નથી.
જૂની દિશાઓ ઉવેખવી નથી.
જૂની વાટડીઓ હવે ઝાલવી નથી.
હવે તો,
સનાતનની સંગાથે વસવું છે,
અનંતના ખોળા ખૂંદવા છે.
પુનરુત્થાનની પ્રભાતનાં ચોઘડિયાં વાગે,
ત્યાં સુધી. *

□

* એક અંગ્રેજી કાવ્ય પરથી સૂચિત

24BGP2